દૈનિક

# મુંબઈ સમાચાર

સૌરાષ્ટ્ર આવૃત્તિ

૨૦૫ વર્ષ

R.N.I. No. GUJ GUJ/2013/58486

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૫ ■ Volume 69 ■ Issue 58 ■ વિક્રમ સંવત ૨૦૮૨

ફાલ્ગુન વદ - ૮ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 11 March 2026, Wednesday ■ REGD.No. MCS/058/2018-20

બુધવાર, ૧૧ માર્ચ ૨૦૨૬, કિંમત ₹ ૧૦.૦૦

ઈન્ટરવલ પૂર્તિ

LIKE & FOLLOW: /Mumbaisamachar4u


# ગૅસ કટોકટી

# ૨૦ ટકા હૉટેલ બંધ, હજી ૫૦ ટકાના ૪૮ કલાકમાં શટર પડશે

▸ એલપીજી ઉત્પાદનને અગ્રક્રમ આપવાનો સરકારનો નિર્ણય ▸ ગુજરાત સહિતના ઘણાં રાજ્યોએ નિયંત્રણ મૂક્યાં
▸ મોરબીનો સિરૅમિક ઉદ્યોગ લગભગ બંધ ▸ કમર્શિયલ ગૅસની અછતને લીધે અનેક રેસ્ટૉરાં મુશ્કેલીમાં

**ગૅસ-ટ્રબલઃ** લખનઊમાં ગઈ કાલે એલપીજી સિલિન્ડર લેવા માટેની કતારમાં ઊભા રહેલા લોકો. (એજન્સી)



નવી દિલ્હીઃ અખાતના દેશોમાં ચાલી રહેલા યુદ્ધને લીધે દેશભરમાં ગૅસની ભારે અછત સર્જાઇ છે. ગુજરાત સહિતના અનેક રાજ્યે ગૅસના ઔદ્યોગિક વપરાશ પર નિયંત્રણ મૂક્યા છે. રાંધણગૅસના પુરવઠામાં સુધારો નહિ થાય તો મુંબઈની અનેક હૉટેલ, રેસ્ટૉરાં બે દિવસમાં બંધ કરવી પડશે. ગુજરાતના મોરબીમાંના આશરે ૧૦૦ સિરૅમિક મેન્યુફેક્ચરિંગ યુનિટ ગૅસ પુરવઠાની અછતને લીધે બંધ થઇ ગયા છે. કમર્શિયલ ગૅસની અછતને લીધે અનેક રાજ્યની રેસ્ટોરાં મુશ્કેલીમાં મુકાઇ ગઇ છે. કેટલાક રાજ્યની હૉટેલ અને રેસ્ટોરાંમાં માત્ર એકાદ બે દિવસનો કમર્શિયલ ગૅસ ઉપલબ્ધ હોવાનું કહેવાય છે. સરકાર વાહનોના ઇંધણ તરીકે વપરાતા સીએનજી અને રાંધણગૅસ - એલપીજી તેમ જ પાઇપ્ડ કુકિંગ ગૅસ (પીએનજી)નો પુરવઠો અવિરત ચાલુ રહે તે માટે પેટ્રોકૅમિકલ્સ જેવાં ક્ષેત્રોમાંના ગૅસના પુરવઠામાં કાપ મૂક્યો છે. રાંધણગૅસના ભાવમાં પણ વધારો કરવાની ફરજ પડી છે. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને ઘરઆંગણે ઉત્પાદિત કુદરતી ગૅસનો પુરવઠો એલપીજીનો ઉપયોગ કરતા ઘરો અને અન્ય એકમોને અગ્રક્રમે કરવામાં આવશે એવો નિર્ણય સરકારે લીધો છે. અત્યાર સુધી સીએનજી અને પાઇપ ગૅસને પ્રાધાન્ય અપાતું હતું પણ હવે ઘર માટેના રાંધણગૅસને પણ પ્રાધાન્ય આપવામાં આવશે.

કમર્શિયલ એલપીજીની અછતને અત્યંત

(જુઓ પાનું ૨)

## ટ્રમ્પ મોતની ચિંતા કરે, યુદ્ધવિરામની નહીંઃ ઈરાન

### તહેરાનના દુબઈ, બાહરીન, ઇઝરાયલ પર હુમલાઃ અમેરિકાના પ્રમુખે પુતિનને ફોન કર્યો

દુબઈઃ ઇરાનના સંરક્ષણ ક્ષેત્રના ઉચ્ચ અધિકારી અલી લારીજાનીએ અને ઇરાનની સંસદના સ્પીકર મોહમ્મદ બઘેર કાલિબાફે અમેરિકાના પ્રમુખને ખુલ્લેઆમ ધમકી આપતા જણાવ્યું હતું કે ડોનલ્ડ ટ્રમ્પે હવે પોતાના મૃત્યુની ચિંતા કરવી જોઇએ. ટ્રમ્પે પોતાની હત્યા ન થાય, તે માટે સાવચેત રહેવું પડશે. અમે યુદ્ધવિરામ નહિ કરીએ. બલિદાન આપતા નહિ અચકાઇએ.

દરમિયાન, ઇરાને દુબઇ, બાહરીન, સઉદી અરેબિયા, કુવૈત, ઇઝરાયલ, ઇરાક સહિતના અખાતના દેશો પર નવેસરથી હુમલા કર્યા હતા.

અમેરિકાના પ્રમુખ ટ્રમ્પે રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિનને ફોન કરીને ઇરાન સાથેના પોતાના અને યુક્રેન સાથેના રશિયાના

(જુઓ પાનું ૨) ▸▸

## વૈશ્વિક અર્થતંત્ર ભાંગી પડશે

### ભયંકર મોંઘવારીઃ પાકિસ્તાનની હાલત કફોડી

વૉશિંગ્ટન : ઈરાન અને અમેરિકા -ઈઝરાયલ વચ્ચેના યુદ્ધને લીધે આખા વિશ્વના અર્થતંત્રને પ્રચંડ નુકસાન થયું છે. લડાઈને લીધે એનર્જી અને ખાતરના ભાવ આસમાને જઈ રહ્યા છે. ગરીબ દેશોમાં અનાજની અછત થઈ છે. કંગાળ દેશ પાકિસ્તાનમાં અસ્થિરતા ફેલાઈ છે. ફેડરલ રિઝર્વ જેવી કેન્દ્રિય બૅન્કો માટે ફુગાવાના આંકડા માથાનો દુઃખાવો બની ગયા છે.

હોર્મુઝની સમુદ્રધુનીમાંથી વિશ્વના પાંચમા ભાગના તેલનું પરિવહન થાય છે અને એ બંધ છે. અમેરિકા અને ઈઝરાયલે ૨૮ ફેબ્રુઆરીએ સંયુક્ત હુમલો

(જુઓ પાનું ૨) ▸▸

## ઈન્ડિગો ઍરના સીઈઓ પીટર અલ્બર્સનું રાજીનામું

નવી દિલ્હીઃ ઈન્ડિગોના સીઈઓ પીટર અલ્બર્સે મંગળવારે અંગત કારણોસર રાજીનામું આપ્યું હતું અને દેશની સૌથી મોટી એરલાઇને તેમને તાત્કાલિક અસરથી મુક્ત કર્યા છે. આ ઘટનાક્રમ એવા સમયે આવ્યો છે જ્યારે ત્રણ મહિના પહેલા મોટા પાયે કામગીરીમાં પડેલા અવરોધોને કારણે લોકોમાં ભારે રોષ જોવા મળ્યો હતો અને નિયમનકારી પગલાં લેવામાં આવ્યા હતા.

નવા વ્યક્તિની નિમણૂક ન થાય ત્યાં સુધી કો-ફાઉન્ડર અને મેનેજિંગ ડિરેક્ટર રાહુલ ભાટિયા વચગાળાના ધોરણે ઈન્ડિગોની બાબતોનું સંચાલન કરશે, જે ટૂંક સમયમાં જાહેર કરવામાં આવે તેવી શક્યતા એરલાઇને વ્યક્ત કરી છે.

(જુઓ પાનું ૨) ▸▸

## ચીન સહિતના પાડોશીઓ માટે એફડીઆઇના નિયમ હળવા

### કૅબિનેટનો નિર્ણયઃ મુંબઈ-દિલ્હી એક્સપ્રેસ-વે અમુક સ્થળે પહોળો કરાશે

નવી દિલ્હીઃ સરકારે ચીન સહિત ભારતની જમીનની સરહદ સાથે જોડાયેલા દેશો માટે સીધા વિદેશી રોકાણ (એફડીઆઇ)ના નિયમ હળવા કરવાની મંગળવારે જાહેરાત કરી હતી. આ ઉપરાંત, મુંબઈ - દિલ્હી એક્સપ્રેસવૅને મધ્ય પ્રદેશમાં બદનવાર - ટિમરવાની વિભાગમાં પહોળો કરવાનું નક્કી કરાયું હતું. કેન્દ્રે 'જળ જીવન મિશન'ને ૨૦૨૮ના ડિસેમ્બર સુધી લંબાવવાનો પણ નિર્ણય લીધો હતો.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં મળેલી કેન્દ્રના પ્રધાનમંડળની બેઠકમાં સંબંધિત નિર્ણય લેવાયા હતા.

ભારતની સાથે જમીનની સરહદથી જોડાયેલા દેશો - ચીન,

(જુઓ પાનું ૨) ▸▸

## ટ્રમ્પ ઈરાનમાં ફસાયા, એક્ઝિટ શોધી રહ્યા છે

વૉશિંગ્ટનઃ અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ હુમલાના ૧૦ દિવસ બાદ હવે સમાધાનનો રસ્તો શોધી રહ્યા છે. ટ્રમ્પના સલાહકારોએ પણ કહ્યું છે જો આ યુદ્ધ લાંબુ ચાલશે તો અમેરિકાને પણ નુકસાન થશે. તેથી સમાધાનનો રસ્તો અપનાવવો જરૂરી છે.

આ ઉપરાંત, ટ્રમ્પે પણ જણાવ્યું છે કે યુદ્ધ ઝડપથી સમાપ્ત થશે.ટ્રમ્પના સલાહકારોએ કહ્યું છે કે અમેરિકાને હાલમાં ઈરાન

(જુઓ પાનું ૨) ▸▸

## 'યુદ્ધ જલદી પૂરું થશે'ના ટ્રમ્પના દાવાથી ક્રૂડ તેલના ભાવ ઘટ્યા

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાનમાં ચાલી રહેલું યુદ્ધ ''ખૂબ જ જલદી'' સમાપ્ત થશે તેવું નિવેદન આપ્યા બાદ મંગળવારે તેલના ભાવમાં મોટો ઘટાડો જોવા મળ્યો હતો.

સોમવારે મધ્ય-પૂર્વમાંથી ઊર્જા પુરવઠામાં લાંબા ગાળાના વિક્ષેપના ડરથી ક્રૂડ ઓઈલની કિંમત લગભગ ૧૨૦ ડોલર પ્રતિ બેરલ સુધી પહોંચી ગઈ હતી, પરંતુ ટ્રમ્પની ટિપ્પણી બાદ તે ઘટીને આશરે ૯૨ ડોલર પર આવી ગઈ હતી. જોકે તેલના ભાવ હજુ પણ યુદ્ધ પહેલાના ભાવ કરતા નોંધપાત્ર રીતે વધારે છે, તેમ છતાં યુરોપિયન શેરબજારોમાં રિકવરી જોવા મળી હતી. ■

## ઈરાને સ્લીપર સેલ્સને જગાડ્યા

## દુનિયાભરમાં ટેરર અટેક્સની શક્યતા

વૉશિંગ્ટનઃ ઈરાન કોઈ પણ રીતે અલી ખામનેઈ હત્યાનો બદલો લેવા ઈચ્છે છે, એવામાં અહેવાલ છે કે અમેરિકાની ગુપ્તચર એજન્સીઓએ એક એન્ક્રીપ્ટેડ સંદેશ આંતર્યો છે, ઈરાને વિદેશમાં ''સ્લીપર સેલ્સ''ને સક્રિય કરવા માટે ''ઓપરેશનલ ટ્રિગર'' શરૂ કર્યું હોઈ શકે છે. આને પગલે દુનિયાભરમાં આતંકવાદી હુમલા થઈ શકે છે.

નોંધનીય છે કે હાલ પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સશસ્ત્ર સંઘર્ષમાં ઈરાનને મોટું નુકશાન પહોંચ્યું છે. ઈરાન પણ વળતા હુમલા કરી રહ્યું છે, પણ દેખીતી વાત છે યુએસ અને ઇઝરાયલની સૌન્ય શક્તિ સામે ઈરાન જીતી શકે એવી કોઈ શક્યતા નથી. ઈરાન તેના સુપ્રીમ લીડરની હત્યાને સહન નહીં કરી લે, એવામાં અહેવાલ છે કે બદલો લેવા ઈરાન અન્ય રસ્તા અપનાવી રહ્યું છે. એક અહેવાલ મુજબ ફેડરલ એલર્ટને ઈરાન પર અમેરિકા-ઇઝરાયલના સંયુક્ત હુમલાના તરત બાદ ઈરાનથી એક ટ્રાન્સમિશન મળ્યું હતું. આ સિગ્નલ એક સાથે ઘણાં દેશોમાં રીબ્રોડકાસ્ટ કરવામાં આવ્યું હતું, જે એક અસામાન્ય પેટર્ન હતી.

આ મેસેજ એન્ક્રીપ્ટેડ હતો, મેસેજ જેના માટે મોકલવામાં આવ્યો હતો, તેમની પાસે પહેલાથી જ જરૂરી ડિક્રિપ્શન કી હોવી જોઈએ.

સામાન્ય રીતે ગુપ્તચર એજન્સીઓ અથવા આતંકવાદી જૂથો દ્વારા ડિજિટલ ટ્રેસ છોડ્યા વિના મેસેજ સૂચનાઓ મોકલવા માટે આ પ્રકારના કમ્યુનિકેશનનો ઉપયોગ કરે છે. તેઓ ઇન્ટરનેટ અથવા મોબાઇલ નેટવર્ક પર આધાર રાખતા નથી.

અહેવાલ મુજબ એવું શક્ય છે કે ઈરાનની બહાર પ્રિપોઝીટેડ સ્લીપર એસેટ્સને સક્રિય કરવા માટે આ મેસેજ મોકલવામાં આવ્યો હોઈ શકે છે. હાલમાં આ મેસેજમાં શું કહેવામાં આવ્યું છે એ ચોક્કસ કહી શકાય એમ નથી.

## ન્યાયતંત્રમાં ભ્રષ્ટાચારઃ એનસીઈઆરટીની સાન ઠેકાણે, માફી માગી, પુસ્તક પાછું ખેંચ્યું

નવી દિલ્હીઃ છેલ્લા અનેક દિવસોથી ન્યાયપાલિકા અને એનસીઈઆરટી બંને સામસામે આવી ગયા હતા અને તે મુદ્દો હતો એનસીઈઆરટી દ્વારા ધોરણ આઠમાના પાઠ્યપુસ્તકમાં પ્રકાશિત 'ન્યાયપાલિકામાં ભ્રષ્ટાચાર'ના વિવાદાસ્પદ પ્રકરણનો. હવે આ મામલે એનસીઈઆરટીએ માફી માગી લીધી છે.

એનસીઈઆરટીએ 'એક્સ' પર પોસ્ટમાં લખ્યું હતું કે, ''નેશનલ કાઉન્સિલ ઓફ એજ્યુકેશનલ રિસર્ચ એન્ડ ટ્રેનિંગ (એનસીઈઆરટી)એ તાજેતરમાં સામાજિક વિજ્ઞાનનું પાઠ્યપુસ્તક, 'સમાજની ખોજઃ ભારત અને તેની પેલે પાર', ધોરણ ૮ (ભાગ ટૂ) પ્રકાશિત કર્યું હતું, જેમાં પ્રકરણ ચાર 'આપણા સમાજમાં ન્યાયતંત્રની ભૂમિકા' શીર્ષક હેઠળ સામેલ હતું. એનસીઈઆરટીના નિયામક અને સભ્યો આ પ્રકરણ ચાર માટે બિનશરતી માફી માંગે છે. આ આખું પુસ્તક પાછું ખેંચી લેવામાં આવ્યું છે અને હવે તે બજારમાં ઉપલબ્ધ નથી.''

આ પ્રકરણને કારણે સુપ્રીમ કોર્ટે પુસ્તક પર પૂર્ણ પ્રતિબંધ મૂકતા જણાવ્યું છે કે તેમાં આપત્તિજનક સામગ્રી છે. ત્યારબાદ, એનસીઈઆરટીએ શુક્રવારે એક સૂચના જારી

(જુઓ પાનું ૨) ▸▸

## 'ઈસ્લામિક એકતાની વાતો ને રમજાનમાં નાગરિકોની હત્યા'

### અફઘાનમાં હવાઈ હુમલાને મામલે પાકિસ્તાનના પાખંડને જગતના ચૌટે ઉઘાડું પાડ્યું ભારતે

ન્યૂ યોર્કઃ તાજેતરમાં પાકિસ્તાને અફઘાનિસ્તાન પર હુમલો કર્યો કર્યો હતો, જેમાં જેમાં સંખ્યાબંધ અફઘાન નાગરિકના મોત થયા હતાં, અફઘાનિસ્તાનના વળતા હુમલા બાદ પાકિસ્તાને યુદ્ધની જાહેરાત કરી હતી. યુનાઇટેડ નેશન્સ સિક્યોરિટી કાઉન્સિલ (સંયુક્ત રાષ્ટ્રસંઘની સલામતી સમિતિ)ની બેઠકમાં ભારતે અફઘાનિસ્તાનને સમર્થન આપ્યું છે અને પાકિસ્તાનના હુમલાની કડક ટીકા કરતા કહ્યું છે કે, ઈસ્લામિક એકતાની વાત કરતું પાકિસ્તાન રમજાનમાં નાગરિકો પર હવાઈ હુમલા કરીને તેમની હત્યા કરે છે.

અફઘાનિસ્તાન પર પાકિસ્તાનની એર સ્ટ્રાઈકને ભારતે આંતરરાષ્ટ્રીય કાયદા, યુએન ચાર્ટર અને રાષ્ટ્રના સાર્વભૌમત્વના સિદ્ધાંતનું ઉલ્લંઘન ગણાવ્યું છે. આ સાથે ભારતે નાગરિકોનાં મોત, શરણાર્થીઓને બળજબરીથી પરત મોકલવા અને અફગાનિસ્તાન પર વેપાર-પરિવહન પરના પ્રતિબંધો અંગે પણ ચિંતા વ્યક્ત કરી છે.

અફઘાનિસ્તાનની પરિસ્થિતિ ચર્ચા કરવા બોલાવવામાં આવેલી યુએનએસસીની બેઠકમાં ભારતના પ્રતિનિધિ હરીશ પર્વથાનેનીએ ભારતનો પક્ષ રજૂ કર્યો હતો.

તેમણે કહ્યું હતું કે, અફઘાનિસ્તાનના ક્ષેત્ર પર કરવામાં આવેલા હવાઈ હુમલાઓની ભારત સખત નિંદા કરે છે, આ હુમલા આંતરરાષ્ટ્રીય કાયદા, યુએન ચાર્ટર અને રાજ્ય સાર્વભૌમત્વના સિદ્ધાંતનું ખુલ્લેઆમ ઉલ્લંઘન છે.

પાકિસ્તાનના દંભને ઉજાગર કરતા હરીશ પર્વથાનેનીએ કહ્યું કે પાકિસ્તાન એક તરફ આંતરરાષ્ટ્રીય કાયદા અને ઇસ્લામિક એકતાના ઉચ્ચ સિદ્ધાંતોની વાત કરી રહ્યું છે, ત્યારે બીજી તરફ રમજાનના પવિત્ર મહિના દરમિયાન નાગરીકો પર એર સ્ટ્રાઈક કરી રહ્યુ છે. ■

## યુદ્ધની ભારતીયો પરની અસર ઘટાડવા સરકારના પગલાં

નવી દિલ્હીઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ અખાતના દેશોમાંના યુદ્ધની ભારતીયો પરની અસર ઘટાડવા અને ગૅસ-પેટ્રોલિયમ પેદાશોનો અવિરત પુરવઠો જાળવી રાખવા અને ભાવને નિયંત્રણમાં રાખવા પોતાના પ્રધાનોને એકબીજાની સાથે વધુ સંકલન સાધીને કામ કરવાની સૂચના આપી હતી.

મોદીએ રાંધણગૅસ અને પેટ્રોલિયમ પેદાશોનો પુરવઠો અવિરત ચાલુ રહે અને તેના ભાવ નિયંત્રણમાં રહે, તે માટે ખાસ ધ્યાન આપવાનો આદેશ આપ્યો હતો.

વડા પ્રધાને વિદેશ પ્રધાન એસ. જયશંકર, તેલ પ્રધાન હરદીપસિંહ પુરી, નાણાં પ્રધાન નિર્મલા સીતારમણ અને વાણિજ્ય પ્રધાન પીયૂષ ગોયલની સાથે દેશની ઈંધણ સહિતની ઊર્જાની જરૂરિયાત અંગે ચર્ચાવિચારણા કરી હતી. (એજન્સી)■

## કોરોનાની રસીની સાઈડ ઈફેક્ટ માટે વળતર નીતિ ઘડી કાઢોઃ સુપ્રીમ કોર્ટ

નવી દિલ્હીઃ સુપ્રીમ કોર્ટે મંગળવારે કેન્દ્ર સરકારને કોરોનાની રસી દીધા બાદ ગંભીર આડઅસર થાય એવા કેસ માટે ખામીહિન વળતર નીતિ ઘડવાનો આદેશ આપ્યો હતો. જસ્ટિસ વિક્રમ નાથ અને જસ્ટિસ સંદીપ મહેતાની બેન્ચે કહ્યું હતું કે કોરોનાની રસી બાદની વિપરીત આડઅસરની હાલની યંત્રણા ચાલુ રહેશે.

ચુકાદો જાહેર કરતાં જસ્ટિસ નાથે કહ્યું હતું કે રસી આપ્યા બાદ થતી આડઅસરનું વૈજ્ઞાનિક આકલન કરવાની હાલની યંત્રણા ચાલુ રહેવાની હોવાથી અદાલતે કોઈ નિષ્ણાતની સંસ્થા રચવાની જરૂર નથી. બેન્ચે ખુલાસો કર્યો હતો કે ચુકાદો કોઈ પણ

(જુઓ પાનું ૨) ▸▸

## સમાન નાગરિક ધારાનો સમય પાકી ગયો છેઃ સુપ્રીમ કોર્ટ

### શરિયત કાયદાની વારસાની જોગવાઈ રદ કરવાની અરજી પર કહ્યું

નવી દિલ્હીઃ સુપ્રીમ કોર્ટે મંગળવારે નિરીક્ષણ કર્યું હતું કે યુનિફોર્મ સિવિલ કોડ (સમાન નાગરિક ધારો, યુસીસી)ને ઘડવાનો સમય પાકી ગયો છે. સર્વોચ્ચ અદાલતે શરિયત કાયદા-૧૯૩૭ની જોગવાઈને રદ કરવાની અરજી હાથ ધરતા કહ્યું હતું કે જોગવાઈ ભેદભાવભરી છે એવો સારો કેસ છે, પરંતુ આ જોગવાઈ કાઢી નાખવાનું ફક્ત સંસદના હાથમાં છે.

મુખ્ય ન્યાયમૂર્તિ સૂર્યકાન્ત, જસ્ટિસ જોયમાલ્યા બાગચી અને જસ્ટિસ આર. માધવનની બેન્ચે કહ્યું હતું કે જો અદાલત શરિયત વારસાગત કાયદો કાઢી નાખશે તો કાનૂની શૂન્યાવકાશ સર્જાશે અને મુસ્લિમ

(જુઓ પાનું ૨) ▸▸

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

## એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# પેટ્રોલ-ડીઝલનું રેશનિંગઃ ભારત નથી પાકિસ્તાન કે બાંગ્લાદેશ

**અમેરિકા**-ઈઝરાયલ અને ઈરાન વચ્ચેના યુદ્ધની અસર આપણા પાડોશી દેશો પર પડવા માંડી છે તેથી ભારતમાં ચિંતાનો માહોલ છે. આપણા પાડોશી દેશોમાં પાકિસ્તાને તો લોકડાઉન જ જાહેર કરી દીધું છે જ્યારે બાંગ્લાદેશમાં સરકારે પેટ્રોલ અને ડીઝલના વેચાણ પર ટોચ મર્યાદા લાગુ કરી દીધી છે. તેના કારણે સોશ્યલ મીડિયા પર પડીકાં ફરતાં થઈ ગયાં છે કે, ભારતમાં પણ આવી સ્થિતિ સર્જાઈ શકે છે પણ ભારતીયોએ જરાય ચિંતા કરવાની જરૂર નથી કેમ કે ભારતનું અર્થતંત્ર આખી દુનિયામાં વિશિષ્ટ છે તેથી ભારતમાં પાકિસ્તાન જેવી સ્થિતિ સર્જાઈ શકે એવી કોઈ શક્યતા નથી.

પાકિસ્તાનમાં ક્રૂડ ઓઈલની વધી રહેલી કિંમતને ધ્યાનમાં રાખીને ખર્ચમાં કાપની ઢગલો જાહેરાતો કરાઈ છે. આ જાહેરાતો પ્રમાણે, હવે સરકારી કચેરીઓ અઠવાડિયામાં માત્ર ચાર દિવસ ખુલશે અને અડધા કર્મચારીઓ વર્ક ફ્રોમ હોમ કરશે. શાળાઓ બે અઠવાડિયા માટે બંધ રહેશે. અને મંત્રીઓ અને સલાહકારો વિદેશ પ્રવાસે નહીં જઈ શકે. મંત્રીઓ બે મહિના સુધી પગાર નહીં લે અને સાંસદોના પગારમાં ૨૫ ટકાનો ઘટાડો થશે.

બે મહિના સુધી ૬૦ ટકા સરકારી વાહનો બહાર નહીં કઢાય ને વપરાશે એ સરકારી વાહનોને અડધું જ પેટ્રોલ-ડીઝલ મળશે. તમામ સરકારી વિભાગો પણ ખર્ચમાં ૨૦ ટકાનો ઘટાડો કરશે. બજારમાં મળતા પેટ્રોલ અને ડીઝલની કિંમતમાં પણ ૫૫ રૂપિયા પ્રતિ લિટર સુધીનો વધારો કરવામાં આવ્યો છે.

બાંગ્લાદેશમાં બાઇક માટે દિવસમાં માત્ર ૨ લિટર પેટ્રોલ મળશે. ખાનગી કારને મહત્તમ ૧૦ લિટર જ્યારે બસો અને ટ્રકોને ૭૦ થી ૨૨૦ લિટર સુધીની મર્યાદામાં પેટ્રોલ-ડીઝલ મળશે. દરેક પેટ્રોલ પંપ પર રસીદ આપવી ફરજિયાત કરાઈ છે અને અગાઉની ખરીદીની રસીદ બતાવ્યા વિના નવું પેટ્રોલ-ડીઝલ નહીં મળે.

ભારતમાં આ પ્રકારનું રેશનિંગ દાખલ કરવું પડશે ? બિલકુલ નહીં. નરેન્દ્ર મોદી સરકારે સાફ શબ્દોમાં કહ્યું છે કે, ભારતમાં પેટ્રોલ-ડીઝલની તંગી પણ નથી સર્જાવાની કે પેટ્રોલ-ડીઝલના ભાવ પણ નથી વધવાના તેથી સાવ નચિંત થઈને બેસો ને સંગ્રહખોરી ના કરશો. આ સધિયારા વચ્ચે કેન્દ્ર સરકારની માલિકીની ઓઈલ કંપનીઓએ એલપીજી એટલે કે રાંધણ ગેસના બાટલામાં ૬૦ રૂપિયાનો ભાવવધારો ઝીંકી જ દીધો તેના કારણે કોને ભારતમાં પણ હાલત ખરાબ થશે તેની ચિંતા છે. પેટ્રોલ-ડીઝલના ભાવ વધશે તો બીજી ચીજોના પણ ભાવ વધશે ને પેટ્રોલ-ડીઝલની અછત સર્જાશે એવી ચિંતા સામાન્ય લોકોને છે.

દુનિયામાં બધે યુદ્ધના કારણે ક્રૂડનો કકળાટ છે તેથી આ ચિંતા સ્વાભાવિક છે પણ કમ સે કમ આ વખતે મોદી સરકારની વાત પર ભરોસો કરવા જેવો છે. તેનું કારણ એ કે, ભારત ક્રૂડ ઓઈલ માટે ઈરાન તે અખાતના દેશો પર જ નિર્ભર નથી. ભારતનું મોટા ભાગનું ક્રૂડ અખાતના દેશોમાંથી જ આવે છે એ સાચું પણ આ આપત્તિના સમયમાં ભારત પાસે રશિયા અને વેનેઝુએલા એ બે મોટા વિકલ્પ પણ છે.

અમેરિકાએ આપણા પર દબાણ કરીને રશિયા પાસેથી ક્રૂડ ઓઈલની ખરીદી બંધ કરાવેલી પણ ઈરાન સાથે યુદ્ધ પછી અમેરિકાએ ભારતને ૩૦ દિવસ માટે રશિયા પાસેથી ક્રુડ ઓઈલ ખરીદવાની છૂટ આપી છે તેથી આપણે રશિયા પાસેથી જોઈએ એટલું ક્રૂડ ઓઈલ ખરીદી શકીએ છીએ. રશિયાને યુક્રેન સામેનો જંગ ચાલુ રાખવા માટે નાણાં જોઈએ જ છે તેથી ભારત માંગે એટલું ક્રૂડ રશિયા આપી શકે તેમ છે.

અમેરિકાએ ૩૦ દિવસની છૂટ આપી છે પણ યુધ્ધ લંબાય તો છૂટ પણ લંબાઈ શકે છે તેથી ક્રૂડની ચિંતા નથી. આ ક્રૂડ થોડુંક મોંઘું પડી શકે પણ એ સરકારનો પ્રશ્ન છે. સરકારે પેટ્રોલ-ડીઝલના ભાવ નહીં વધે એવો સધિયારો આપ્યો એટલે નાક રાખવા પણ સરકારી ઓઈલ કંપનીઓ ભાવ નહીં વધારે. તેના કારણે સરકારી કંપનીઓને કે સરકારને કંઈ નુકસાન નથી જવાનું. ક્રૂડની ખરીદી માટે ઊંચો ભાવ આપવો પડે તેના કારણે જે વધારાનો બોજ આવશે તેના લીધે સરકારી ઓઈલ કંપનીઓના નફામાં કાપ આવશે પણ નુકસાન નથી જવાનું.

મોદી સરકાર પેટ્રોલ-ડીઝલના ભાવ હમણાં નહીં વધવા દે એ માટે એક બીજું પણ નક્કર કારણ છે. ચાલુ વર્ષના મે સુધીમાં આસામ, પશ્ચિમ બંગાળ, પુડુચેરી, કેરળ અને તમિળનાડુ એ પાંચ રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણી છે. આસામમાં ભાજપ છેલ્લાં ૧૦ વર્ષથી સત્તામાં છે ને આ વખતે સત્તા જાળવી રાખવાનો પડકાર છે તેથી મોદી સરકાર કોઈ જોખમ ના લે.

પશ્ચિમ બંગાળ, કેરળ અને તમિળનાડુમાં ભાજપના કટ્ટર રાજકીય હરીફોની સરકારો છે. ભાજપ આ ત્રણેય રાજ્યોમાં સત્તા કબજે કરવા ફાંફાં મારે છે પણ ફાવતો નથી. કેરળ અને તમિળનાડુમાં તો ભાજપ આ વખતે પણ ફાવે એવી શક્યતા નથી પણ પશ્ચિમ બંગાળમાં ભાજપ માટે થોડો ચાન્સ છે. પેટ્રોલ-ડીઝલના ભાવ વધારીને એ ચાન્સ ગુમાવવાની મૂર્ખામી મોદી સરકાર કરે એ વાતમાં માલ નથી. ટૂંકમાં મેના અંત સુધીમાં પેટ્રોલ-ડીઝલના ભાવ વધવાની કોઈ શક્યતા નથી તેથી બે-અઢી મહિના તો નિરાંતે ખેંચાઈ જ જશે.

ભારતમાં અનાજ, દૂધ વગેરે સામાન્ય જનજીવન માટે જરૂરી ચીજો પૂરતા પ્રમાણમાં થાય છે. પેટ્રોલ-ડીઝલના ભાવ ના વધે તો આ ચીજોના ટ્રાન્સપોર્ટેશનનો ખર્ચ ના વધે તેથી સામાન્ય લોકોને કમ સે કમ મે સુધી તો રાહત રહેશે જ તેની ગેરંટી છે. યુદ્ધના કારણે નેચરલ ગેસના પુરવઠામાં કાપ આવ્યો છે તેની અસર નાના ઉદ્યોગો પર પડી છે.

ગુજરાતમાં મોરબી સહિતનાં ઘણાં નાનાં નાનાં કારખાનાં ધરાવતાં સેન્ટરોમાં અત્યારે ઉત્પાદન ઠપ્પ થઈ ગયું છે. યુદ્ધ લંબાય તો આ સેન્ટરોની સંખ્યા વધશે. દેશની નિકાસ પર પણ અસર પડશે ને અખાતના દેશોમાં રહેતા ભારતીયોને મુશ્કેલીઓ પડશે તેથી ત્યાંથી આવતા નાણાંના પ્રવાહમાં પણ ઓટ આવશે. આ બધાં કારણોસર આર્થિક ફટકો તો પડશે જ પણ પાકિસ્તાનની જેમ બધું બંધ કરી દેવાની નોબત નહીં આવે તેની ગેરંટી છે.

આપણી પાડોશમાં જ યુદ્ધ ચાલતું હોય તેની કિંમત ચૂકવવી જ પડે પણ ભારત એટલે બહુ મોટી કિંમત નહીં ચૂકવે કે ભારતનું સામાન્ય જનજીવન મહ્દ અંશે આત્મનિર્ભર છે. પેટ્રોલ-ડીઝલ કે ઉદ્યોગો માટેના કાચા માલને બાદ કરતાં ભારતમાં બાકીની ચીજો એટલા પ્રમાણમાં થાય છે કે, સામાન્ય લોકોના જીવનને અસર ના થાય.

આપણી સરકાર કશું ના કરે કે દુનિયાના બીજા દેશોમાં આભ તૂટી પડે તો પણ આપણું કામ ચાલી જાય એવું આર્થિક સ્વાવલંબન આપણે આઝાદી પહેલાંથી મેળવી લીધેલું તેથી બહુ ચિંતા કરવી નહીં. યુદ્ધ જલદી પતે તો સારું પણ ડોનલ્ડ ટ્રમ્પ ને ખામેનેઇ જેવા માથાના ફરેલા માણસોના કારણે યુદ્ધ લેવાઈ શકે છે તેથી તેની માનસિક તૈયારી રાખવી. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ – સૌર વસંતઋતુ, બુધવાર, તા. ૧૧-૩-૨૦૨૬, કાલાષ્ટમી

- ભારતીય દિનાંક ૨૦, માહે ફાલ્ગુન, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૭, ફાલ્ગુન વદ-૮
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે ફાલ્ગુન, તિથિ વદ -૮
- પારસી શહેનશાહી રોજ ૨૯મો મારેસ્પંદ, માહે ૭મો મેહેર, સને ૧૩૯૫
- પારસી કદમી રોજ ૨૯મો મારેસ્પંદ, માહે ૮મો આવાં, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૨૬મો આસતાદ, માહે ૧૨મો સ્પેનદાર્મદ, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૨૧મો, માહે ૯મો રમજાન, સને ૧૪૪૭
- મીસરી રોજ ૨૩મો, માહે ૯મો રમજાન, સને ૧૪૪૭
- નક્ષત્ર જયેષ્ઠા રાત્રે ક. ૨૧-૫૯ સુધી, પછી મૂળ
- ચંદ્ર વૃશ્ચિકમાં રાત્રે ક. ૨૧-૫૯ સુધી, પછી ધનુમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ વૃશ્ચિક (ન, ય), ધનુ (ભ, ધ, ફ, ઢ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૫૨, અમદાવાદ ક. ૦૬ મિ. ૫૪, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૪૫, અમદાવાદ ક. ૧૮ મિ. ૪૫, સ્ટા. ટા.
- -ઃ મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ ઃ-
- ભરતીઃ સાંજે ક. ૧૭-૨૦, મધ્યરાત્રિ પછી ક. ૦૪-૧૫ (તા. ૧૨)
- ઓટઃ સવારે ક. ૧૦-૧૮, રાત્રે ક. ૨૨-૫૯
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, ‘પિંગલ’ નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭, ‘વિશ્વાવસુ’ નામ સંવત્સર, ફાલ્ગુન - કૃષ્ણ અષ્ટમી. કાલાષ્ટમી, શહાદતે હઝરત અલી (મુસ્લિમ), શનિ પશ્ચિમાસ્ત, ગુરુમાર્ગી. વિંછુડો સમાપ્તિ રાત્રે ક. ૨૧-૫૯
- શુભાશુભ દિનશુદ્ધિઃ સામાન્ય દિવસ.
- મુહૂર્ત વિશેષઃ લગ્ન મુહૂર્ત, શિવ-પાર્વતી પૂજા, જયેષ્ઠા જન્મનક્ષત્ર શાંતિ પૂજા, સપ્તસતી પાઠ પૂજા હવન, ઔષધ ઉપચાર, પ્રયાણ મધ્યમ, હજામત, વાહન, યંત્ર પશુ લે-વેંચ, પ્રાણી પાળવા, ખેતીવાડીના કામકાજ, બુધ ગ્રહદેવતાનું પૂજન, ઈન્દ્રદેવતાનું પૂજન.
- આચમનઃ ચંદ્ર-સૂર્ય ચતુષ્કોણ આંખની કાળજી લેવી. ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-સૂર્ય ચતુષ્કોણ.
- ગ્રહગોચરઃ સૂર્ય-કુંભ, મંગળ-કુંભ, વક્રી બુધ-કુંભ (બુધ અસ્ત), માર્ગી ગુરુ-મિથુન (ગુરુ માર્ગી થાય છે.) શુક્ર-મીન, (શુક્ર પશ્ચિમમાં દેખાશે) માર્ગી શનિ-મીન (પશ્ચિમમાં અસ્ત) રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચૂન-મીન, માર્ગી પ્લુટો-મકર. ■

## સ્પીકર બિરલા સરકારી ‘દબાણ’ હેઠળ કામ કરે છેઃ વિરોધ પક્ષો

નવી દિલ્હીઃ લોકસભામાં વિપક્ષના સાંસદોએ સ્પીકર ઓમ બિરલા સામેની અવિશ્વાસની દરખાસ્ત પરની ચર્ચામાં જણાવ્યું હતું કે બિરલા ‘જેન્ટલમેન’ છે, પરંતુ સરકારના ‘દબાણ’ હેઠળ કામ કરે છે. સ્પીકરે ગૃહની કામગીરી કોઇના પણ દબાણને વશ થયા વિના ‘ન્યાયી અને નિષ્પક્ષ’ રીતે ચલાવવી જોઇએ.

દરમિયાન, શાસક એનડીએ દ્વારા સ્પીકરની કામગીરીનો બચાવ કરતા જણાવાયું હતું કે ઓમ બિરલા નિષ્પક્ષ રીતે કામ કરી રહ્યા છે અને બધા સાંસદને બોલવાની સમાન તક આપે છે.

દ્રમુકના નેતા ટી. આર. બાલુએ જણાવ્યું હતું કે બિરલા ‘જેન્ટલમેન’ છે, પરંતુ વિપક્ષોની સામે કડક વલણ અપનાવી રહ્યા છે. તેમના પર શેનું દબાણ છે, તે અમે નથી જાણતા. તેમણે છેલ્લા સાત વર્ષ દરમિયાન અનેક સાંસદને સસ્પેન્ડ કર્યા હતા. વિપક્ષો સાથે આટલું ખરાબ વર્તન કેમ કરાય છે? અમે ઇચ્છીએ છીએ કે સ્પીકર નિષ્પક્ષ રહીને યોગ્ય રીતે પોતાની કામગીરી કરે. ટીડીપીના સાંસદ લવુ શ્રીકૃષ્ણ દેવરાયાલુએ જણાવ્યું હતું કે બિરલા ૨૦૧૯માં પ્રથમ વખત લોકસભાના સ્પીકર બન્યા ત્યારથી અત્યાર સુધીની, ખાસ કરીને કોવિડ-૧૯ના રોગચાળા વખતની તેમની કામગીરી પ્રશંસનીય રહી છે. તેમણે નવા સાંસદોને બોલવાનો વધારે સમય આપ્યો છે.

ટીડીપીના નેતાએ સવાલ કર્યો હતો કે શું વિપક્ષ ચૂંટણી હારી જતો હોવાથી ગૃહમાં અરાજકતા ફેલાવવા માગે છે?

જનતા દળ -યુના નેતા અને કેન્દ્રના પ્રધાન રાજીવ રંજન સિંહે જણાવ્યું હતું કે સ્પીકરને ‘પ્રેશર’માં રાખવા માટે તેમની સામે અવિશ્વાસની દરખાસ્ત રજૂ કરાઇ છે. ગૃહમાં શાંતિ જાળવવા સ્પીકર કોઇ પગલાં લે, તો તેમાં કંઇ ખોટું નથી. શિવસેના (ઉદ્ધવ ઠાકરે)ના સાંસદ અરવિંદ સાવંતે જણાવ્યું હતું કે વિપક્ષે ‘જેન્ટલમેન’ની સામે અવિશ્વાસની દરખાસ્ત શું કામ લાવી પડી, તે અંગે વિચારણા કરવાની જરૂર છે. (એજન્સી) ■

## રાહુલ નકલી ગાંધી પરિવારના છેલ્લા રાજકુમારઃ ગિરિરાજ સિંહ

નવી દિલ્હીઃ કેન્દ્રીય પ્રધાન ગિરિરાજ સિંહે મંગળવારે લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી પર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે ગાંધી પર અર્બન નક્સલ જેવું વર્તન કરવાનો આરોપ લગાવ્યો હતો અને તેમની સરખામણી અંતિમ મોગલ સમ્રાટ બહાદુર શાહ ઝફર સાથે કરી હતી.

સંસદ સંકુલની અંદર પત્રકારો સાથે વાત કરતા તેમણે આરોપ લગાવ્યો હતો કે રાહુલ ગાંધી ગૃહમાં ચર્ચા અને મતદાન ટાળી રહ્યા છે.

ભાજપના નેતા ગિરિરાજ સિંહે પ્રશ્ન કરતા કહ્યું હતું કે, કોંગ્રેસ માટે તેઓ (રાહુલ ગાંધી) એવા જ છે જેવા મોગલ વંશ માટે અંતિમ મોગલ સમ્રાટ હતા - નકલી ગાંધી પરિવારના એક દિશાહીન છેલ્લા રાજકુમાર. ■

## પ્રજામત

### શાળામાં ફરજિયાત અખબાર વાંચનનો યુપી સરકારનો નિર્ણય આવકાર યોગ્ય

ઉત્તર પ્રદેશની સરકારે રાજ્યની દરેક શાળાઓમાં પ્રાર્થના પછી બાળકોને ફરજિયાત અખબાર વાંચવું જોઈએ એવો નિયમ બનાવ્યો છે, જે ખરેખર આવકારદાયક છે. એનું અન્ય રાજ્યોની શાળાઓએ પણ અનુકરણ કરવું જોઈએ. અખબાર વાંચવાની ટેવ બાળકને દુનિયાની તમામ ઘટનાથી અવગત કરાવશે. નવી નવી માહિતી તેમને મળશે. તેમને સ્પર્ધાત્મક પરીક્ષા આપવામાં પણ મદદ મળશે. વાંચન તેમના જ્ઞાનમાં, શબ્દભંડોળમાં વધારો કરશે. વાંચન પ્રત્યે તેમને રુચિ-રસ નિર્માણ થશે. વિચારોમાં અને લેખનમાં મૌલિકતા આવશે.

**- મહેશ વ્યાસ, પાલનપુર**

### સામાજિક-ધાર્મિક સંસ્થામાં ભ્રષ્ટાચાર

આપણા પૂર્વજોએ સંસ્થાઓની સ્થાપના કરી એનાથી વિપરિત આજના ટ્રસ્ટીઓ કામ કરી રહ્યા છે. કોઈપણ ગરીબ-મધ્યમ વર્ગીય વ્યક્તિ હવે સંસ્થામાં જોડાઈ શકતો નથી. શ્રીમંત લોકો ટ્રસ્ટી-અધિકારી બનીને સ્વછંદી રીતે સંસ્થાઓ ચલાવી રહ્યાં છે. શૈક્ષણિક સંસ્થાઓમાં ડોનેશનરૂપી ભ્રષ્ટાચાર વ્યાપી રહ્યો છે. ભ્રષ્ટ લોકો દ્વારા ચલાવાતી સંસ્થામાં દાન આપતા પહેલા સાવધ થવાની જરૂર છે.

**- ગિરીશ છગનલાલ લાલન, વડાલા**

**પત્ર મિત્રોને ખાસ સૂચના** પ્રજામત માટે પત્ર મોકલનારા વાચક મિત્રોને ખાસ વિનંતી કે તમારી લાગણીને વાચા આપતા કે કોઈ સમસ્યા અંગે ધ્યાન દોરતાં તમારા મંતવ્યો, લેખિત પત્રો દ્વારા અથવા અમારા નીચેના ઈ-મેઈલ આઈડી પર પણ મોકલી શકો છો.E-mail: prajamat@bombaysamachar.com ચર્ચાપત્રના અંતે નામ સાથે પૂરું એડ્રેસ, ટેલિફોન અને મોબાઈલ નંબર તથા ઈ-મેલ આઈડી અચૂક લખવો. એડ્રેસ, ટેલિફોન અથવા મોબાઈલ નંબર નહીં લખ્યો હોય એવાં ચર્ચાપત્રોનો સ્વીકાર કરવામાં આવશે નહીં. - તંત્રી

## પહેલા પાનાનું ચાલુ

### ગૅસ-કટોકટી

ગંભીર ગણાવતા, ભારતના હોટેલ અને રેસ્ટૉરાં ક્ષેત્રની સર્વોચ્ચ સંસ્થાએ મંગળવારે જણાવ્યું હતું કે આગામી બે દિવસમાં મુંબઈમાં લગભગ ૫૦ ટકા હોટલ અને રેસ્ટૉરાંને તેમના વર્તમાન સિલિન્ડર સ્ટોકના આધારે કામકાજ અસ્થાયી રૂપે બંધ કરવાની ફરજ પડી શકે છે. કમર્શિયલ એલપીજીનો પુરવઠો બંધ થવાની અસર આખા દેશમાં જોવા મળી રહી છે ત્યારે મુંબઈમાં આ મુદ્દો વધુ ગંભીર બન્યો છે, જ્યાં એલપીજી પુરવઠામાં વિક્ષેપને કારણે અત્યાર સુધીમાં લગભગ ૨૦ ટકા હોટલ અને રેસ્ટૉરાં બંધ થઈ ગયા છે, એવી માહિતી શહેરના હોટેલ અને રેસ્ટૉરાં એસોસિએશન (આહાર) દ્વારા આપવામાં ઓવી હતી.

મંગળવારે એસોસિયેશને ચેતવણી પણ આપી હતી કે જો પરિસ્થિતિમાં સુધારો નહીં થાય તો આગામી બે દિવસમાં શહેરની ૫૦ ટકા જેટલી હોટલો બંધ થઈ શકે છે.

છેલ્લા અઠવાડિયામાં કમર્શિયલ એલપીજીની અછત અત્યંત ગંભીર બની ગઈ છે, સોમવારથી ઘણા પ્રદેશોમાં પુરવઠો લગભગ સંપૂર્ણપણે બંધ થઈ ગયો છે. પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલય દ્વારા પાંચમી માર્ચના રોજ જાહેર કરાયેલા નોટિફિકેશન બાદ, સપ્લાયર્સ અને વિતરકોમાં નોંધપાત્ર મૂંઝવણ ઊભી થઈ છે, જેમાંથી ઘણાએ હોટલ, રેસ્ટૉરાં અને ફૂડ સર્વિસ સંસ્થાઓને કમર્શિયલ એલપીજી સિલિન્ડર સપ્લાય કરવાનું બંધ કરી દીધું છે, ફેડરેશન ઓફ હોટેલ એન્ડ રેસ્ટૉરાં એસોસિએશન ઓફ ઈન્ડિયાના ઉપપ્રમુખ અને હોટેલ એન્ડ રેસ્ટૉરાં એસોસિએશન-વેસ્ટર્ન ઈન્ડિયાના પ્રવક્તા પ્રદીપ શેટ્ટીએ મંગળવારે જણાવ્યું હતું.

‘અમને મુંબઈ, પુણે, ઔરંગાબાદ અને નાગપુર જેવા શહેરોમાંથી ભારે અછતના અહેવાલો મળી રહ્યા છે, જ્યારે દિલ્હી, કર્ણાટક, તેલંગાણા અને આંધ્રપ્રદેશ જેવા રાજ્યોમાં પણ આવી જ અછતના અહેવાલો મળી રહ્યા છે. જો આગામી બે દિવસમાં પરિસ્થિતિમાં સુધારો નહીં થાય, તો મુંબઈની લગભગ ૫૦ ટકા હોટલ અને રેસ્ટૉરાંને તેમના વર્તમાન સિલિન્ડર સ્ટોકના આધારે કામચલાઉ ધોરણે બંધ કરવાની ફરજ પડી શકે છે,’ એમ તેમણે કહ્યું હતું.

ગુજરાત સરકારે ઔદ્યોગિક ગૅસ પુરવઠામાં પચાસ ટકા સુધીનો કાપ મૂક્યો છે. રાંધણગૅસના સિલિન્ડરનો સંગ્રહ કરીને તેને કાળાબજારમાં વેચવા સામે ચેતવણી અપાઇ હતી. ગુજરાતના ઊર્જા પ્રધાન હૃષીકેશ પટેલે ગાંધીનગરમાં વિધાનસભાના સત્રની પહેલાં જણાવ્યું હતું કે રાંધણગૅસની કોઇ સમસ્યા ઊભી ન થાય, તે માટે ગુજરાત અને કેન્દ્ર સરકાર સંકલન સાધીને કામ કરી રહી છે.

ફેડરેશન ઑફ હૉટેલ ઍન્ડ રેસ્ટોરાં એસોસિયેશન ઑફ ઇન્ડિયાના ઉપપ્રમુખ પ્રદીપ શેટ્ટીએ જણાવ્યું હતું કે મુંબઈ ઉપરાંત પુણે, ઔરંગાબાદ, નાગપુર, દિલ્હી, કર્ણાટક, તેલંગણા અને આંધ્ર પ્રદેશમાંની હૉટેલ્સ અને રેસ્ટોરાંમાં રાંધણગૅસના પુરવઠાની ગંભીર સમસ્યા ઊભી થઇ છે.

દરમિયાન, મહારાષ્ટ્રના અન્ન અને નાગરિક પુરવઠા વિભાગના પ્રધાન છગન ભુજબળે જણાવ્યું હતું કે ઘરેલુ રાંધણગૅસને પ્રાધાન્ય આપવા કમર્શિયલ રાંધણગૅસમાં આગામી દિવસોમાં કાપ મુકાશે.

મહારાષ્ટ્રના મહેસૂલ પ્રધાન ચંદ્રશેખર બાવનકુળેએ રાંધણગૅસના સિલિન્ડરનો સંગ્રહ કરીને તેના કાળાબજાર કરવા સામે ચેતવણી આપી હતી.

દરમિયાન, કેન્દ્રના તેલ મંત્રાલયે જણાવ્યું હતું કે કમર્શિયલ રાંધણગૅસના સિલિન્ડર્સની રેસ્ટોરાં કે હોટેલોમાં અછત ન સર્જાય, તેનું ધ્યાન રાખવા માટે ઑઇલ માર્કેટિંગ કંપનીઓના ત્રણ એક્ઝિક્યૂટિવ ડિરેક્ટરની એક સમિતિ રચાઇ છે.

ભારતમાં વાર્ષિક અંદાજે ૩.૧૩ કરોડ ટન રાંધણગૅસ વપરાય છે અને આ જરૂરિયાત પૂરી કરવા માટે અંદાજે ૬૨ ટકા ગૅસની આયાત કરાય છે. ભારત સઉદી અરેબિયા જેવા અખાતના દેશોમાંથી જ કુલ આયાતના ૮૫થી ૯૦ ટકા એલપીજી લાવે છે. ઇરાને હોર્મુઝ સામુદ્રધુની બંધ કરી દીધી હોવાથી આ દરિયાઇ માર્ગે ગૅસ અને ખનિજ તેલની અવરજવર લગભગ અટકી ગઇ છે.

તમિળનાડુની હોટેલ્સ માટે માત્ર એકાદ બે દિવસનો જ રાંધણગૅસ બચ્યો હોવાનું કહેવાય છે અને તેથી ઘણી રેસ્ટોરાં તેમ જ હૉટેલ્સ બંધ થવાને આરે આવી ગઇ છે. કોલકાતા, બેંગલૂરુ જેવાં શહેરોની રેસ્ટોરાંની હાલત પણ ગૅસના અભાવે ઘણી ખરાબ થઇ ગઇ છે. (એજન્સી) ■

### ટ્રમ્પ મોતની

યુદ્ધ અંગે તેમ જ વિશ્વભરમાં ઈંધણની સર્જાયેલી અછત અંગે ચર્ચા કરી હતી.

અગાઉ, ટ્રમ્પે ઇરાનને ધમકી આપી હતી કે જો તહેરાન હોર્મુઝ સામુદ્રધુની ખાતેથી ખનિજ તેલની હેરફેર બંધ કરાવશે, તો તેના પર વીસ ગણા જોરથી હુમલા કરીશું.

ઇરાનના સંરક્ષણ વિભાગના અગ્રણી અધિકારીઅલી લારીજાનીએ સોશ્યલ મીડિયા ‘એક્સ’ પર લખ્યું હતું કે ઇરાનના લોકો પોતાના દેશ માટે બલિદાન આપતા નથી અચકાતા. તહેરાન ‘ખાલી ધમકી’થી નહિ ડરે. ટ્રમ્પે પોતાની હત્યા ન થાય, તેનું ધ્યાન રાખવું જોઇએ. ઇરાને ભૂતકાળમાં ટ્રમ્પની હત્યાનું ષડ્યંત્ર ઘડ્યું હોવાનું કહેવાય છે.

ઇરાને મંગળવારે ઇઝરાયલ અને અખાતના આરબ દેશો પર નવેસરથી ઉગ્ર હુમલા કર્યા હતા અને આ યુદ્ધને લીધે દુનિયાભરમાં ખનિજ તેલ અને ગૅસના ભાવ વધી ગયા છે તેમ જ વૈશ્વિક અર્થતંત્ર મુશ્કેલીમાં મુકાઇ ગયું છે. દુબઈ અને બાહરીનમાં મંગળવારે મિસાઇલ હુમલાની ચેતવણી આપતી સાઇરન અનેક વખત વાગી હતી.

બાહરીનમાં ઇરાનનું મિસાઇલ એક રહેણાક ઇમારત પર પડતા ૨૯ વર્ષીય મહિલાનું મૃત્યુ થયું હતું અને અન્ય આઠ જણ ઘાયલ થયા હતા. સઉદી અરેબિયાએ પોતાના ખનિજ તેલથી સમૃદ્ધ પૂર્વ વિસ્તારમાં જ બે ડ્રોન હુમલા ખાળવામાં સફળતા મેળવી હતી.

કુવૈતના નેશનલ ગાર્ડે છ ડ્રોન તોડી પાડ્યા હોવાનો દાવો કર્યો હતો.

જેરુસલેમ અને તેલ અવીવ ખાતે પણ મંગળવારે સવારે અનેક ધડાકા સંભળાયા હતા.

ઇરાનની સંસદના સ્પીકર મોહમ્મદ બઘેર કાલિબાફે સોશ્યલ મીડિયા ‘એક્સ’ પર લખ્યું હતું કે અમે હુમલાખોર અમેરિકાને બરાબરનો પાઠ ભણાવીશું કે જેથી જે ભવિષ્યમાં ક્યારેય ઇરાન પર હુમલો કરવાનું વિચારી પણ નહિ શકે.

દરમિયાન, ઇઝરાયલે તહેરાનમાં અનેક ઠેકાણે મંગળવારે બપોરે હુમલા કર્યા હતા.

હોર્મુઝ સામુદ્રધુનીમાંથી જહાજોની અવરજવર મોટા ભાગે બંધ થઇ ગઇ હોવાથી હવે ઘણાં જહાજ માલસામાનના વહન માટે નવા દરિયાઇ માર્ગનો ઉપયોગ કરી રહ્યા છે.

ઇરાનની મહિલા સૉકર ટીમને ઑસ્ટ્રેલિયામાં આશ્રય અપાયો હતો.

ઇરાનનો ટેકો ધરાવતા ઉગ્રતાવાદી સંગઠન હિઝબુલ્લાહે કરેલા હુમલામાં ઇરાકમાં પાંચ જણ માર્યા ગયાં હતાં. ટ્રમ્પ અને પુતિને ફોન પર અંદાજે એક કલાક મંત્રણા કરી હતી અને અખાત તેમ જ યુક્રેનના યુદ્ધને લીધે ઊભી થયેલી વૈશ્વિક સમસ્યા અંગે ચર્ચા કરી હતી. (એજન્સી) ■

### વૈશ્વિક અર્થતંત્ર

કરીને ઈરાનના સર્વોપરી નેતા ખામનેઈની હત્યા કર્યા બાદ આ માર્ગ બંધ છે.

ઈન્ટરનેશનલ મોનેટરી ફંડના મુખ્ય અર્થશાસ્ત્રી મોરિસ ઓબસ્ટફેલ્ડે કહ્યું હતું કે અમેરિકાએ હોર્મુઝ બંધ થશે એવા ડરથી જ યુદ્ધને ટાળીને ઈઝરાયલને સંયમ રાખવાનું કહ્યું હતું. જોકે હવે આખું વિશ્વ આ યુદ્ધની માઠી અસર ભોગવી રહ્યું છે.

તેલના ભાવ ૨૭ ફેબ્રુઆરીએ એક બેરલદીઠ ૭૦ અમેરિકન ડૉલર હતા અને તે વધીને સોમવારે ૧૨૦ ડૉલર થઈ ગયા હતા. હવે તે ૯૦ ડૉલર પર સ્થિર થયા છે. એશિયા અને યુરોપ મિડલ ઈસ્ટના તેલ પર આધાર રાખતા હોવાથી તેમના પર અમેરિકા કરતાં વધુ ખરાબ અસર પડી છે.

તેલના ભાવમાં ૧૦ ટકા વધારાથી વૈશ્વિક ફુગાવો ૦.૨ ટકા વધશે. યુરોપના મોટા ભાગના દેશો. દક્ષિણ કોરિયા, તાઈવાન, જપાન, ભારત અને ચીનમાં ઈંધણના ભાવ આસમાને પહોંચશે. પાકિસ્તાન કફોડી સ્થિતિમાં છે. તેની ઈંધણની અને એલજીપી ૪૦ ટકા આયાત કતારથી આવે છે. કતારે પુરવઠો બંધ કરી દીધો છે. ઈંધણના ઊંચા ભાવને લીધે પાકિસ્તાની કુટુંબો મોંઘવારીની આગમાં દાઝી રહ્યા છે અને એના અર્થતંત્રને નુકસાન થયું છે. ૩૦ ટકા ખાતર પણ હોર્મુઝથી પસાર થાય છે. આથી તેના ભાવ પણ વધ્યો છે અને તેની અછત ઊભી થઈ છે. (એજન્સી) ■

### ટ્રમ્પ ઈરાનમાં

યુદ્ધથી કોઈ આર્થિક કે લશ્કરી લાભ મળે તેવું લાગતું નથી. તેમજ યુદ્ધ વધુ વધવાથી રિપબ્લિકન મતદારો ગુસ્સે થઈ શકે છે. જે આ વર્ષના અંતમાં યોજાનારી મધ્યસત્ર ચૂંટણીઓ માટે ઘાતક સાબિત થઈ શકે છે.

અમેરિકાનો ઉદ્દેશ યુદ્ધની શરૂઆતમાં ઈરાનમાં બળવો કરાવવાનો હતો. તેમજ અમેરિકાએ યુદ્ધના બીજા દિવસે ઈરાનના સર્વોચ્ચ નેતા અલી ખામનેઈની હત્યા કરી. ઈરાનના ચાલીસ ટોચના કમાન્ડરો માર્યા ગયા. પ્રમુખ અને વિદેશ પ્રધાનની પણ હત્યા કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો. આ છતાં, ઈરાને યુદ્ધમાં અમેરિકા સામે લડવાનું ચાલુ રાખ્યું. ■

### ઈન્ડિગો એરના

છઠ્ઠી સપ્ટેમ્બર, ૨૦૨૨થી ઈન્ડિગોના સીઈઓ તરીકે કાર્યરત અલ્બર્સનું રાજીનામું અચાનક આવ્યું છે. તેમણે પોતાના નિર્ણય પાછળ અંગત કારણો દર્શાવ્યા છે અને એરલાઇનને નોટિસ પીરિયડ માફ કરવા વિનંતી પણ કરી હતી.

ઇન્ટરગ્લોબ એવિએશને મંગળવારે એક યાદીમાં જણાવ્યું હતું કે, તાત્કાલિક અસરથી પીટર એલ્બર્સ ઇન્ટરગ્લોબ એવિએશન લિમિટેડ (ઈન્ડિગો)ના સીઈઓપદેથી પદત્યાગ કરશે. ■

### ન્યાયતંત્રમાં ભ્રષ્ટાચાર

કરીને જણાવ્યું હતું કે, જે લોકો પાસે ન્યાયતંત્રમાં ભ્રષ્ટાચાર પ્રકરણ ધરાવતા ધોરણ આઠમાના પ્રતિબંધિત પાઠ્યપુસ્તકો છે, તેઓ તેને વહેલી તકે પરત કરે.

એનસીઈઆરટીએ કડક શબ્દોમાં જારી કરેલી એડવાઈઝરીમાં એમ પણ જણાવ્યું છે કે, સોશ્યલ મીડિયા પર શેર કરવામાં આવેલી પ્રતિબંધિત પાઠ્યપુસ્તકોના વિવાદાસ્પદ પ્રકરણ સાથે જોડાયેલી સામગ્રીને તાત્કાલિક દૂર કરવામાં આવે. કેન્દ્રીય શિક્ષણ મંત્રાલયે ગુરુવારે માહિતી અને પ્રસારણ મંત્રાલય અને ઇલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેકનોલોજી મંત્રાલયને પત્ર લખીને ડિજિટલ પ્લેટફોર્મ અને ઇલેક્ટ્રોનિક મીડિયા દ્વારા વિવાદાસ્પદ એનસીઈઆરટી પાઠ્યપુસ્તકનું પ્રસારણ અટકાવવા જણાવ્યું હતું. ■

### ચીન સહિતના

બાંગ્લાદેશ, પાકિસ્તાન, ભુતાન, નેપાળ, મ્યાનમાર અને અફઘાનિસ્તાનની કંપનીઓએ ભારતમાં કોઇ પણ ક્ષેત્રમાં સીધું વિદેશી રોકાણ કરવા ભારત સરકારની પરવાનગી લેવી ૨૦૨૦ની પ્રેસ નૉટ ૩ મુજબ ફરજિયાત હતી, પરંતુ હવે તેમાં સુધારો કરીને એફડીઆઇ સરળ બનાવ્યું છે. ચીન ભારતમાં ૨૦૦૦ના એપ્રિલથી ૨૦૨૫ના ડિસેમ્બર સુધીના સમયગાળામાં રોકાણ કરનારા દેશોમાં ૨૩મા ક્રમે હતો. તેનો ભારતમાંના કુલ એફડીઆઇમાં માત્ર ૦.૩૨ ટકા એટલે કે ૨.૫૧ અબજ ડૉલરનો હિસ્સો હતો.

સરહદ પરના ગલવાન ખીણ વિસ્તારમાં ભારત અને ચીનના લશ્કર વચ્ચેના ઘર્ષણ બાદ બન્ને દેશના સંબંધ વધુ વણસ્યા હતા. ભારતે ટિકટૉક, વીચેટ અને અલીબાબાના યુસી બ્રાઉઝર જેવા ચીનના ૨૦૦ મોબાઇલ ઍપ પર પ્રતિબંધ મૂક્યો હતો.

આમ છતાં, ભારત અને ચીન વચ્ચેના દ્વિપક્ષી સંબંધમાં થોડો સુધારો થતાં ચીન હાલમાં ભારતનું બીજા ક્રમનું વેપાર ભાગીદાર છે. મુંબઈ - દિલ્હી એક્સપ્રેસવેને મધ્ય પ્રદેશમાં ચાર લૅનનો કરવાનું કામ ૨૪ મહિનામાં પૂરું કરશે.

મોદીએ દરેક ગ્રામીણ ઘરમાં પીવાનું પાણી પૂરું પાડવા શરૂ કરેલા ‘જળ જીવન મિશન’ને ૨૦૨૮ના ડિસેમ્બર સુધી લંબાવવામાં આવ્યું છે. (એજન્સી) ■

### સમાન નાગરિક

વારસા માટે કોઈ કાયદો રહેશે નહીં. જસ્ટિસ સૂર્યકાંતે અરજદારો વતી દલીલ કરનાર ઍડવોકેટ પ્રશાંત ભૂષણને કહ્યું હતું કે સુધારાની અતિ ચિંતા કરવામાં આપણે મહિલાઓને વંચિત રાખીશું. કદાચ તેમને જે મળે છે એનાથી પણ ઓછું મળશે. જો શરિયત ધારા-૧૯૩૭ રદ થશે તો સવાલ એ છે કે શું આનાથી બિનજરૂરી શૂન્યાવકાશ નહીં સર્જાય? (એજન્સી) ■

### કોરોનાની રસીની

વ્યક્તિને કાયદામાં મળતા બીજા ઉપાયો અપનાવતા અટકાવશે નહીં. આ સાથે વળતરનું માળખું બનાવવાનો અર્થ કેન્દ્ર સરકાર કે બીજી ઓથોરિટી તરફથી ખામી કે બેજવાબદારીની કબૂલાત ન ગણવી.

૨૦૨૧માં કોરોનાની રસીનો પહેલો ડોઝ લીધા બાદ બે મહિલા મરણ પામી હતી. આ મહિલા વતી કરાયેલી અરજીમાં આક્ષેપ કરાયો હતો કે બન્ને મહિલાને રસી લીધા બાદ ગંભીર આડઅસર થઈ હતી. (એજન્સી) ■

# ₹ ૫૪૫ કરોડના જીએસટી કૌભાંડમાં નવો વળાંક, ડીજીજીઆઈ કરશે તપાસ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટમાં જીએસટી કૌભાંડમાં બે વેપારીની ધરપકડ કરવામાં આવી હતી. બોગસ ઇનપુટ ટેક્સ ક્રેડિટના રૂ. ૫૪૫ કરોડના કૌભાંડની તપાસ ચાલી રહી હતી. આ તપાસમાં ભ્રષ્ટાચારની ગંધ આવી જતા અમદાવાદ ડીજીજીઆઈના અધિકારીઓએ તપાસ હાથમાં લઈને બે વેપારીની ધરપકડ કરી હતી અને જવાબદાર અધિકારીઓ સામે પણ પગલાં લીધા હતા. જેના પગલે હવે માર્ચ મહિના સુધીમાં કોઈ નવા દરોડા પાડવા નહીં તેવા ઉચ્ચ કક્ષાએથી આદેશો બહાર પડી ગયા છે. ડાયરેક્ટર જનરલ ઓફ સેન્ટ્રલ જીએસટી ઇન્ટેલિજન્સ (ડીજીજીઆઈ) ના અમદાવાદ રાજકોટ અને ગાંધીધામના પાંચ ઓફિસરોની ટ્રાન્સફર કરી દેવામાં આવતા અંદાજે રૂ. ૧૦૦૦ કરોડના જીએસટી ચોરીના કેસની ચાલી રહેલી તપાસને મોટી અસર પડી છે એટલું જ નહીં ઉચ્ચકક્ષાએથી આદેશ પણ આપી દેવામાં આવ્યા છે કે સેન્ટ્રલ જીએસટીના અધિકારીઓ દ્વારા આડેધડ કેસ કરીને તેમજ કેસની પતાવટના નામે કથિત રીતે ભ્રષ્ટાચાર આચરવામાં આવ્યો હોવાથી માર્ચ મહિના સુધી નવી કોઈ પણ કાર્યવાહી નહીં કરવાના આદેશ આપી દેવામાં આવ્યા છે.

અમદાવાદ અને રાજકોટના પાંચ ઇન્ટેલિજન્સ ઓફિસરોની નાણાકીય લેવડદેવડ કેસની પતાવટ અને પુરાવા વગર અટક કરી દેવાની અનેક ફરિયાદો મળી હતી, જેની તપાસ બાદ અધિકારીઓની બદલી પણ કરી દેવામાં આવી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

તાજેતરમાં જ એક યુનિટમાં દરોડા પાડવામાં આવ્યા હતા. આ દરોડામાં પણ મોટા પાયે ભ્રષ્ટાચાર થયો હોવાનું બહાર આવ્યું હતું અને તેની તપાસ પણ હજુ ચાલી રહી છે. ટોચના સૂત્રોએ જણાવ્યું કે ગત એપ્રિલ મહિનાથી ફેબ્રુઆરી મહિના સુધીમાં અંદાજે રૂ. ૧૦૦૦ કરોડથી વધારેની જીએસટી ચોરી અંગેના કેસ કરવામાં આવ્યા હતા અને પાંચથી વધારે વેપારીની ધરપકડ પણ કરવામાં આવી હતી.

# યુદ્ધ સંબંધિત ગૅસ નિયંત્રણોથી અમદાવાદમાં કેમિકલ અને ટેક્સટાઇલ ઉત્પાદનને ફટકો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ઇઝરાયલ-ઈરાન યુદ્ધના કારણે ગૅસ કંપનીઓએ ઔદ્યોગિક ગ્રાહકોને પુરવઠો ઘટાડ્યા પછી અમદાવાદના કેમિકલ અને ટેક્સટાઇલ ક્લસ્ટરના ઔદ્યોગિક યુનિટો ઇનપુટ ખર્ચમાં વધારાનો સામનો કરી રહ્યા છે. ઉદ્યોગના પ્રતિનિધિઓએ જણાવ્યું હતું કે આ ગૅસની અછતના કારણે ઉત્પાદન ઘટ્યું છે, મુખ્ય કાચા માલનો પુરવઠો ઘટ્યો છે, જ્યારે સમગ્ર વેલ્યૂ ચેઈનના ભાવમાં તીવ્ર વધારો થયો છે.

કેમિકલ ઉત્પાદકોએ જણાવ્યું હતું કે તેઓ હાલમાં તેમની જરૂરિયાતના માત્ર ૪૦ ટકા ગૅસ મેળવી રહ્યા છે, જેના કારણે ઘણા એકમો ઓછી ક્ષમતાએ કામ કરવા મજબૂર છે. ઉત્પાદનમાં ઘટાડાને કારણે બેઝિક કેમિકલ્સ અને ઇન્ટરમીડિયેટના ભાવમાં એક પખવાડિયા પહેલાની સરખામણીમાં ૩૦-૪૦ ટકાનો વધારો થયો છે.

વટવા ઈન્ડસ્ટ્રિયલ એસ્ટેટના એક ઉદ્યોગકારના જણાવ્યા મુજબ, ગૅસ સપ્લાયના કારણે કેમિકલ પ્રોડક્શનને અસર થઈ છે. વિવિધ પ્રોટક્ટ જેવી કે, કોલસો, સલ્ફ્યુરિક એસિડ અને થૈલિક એનહાઈડ્રાઈડના ભાવમાં મોટો વધારો થયો છે, જેનાથી પ્રોડક્શન કોસ્ટ વધી છે, જેના કારણે માર્જિન ઘણું ઘટ્યું છે. ટેક્સટાઈલ પ્રોસેસર ખાસ કરીને નારોલ ક્લસ્ટરમાં ઈંધણની વધતી કિંમતના કારણે પ્રોડક્શન કોસ્ટ વધી છે. નારોલમાં મોટા ભાગના યુનિટ્સ ઈમ્પોર્ટેડ કોલસા અને લિગ્નાઈટ પર નિર્ભર છે. જેના કારણે તેમની મુશ્કેલી વધી છે. અનેક પ્રોસેસિંગ યુનિટ્સ માટે ફ્યૂઅલ સામાન્ય રીતે કુલ પ્રોડક્શન કોસ્ટનો લગભગ ૨૫ ટકા હોય છે.

મીડિયા સાથે વાત કરતા એક મોટા પ્રોસેસિંગ યુનિટના ડિરેક્ટરે જણાવ્યું હતું કે તાજેતરના અઠવાડિયામાં આયાતી કોલસાના ભાવમાં તીવ્ર વધારો થયો છે. તેમણે કહ્યું હતું કે, છેલ્લા ૧૫ દિવસમાં, ગુણવત્તાના આધારે આયાતી કોલસાના ભાવમાં સરેરાશ ૩૦ ટકાનો વધારો થયો છે, જેનાથી અમારા માર્જિનને ભારે નુકસાન થયું છે. ૪,૧૦૦ જીએઆર(ગ્રોસ એઝ રિસિવ્ડ) પર ઇન્ડોનેશિયન કોલસો પ્રતિ ટન રૂ. ૯,૦૦૦ ને વટાવી ગયો છે. આ સાથે, કલર કેમિકલના ભાવમાં ૨૫-૩૦ ટકાનો વધારો થવાથી, પ્રોસેસ હાઉસ પર ભારે બોજ પડ્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે, અમદાવાદ ભારતના સૌથી મોટા કોટન ટેક્સટાઇલ પ્રોસેસિંગ હબમાંનું એક છે. એકલા નારોલ ક્લસ્ટરમાં લગભગ ૧૨૫ પ્રોસેસિંગ યુનિટ છે જે મળીને વાર્ષિક આશરે ૨,૮૦૦ મિલિયન મીટર ફેબ્રિકનું પ્રોસેસિંગ કરે છે અને ૧.૫ લાખ લોકોને સીધી રોજગારી પૂરી પાડે છે.

# ગુજરાત સરકારના સબ સલામતના દાવા વચ્ચે ૫૫૩ બાળક બે વર્ષથી ગુમ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત વિધાનસભામાં વિપક્ષ કૉંગ્રેસના ધારાસભ્યોએ મિસિંગ ચિલ્ડ્રનનો મુદ્દો ઉઠાવ્યો હતો. ગૃહમાં ચર્ચા દરમિયાન કૉંગ્રેસના ધારાસભ્ય શૈલેષ પરમારે આ ગંભીર મુદ્દે સરકારને ઘેરી હતી. તેમણે જણાવ્યું હતું કે રાજ્યમાં બાળકો ગુમ થવાની ઘટનાઓ સતત વધી રહી છે. શૈલેષ પરમારે સરકાર પાસે માગ કરી હતી કે ગુમ થયેલા બાળકોને શોધવા માટે પોલીસ તંત્ર વધુ સક્રિય બને અને આ માટે કોઈ ખાસ ડ્રાઈવ ચલાવવામાં આવે. તેમણે રાજ્યના અલગ-અલગ જિલ્લાઓમાં નોંધાયેલા કેસ અંગે વિગતવાર માહિતી માગી હતી.

છેલ્લા બે વર્ષમાં ગુજરાતમાં તમામ જિલ્લામાંથી કુલ ૬૨૪૦ બાળક ગુમ થયા હતા, તેમાંથી ૫૫૩ શોધવાના બાકી છે. આ આંકડાઓ દર્શાવે છે કે શહેરી અને ગ્રામીણ બંને વિસ્તારોમાં બાળકો ગુમ થવાનું પ્રમાણ નોંધપાત્ર છે. સૌથી વધુ સુરતમાંથી ૮૪૧ બાળક ગુમ થયા હતા, તેમાંથી ૭૬ શોધવાના બાકી છે. અમદાવાદમાં ૮૦૯ ગુમ થયેલામાંથી ૪૧, ગાંધીનગરમાં ૨૦૮માંથી ૫૧ અને દાહોદમાં ૨૬૩માંથી બાવન બાળક હજુ સુધી શોધવાના બાકી હોવાનું પણ જવાબમાં જણાવાયું હતું.

આ જ પ્રકારે કૉંગ્રેસના ધારાસભ્યો દ્વારા વિધાનસભા ગૃહમાં વિવિધ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કુલ કેટલી મહિલા ગુમ થઈ અને તેમાંથી કેટલી હજુ શોધવાની બાકી છે તે અંગેના વિવિધ સવાલો પૂછવામાં આવ્યા હતા. જેના જવાબમાં ગૃહ વિભાગે જણાવ્યું હતું કે, કુલ ૬૭ મહિલા ગુમ થઇ હતી તે તમામ મળી ગઈ છે. સૌથી વધુ મહિલા ગુમ થઇ હોય તે જિલ્લાઓ પૈકી અમદાવાદ જિલ્લામાં ૨૦, સુરતમાં ૧૫નો સમાવેશ થાય છે. કૉંગ્રેસના વિમલ ચુડાસમાએ બાળકો ગુમ થવાના મુદ્દે કોઇ ગેંગની સંડોવણી છે કે માનવ તસ્કરીનો ભાગ છે તે અંગેના સવાલ પૂછ્યા હતા. ગૃહ વિભાગ વતી જવાબ આપતા રાજ્યકક્ષાના પ્રધાન કૌશિક વેકરિયાએ જણાવ્યું હતું કે મોટાભાગના બાળકો શોધી લેવાયા છે. તે સાથે સામાજિક કારણો જવાબદાર હોવાનું જણાવ્યું હતું.

# સૌરાષ્ટ્ર-કચ્છમાં આકરો તાપ, રાજકોટ ૪૦ ડિગ્રીએ તપ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં માર્ચ મહિનાની શરૂઆતથી જ ગરમીનું તીવ્ર મોજું ફરી વળ્યું છે. સૌરાષ્ટ્ર-કચ્છ સહિત સમગ્ર રાજ્યમાં આકરો તાપ અનુભવાઈ રહ્યો છે. સૌરાષ્ટ્રના રાજકોટમાં મંગળવારે ગરમીનો પારો સૌથી વધુ ૪૨ ડિગ્રીએ પહોંચ્યો હતો. રાજ્યના મોટાભાગનાં શહેરોમાં તાપમાન ૪૦ ડિગ્રી આસપાસ રહ્યું હતું. આવનારા બે ત્રણ દિવસોમાં પણ ગરમીથી છુટકારાની કોઈ આશા નથી.

અમદાવાદમાં મંગળવારે ૪૧.૪ ડિગ્રી મહત્તમ તાપમાન નોંધાયું હતું. વડોદરામાં પણ ૪૧, સુરતમાં ૪૦, પોરબંદરમાં ૪૦, અમરેલીમાં ૪૦ ડિગ્રી મહત્તમ તાપમાન નોંધાયું હતું.

આવનારા દિવસોમાં પણ સૌરાષ્ટ્ર અને કચ્છમાં ગરમી અકળાવશે. આ સાથે ઉત્તર ગુજરાતમાં પણ વાતાવરણ ગરમ રહેશે. શહેરોમાં ગીચતાને લીધે ગરમીનો અનુભવ વધારે થાય છે. માર્ચ મહિનામાં આટલો તાપ પડી રહ્યો છે ત્યારે આવનારા એપ્રિલ, મે કેવા રહેશે, તે અંગે લોકો ચર્ચા કરી રહ્યા છે.

# સતત બીજા દિવસે સરકારી કચેરીઓ, યુનિવર્સિટીને બૉમ્બની ધમકી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સતત બીજા દિવસે, ગુજરાતની અનેક સરકારી કચેરીઓ, પાસપોર્ટ કચેરીઓ, પોસ્ટ ઓફિસો અને એક યુનિવર્સિટીને બૉમ્બ ધમકીના ઇમેઇલ મળ્યા, જેના કારણે અનેક શહેરોમાં સુરક્ષા એજન્સીઓ દોડતી થઈ હતી.

વડોદરાની પારુલ યુનિવર્સિટીને સૌથી પહેલા ધમકી મળી હતી. કેમ્પસમાં વિસ્ફોટકો હોવાની ચેતવણી આપતા ઇમેઇલ બાદ, પોલીસ, બૉમ્બ ડિસ્પોઝલ સ્ક્વોડ, ડોગ સ્ક્વોડ, લોકલ ક્રાઈમ બ્રાન્ચ અને સ્પેશિયલ ઑપરેશન ગ્રૂપની ટીમો ઘટનાસ્થળે દોડી ગઈ હતી. વિદ્યાર્થીઓ અને સ્ટાફને ખાલી કરાવવામાં આવ્યા હતા અને સમગ્ર કેમ્પસની તપાસ કરવામાં આવી હતી. અધિકારીઓએ જણાવ્યું હતું કે ૨૯ ભારતીય રાજ્યો અને ૭૫થી વધુ દેશોના ૬૫,૦૦૦થી વધુ વિદ્યાર્થીઓ યુનિવર્સિટીમાં અભ્યાસ કરે છે, જેના કારણે ખાલી કરાવવા દરમિયાન વડોદરા-વાઘોડિયા રોડ પર ભારે ભીડ જોવા મળી હતી.

સુરતમાં, પીપલોદ વિસ્તારમાં મુખ્ય પાસપોર્ટ ઑફિસને પણ વહેલી સવારે ધમકીભર્યો ઈમેલ મળ્યો હતો. અધિકારીઓએ તાત્કાલિક ઈમારત ખાલી કરાવી અને સંપૂર્ણ તપાસ શરૂ કરી હતી. ઉમરા પોલીસ સ્ટેશન, બૉમ્બ ડિસ્પોઝલ સ્ક્વૉડ અને ડોગ સ્ક્વૉડની ટીમોએ તપાસ હાથ ધરી હતી. ઈમેલ્સ ગુજરાતી અને અંગ્રેજી એમ બન્ને ભાષામાં મળ્યા હતા. સાયબર ટીમ ઈમેલ મોકલનારની શોધમાં લાગી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ભાવનગરમાં, મુખ્ય પોસ્ટ ઑફિસની અંદર સ્થિત પાસપોર્ટ વિભાગને પણ આવી જ ધમકી મળી હતી, જ્યારે જૂનાગઢમાં, ગાંધીગ્રામ વિસ્તારમાં આવેલી પોસ્ટ ઑફિસને ફરીથી ધમકીભર્યા ઇમેઇલ મળ્યા હતા. આથી સુરક્ષા એજન્સીઓએ તપાસ શરૂ કરી હતી.

રાજકોટમાં, પાસપોર્ટ ઑફિસ અને પોસ્ટ ઑફિસ બંનેને બપોરે ૧૨:૧૫ વાગ્યાની આસપાસ વિસ્ફોટ થવાની ચેતવણી મળી હતી. ઑફિસો ખાલી કરાવવામાં આવી હતી અને ક્રાઈમ બ્રાન્ચ, એસઓજી એ-ડિવિઝન પોલીસ અને બૉમ્બ ડિટેક્શન સ્ક્વૉડની ટીમોએ શોધખોળ હાથ ધરી હતી.

પોલીસે એમ પણ જણાવ્યું હતું કે અમદાવાદની પાસપોર્ટ ઑફિસને ધમકીભર્યો ઈમેલ મળ્યો હતો, ત્યારબાદ સુરક્ષા ટીમોને સ્થળ પર મોકલવામાં આવી હતી અને તપાસ કામગીરી શરૂ કરવામાં આવી હતી.

અધિકારીઓએ જણાવ્યું હતું કે ઇમેઇલ્સ બનાવટી ધમકીઓ હોય તેમ જણાય રહ્યું છે, પરંતુ સુરક્ષા એજન્સીઓએ સાવચેતીરૂપે તમામ સ્થળોએ સંપૂર્ણ તપાસ હાથ ધરી છે.

# મુંદરા બંદર પર હવે રાત્રે પણ થશે કસ્ટમ ક્લિયરન્સ અને ઇન્સ્પેક્શન

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કેન્દ્ર સરકારના 'ઈઝ ઑફ ડુઈંગ બિઝનેસ'ના અભિગમને વેગ આપવા માટે કસ્ટમ વિભાગ દ્વારા એક મહત્ત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે.

મુંદરા મહાબંદરે હવેથી રાત્રિના સમયે પણ કન્ટેનર ઇન્સ્પેક્શન અને ક્લિયરન્સની સુવિધા કાર્યરત કરવામાં આવી છે, જેનાથી હજારો નિકાસકારો અને ટ્રાન્સપોર્ટરોને લાંબા સમયની પ્રતિક્ષામાંથી મુક્તિ મળશે. અગાઉ મુંદરા બંદર પર રાત્રિ દરમિયાન ઇન્સ્પેક્શનની સુવિધા ઉપલબ્ધ ન હોવાને કારણે નિકાસના કન્ટેનરોએ ૮ થી ૧૦ કલાક સુધી રાહ જોવી પડતી હતી. આ ગંભીર સમસ્યા અંગે ગાંધીધામ ચેમ્બર ઑફ કોમર્સ દ્વારા કસ્ટમ્સ કમિશ્નર નીતિન સૈની સમક્ષ રજૂઆત કરવામાં આવી હતી. આ રજૂઆતને પગલે તેમણે નાઈટ શિફ્ટમાં ક્લિયરન્સ પ્રક્રિયા શરૂ કરવાનો ત્વરિત નિર્ણય લીધો છે. આ નવી વ્યવસ્થાથી ઉદ્યોગ જગતને લાભ થશે, જેમાં કન્ટેનરોએ હવે રાત્રે બંદર પર કલાકો સુધી ઊભા નહીં રહેવું પડે, જેનાથી ટર્નઅરાઉન્ડ સમય ઘટશે. આ ઉપરાંત લોજિસ્ટિક્સ અને ટ્રાન્સપોર્ટેશનના વધારાના વેઇટિંગ ચાર્જ અને ખર્ચમાં મોટો ઘટાડો થશે.

ફેક્ટરી સ્ટફિંગ કન્ટેનરોનું ઇન્સ્પેક્શન રાત્રે જ પૂર્ણ થઈ જવાથી તે સમયસર માલવાહક જહાજ સુધી પહોંચી શકશે.આ સુવિધા શરૂ કરાવવા માટે માત્ર ગાંધીધામ ચેમ્બર જ નહીં, પરંતુ મોરબી સિરામિક્સ ઇન્ડસ્ટ્રીઝના પ્રમુખ નીલેશભાઈ જેતપરિયા અને ઇન્ડિયન રાઈસ એક્સપોર્ટ એસોસિયેશન, દિલ્હી દ્વારા પણ સક્રિય પ્રયાસો કરવામાં આવ્યા હતા. ગાંધીધામ ચેમ્બરની શિપિંગ કમિટીના સભ્ય નરેન્દ્ર રામાણીએ પણ આ પ્રક્રિયામાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. દરમ્યાન, મુંદરા પોર્ટ દેશનું સૌથી વ્યસ્ત પોર્ટ છે.

# ઈરાન યુદ્ધના પગલે અમદાવાદ ઍરપોર્ટથી ખાડી દેશો માટે ફ્લાઈટ આંશિક રીતે ફરી શરૂ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ઈરાન વિરુદ્ધ અમેરિકા અને ઈઝરાયલના હવાઈ હુમલા બાદ અનેક ખાડી દેશોએ તેમની એર સ્પેસ બંધ કરી દીધી હતી જેથી ખાડી દેશો માટે ફ્લાઈટ ઓપરેશનમાં વિક્ષેપ સર્જાયો હતો. જોકે હવે ભારત અને પશ્ચિમ એશિયા વચ્ચે એર ટ્રાફિક ફરી એક વખત ધીમે-ધીમે શરૂ થઈ ગયો છે.

ખાડી દેશોમાં એરસ્પેસ થોડું ખૂલતા જ અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટથી મંગળવારે અનેક ઈન્ટરનેશનલ ફ્લાઈટે ઉડાન ભરી હતી. જેથી ખાડી દેશો સાથે યાત્રા કરનારા યાત્રિકોને રાહત મળી હતી. જોકે, અમુક સ્થળોએ જતી ફ્લાઈટ્સ રદ કરવાની ફરજ પણ પડી હતી.

એરપોર્ટ વેબસાઇટ અનુસાર, અમદાવાદ અને દુબઈ, અબુ ધાબી અને શારજાહ સહિતના મુખ્ય ખાડી શહેરો વચ્ચે ફ્લાઇટ્સનું સંચાલન થયું હતું. મંગળવારે જે ફ્લાઇટ્સનું સંચાલન થયું તેમાં દુબઈ માટે સ્પાઇસજેટની હવાઈ સેવા, અબુધાબી માટે એર અરેબિયાની અબુધાબી ફ્લાઇટ્સ, શારજાહ માટે એર અરેબિયાની ફ્લાઇટ્સ, અબુધાબી માટે ઇતિહાદ એરવેઝની ફ્લાઇટ્સ, દુબઈ માટે એમિરેટ્સની ફ્લાઇટ્સ અને દુબઈ માટે ફ્લાય દુબઈની ફ્લાઇટ્સનો સમાવેશ થતો હતો.

કેટલીક ફ્લાઈટ ફરી શરૂ થવા છતાં દિવસ દરમિયાન આવનજાવન કરતી ઘણી ફ્લાઈટ્સ કેન્સલ કરવામાં આવી હતી. અમદાવાદથી અનેક ફ્લાઇટ્સ રદ કરવામાં આવી હતી, જેમાં ઇન્ડિગોની ફ્લાઇટ ૬ઈ-૧૪૩૧થી અબુધાબી માટે ૨૨:૪૦ વાગ્યે, ઇન્ડિગોની ફ્લાઇટ ૬ઈ-૧૨૪૩ થી કુવૈત સિટી માટે ૨૧:૨૦ વાગ્યે, ઇતિહાદ એરવેઝની ફ્લાઇટ ઈ-વાય-૨૪૧ થી અબુ ધાબી માટે ૨૧:૦૦ વાગ્યે, ઇન્ડિગોની ફ્લાઇટ ૬ઈ-૦૭૫ થી જેદ્દાહ માટે ૧૫:૨૫ વાગ્યે, કતાર એરવેઝની ફ્લાઇટ ક્યુઆર-૫૩૫ થી દોહા માટે ૦૩:૫૦ વાગ્યે, ઇન્ડિગોની ફ્લાઇટ ૬ઈ-૧૪૭૭ થી દુબઈ માટે ૦૨:૨૫ વાગ્યે અને કુવૈત એરવેઝની ફ્લાઇટ કેયુ-૩૪૬થી કુવૈત સિટી માટે ૦૨:૦૦ વાગ્યેનો સમાવેશ થાય છે.

પશ્ચિમ એશિયાની પરિસ્થિતિના આધારે ફ્લાઇટ શેડ્યૂલમાં ફેરફાર થઈ શકે છે અને મુસાફરોને યાત્રા કરતા પહેલા એરલાઇન્સ પાસેથી જાણકારી મેળવવાની સલાહ આપવામાં આવી છે.

# ગુજરાત સરકાર દ્વારા ફી નિયમોનું ઉલ્લંઘન કરનારી ૧૦થી વધુ શાળા સામે દંડાત્મક કાર્યવાહી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્યની કોઈપણ શાળા ફી નિયમોનું ઉલ્લંઘન કરે અથવા વાલીઓ તરફથી ફરિયાદ મળે તો ફી રેગ્યુલેટરી કમિટી (એફઆરસી) દ્વારા ખૂબ જ કડક કાર્યવાહી કરવામાં આવે છે, જેમાં પ્રથમ વાર ફરિયાદ મળે તો રૂ. પાંચ લાખ સુધીનો દંડ, બીજી વાર રૂ. ૧૦ લાખ સુધીનો દંડ અને જો ત્રીજી વાર ફરિયાદ મળે તો શાળાની માન્યતા રદ કરવા સુધીની કાર્યવાહી કરવામાં આવે છે. જે અંતર્ગત અત્યાર સુધીમાં રાજ્ય સરકાર દ્વારા ફી નિયમોનું ઉલ્લંઘન કરનારી ૧૦થી વધુ શાળા સામે દંડાત્મક કાર્યવાહી કરવામાં આવી છે, તેમ શિક્ષણ રાજ્ય પ્રધાન રિવાબા જાડેજાએ વિધાનસભામાં પૂછવામાં આવેલા પ્રશ્નનો જવાબ આપતા જણાવ્યું હતું.

રાજ્ય પ્રધાન જાડેજાએ કહ્યું હતું કે, રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા શાળાઓમાં શિક્ષણનું સ્તર સુધારવા અને વાલીઓને ફી બાબતે પડતી મુશ્કેલીઓના નિવારણ માટે રાજ્યમાં તા. ૨૭ એપ્રિલ, ૨૦૧૭થી ફી રેગ્યુલેટરી કમિટી-(એફઆરસી)ની રચના કરવામાં આવી છે. આ સમિતિના કાર્યક્ષેત્રમાં રાજ્યની પૂર્વ-પ્રાથમિક, પ્રાથમિક, ઉચ્ચ પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક સહિત તમામ પ્રકારની સ્વનિર્ભર શાળાઓનો સમાવેશ થાય છે. વધુમાં, ગુજરાત બોર્ડ ઉપરાંત સીબીએસઈ અને આઈસીએસઈ જેવા તમામ બોર્ડ સાથે જોડાયેલી સ્વનિર્ભર શાળાઓ તેમજ ગ્રાન્ટેડ શાળાઓનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. તેમણે ઉમેર્યું હતું કે, વાલીઓની સુવિધા અને પારદર્શિતા માટે સમગ્ર પ્રક્રિયાને ઓનલાઇન કરવામાં આવી છે, તેમ પ્રધાને ઉમેર્યું હતું.

### સ્થાનિક સ્વરાજની ચૂંટણી માટે કૉંગ્રેસની હાઈટેક તૈયારી

# ૫૦ ટકા બેઠક પર યુવાનોને ઉમેદવારી અને ક્યૂઆર કૉડથી અરજી

અમદાવાદઃ ગુજરાતમાં રાજકીય પક્ષો સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીની તૈયારીમાં પડ્યા છે. કૉંગ્રેસ પણ ફરી મેદાને ઉતરવાની તૈયારી કરી રહ્યું છે ત્યારે આ વખતે પક્ષે ટેકનોલોજીનો ઉપયોગ કરવાની તેમ જ નવા ચહેરાઓને તક આપવાની જાહેરાત કરી હતી.

ગુજરાત પ્રદેશ કૉંગ્રેસ સમિતિના પ્રમુખ અમિત ચાવડાએ જણાવ્યું હતું કે ગુજરાતમાં ટૂંક સમયમાં સ્થાનિક સ્વરાજની સંસ્થાઓની ચૂંટણીઓ યોજાવાની છે. સીમાંકનની પ્રક્રિયાને કારણે આ ચૂંટણીઓમાં વિલંબ થયો હતો, પરંતુ હવે રાજ્યભરમાં ચૂંટણી માટેની તૈયારીઓ પૂર્ણ તબક્કે પહોંચી ગઈ છે. સમગ્ર ગુજરાતમાં કુલ ૧૫ મહાનગરપાલિકાની ૧૦૪૪ બેઠક, ૩૪ જિલ્લા પંચાયતની લગભગ ૧૦૮૪ બેઠક, ૨૬૨ તાલુકા પંચાયતની ૫૨૧૪ બેઠક અને ૮૩ નગરપાલિકાની લગભગ ૨૫૯૬ બેઠક માટે ચૂંટણી યોજાવાની છે. આ રીતે રાજ્યના લગભગ ૯૫% વિસ્તારની આશરે ૧૦,૦૦૦ જેટલી બેઠક પર ચૂંટણી યોજાશે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે ગુજરાતના ૧૫ મહાનગરમાં ઉમેદવારી ઇચ્છતા લોકો માટે ઓનલાઇન ક્યુઆર કોડ દ્વારા અરજી કરવાની વ્યવસ્થા શરૂ કરવામાં આવી છે. ક્યુઆર કોડ સ્કેન કરીને ઉમેદવારો પોતાની વિગતો સાથે ફોર્મ ભરી શકશે. ત્યારબાદ ૧૧ થી ૨૦ માર્ચ દરમિયાન તેમની રૂબરૂ મુલાકાત લઈને પેનલ તૈયાર કરવામાં આવશે.

સ્થાનિક સ્વરાજ સંસ્થાઓમાં ૫૦% બેઠકો મહિલાઓ માટે અનામત છે તેમજ એસસી, એસટી અને ઓબીસી વર્ગો માટે પણ અનામત બેઠકો છે. તેથી મહિલાઓ અને પછાત વર્ગોના સક્ષમ લોકોને પણ આગળ આવી ઉમેદવારી નોંધાવવાની અપીલ કરી હતી.

આ સાથે તેમણે જણાવ્યું હતું કે કૉંગ્રેસ આવનારી ચૂંટણીઓમાં ૫૦ ટકા બેઠક પર ૫૦ વર્ષથી ઓછી ઉંમરના ઉમેદવારોને તક આપશે. વિધાનસભા કૉંગ્રેસ પક્ષના નેતા ડૉ. તુષાર ચૌધરીએ જણાવ્યું હતું કે આ વખતે કૉંગ્રેસ પક્ષ કેટલાક શહેરોમાં મેયરપદના સંભવિત ઉમેદવારોની અગાઉથી જાહેરાત કરવાની પણ તૈયારીમાં છે, જેથી મતદારોને સ્પષ્ટ નેતૃત્વનો વિકલ્પ મળી શકે. ગુજરાતમાં ભાજપ અને કૉંગ્રેસ ઉપરાંત આમ આદમી પાર્ટી પણ મેદાનમાં ઊતરવાની હોવાથી ત્રિપાંખિયો જંગ જામશે.

# ગુજરાત સરકારની માલિકીના વિમાન-હેલિકૉપ્ટરના મેઈન્ટેનન્સમાં બે વર્ષમાં ₹ ૮૬ કરોડનો ખર્ચ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ કૉંગ્રેસના ધારાસભ્ય ઈમરાન ખેડાવાલાએ વિધાનસભામાં ગુજરાત સરકારની માલિકીના વિમાન અને હેલિકૉપ્ટર પાછળ ખર્ચ અંગે મહત્ત્વનો સવાલ કર્યો હતો. જેના જવાબથી કેટલીક ચોંકાવનારી વિગતો બહાર આવી હતી. ઈમરાન ખેડાવાલાએ સવાલ પૂછ્યો હતો કે, બે વર્ષમાં સરકારી પ્લેન-હેલિકૉપ્ટર અને પાઇલોટ પાછળ ગુજરાત સરકારે કેટલો ખર્ચ કર્યો છે. આ અંગે સરકારે લેખિત જવાબમાં જણાવ્યું હતું કે, સરકારી માલિકીના પ્લેન અને હેલિકૉપ્ટરના મેઈન્ટેનન્સ માટે ૫૬ કરોડ ૬૬ લાખ ૩૨ હજાર ૪૨૧ રૂપિયા ખર્ચ કરાયો છે. જ્યારે પાઇલોટ્સ અને અન્ય સ્ટાફ પાછળ ૧ કરોડ ૫૮ લાખ ૯૭ હજાર ૮૪૮ રૂપિયા ખર્ચ કરાયો છે. કુલ ખર્ચ ૮૬ કરોડ ૩૩ લાખ ૫૫ હજાર ૫૩૧ રૂપિયાનો ખર્ચ થયો છે.

# ગુજરાતમાં ૧.૫ લાખથી વધુ સરકારી સંપત્તિઓનું થશે ડિજિટલ મોનિટરિંગ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં હવે રાજ્યમાં હયાત રોડ, બ્રિજ, બિલ્ડિંગ સહિત તમામ સરકારી તેમ જ જાહેર ઇન્ફ્રાસ્ટ્રક્ચરનું રાજ્ય કક્ષાએથી ઇન્ટીગ્રેટેડ મોનિટરિંગ થશે કે જેથી કોઈ પણ ઇન્ફ્રાસ્ટ્રક્ચર સામાન્ય પ્રજાની સલામતી માટે જોખમકારક ન બને. ગુજરાત સરકારે એસેટ સેફ્ટી મોનિટરિંગ પોર્ટલની જાહેરાત કરી હતી.

રાજ્ય સરકારના આ નિર્ણય અંગે સામાન્ય વહિવટી વિભાગ (જીએડી) દ્વારા તાજેતરમાં એક પરિપત્ર જાહેર કરવામાં આવ્યો છે. પરિપત્ર મુજબ રાજ્યના રોડ, બ્રિજ, સરકારી ઇમારતો તથા અન્ય નાગરિક ઇન્ફ્રાસ્ટ્રક્ચર સહિત ૧.૫૦ લાખથી વધુ જાહેર સંપત્તિઓની હવે એક જ સેન્ટ્રલાઇઝ્ડ ડિજિટલ પ્લેટફોર્મ પર નોંધણી થશે. જીઆઈએસ આધારિત લોકેશન, ફોટોગ્રાફ્સ, સંરક્ષક અધિકારીની વિગતો તથા ખાસ ડિજિટલ ઓળખ, આ સંપૂર્ણ વ્યવસ્થા મિલકતોની આવરદાની વૈજ્ઞાનિક તેમ જ સતત દેખરેખ સુનિશ્ચિત કરશે. તેનાથી માત્ર વર્તમાન સુરક્ષા જ મજબૂત નહિં થાય, પણ ભવિષ્યની બાંધકામ પ્રક્રિયા પણ ડેટા આધારિત બનશે.

રાજ્ય સરકારે આપેલી માહિતી અનુસાર એસેટ સેફ્ટી મોનિટરિંગ પોર્ટલના માધ્યમથી એ સુનિશ્ચિત કરવામાં આવશે કે કોઈ પણ મિલકતની માળાખકીય નબળાઈ, નિરીક્ષણમાં વિલંબ કે રિપેરિંગની જરૂરિયાત પ્રત્યે બેદરકારી ન થાય. સ્વચાલિત નિરીક્ષણ કેલેન્ડર તથા રિયલ-ટાઇમ ઍલર્ટ સિસ્ટમ વહીવટી તંત્રને સમયસર કાર્યવાહી માટે ફરજ પાડશે.

આ પોર્ટલ પર ફીલ્ડ ઑફિસર્સ ડિજિટલ લોગિન વડે નિરીક્ષણ રિપોર્ટ તથા ફોટોગ્રાફ્સ અપલોડ કરશે.

# ધોરણ દસમાના વિદ્યાર્થીના ઈન્સ્યોરન્સ ક્લેઇમ મામલે કન્ઝ્યુમર કમિશને વીમા કંપનીને ઝાટકી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ પરફ્યુરેટેડ એપેન્ડિક્સ જે છિદ્રિત એપેન્ડિક્સના નામે પણ ઓળખાય છે, તેનાથી પીડાતા એક દસમાં ધોરણના વિદ્યાર્થીના કેસમાં સુરત કન્ઝ્યુમર ડિસ્પ્યુટ્સ રિઅડ્રેસલ કમિશન (સીડીઆરસી)એ વીમા કંપનીને ઝાટકી હતી અને વિદ્યાર્થીને રૂ. ૨.૨ લાખનું વળતર આપવા આદેશ આપ્યો હતો. કમિશનને જણાવ્યું હતું કે એક દસમા ધોરણનો વિદ્યાર્થી આવી બીમારી હોવા છતાં પરીક્ષા આપતો હોય, તો તમારે તેની હિંમતને દાદ આપવી જોઈએ અને આવી સ્થિતિમાં તેમને સૌથી સારી સેવા આપવી જોઈએ.

એક અહેવાલ દ્વારા આ કેસની મળતી વિગતો અનુસાર સુરતના એક વેપારીએ ૨૦૨૦માં એક વીમા કંપની પાસેથી રૂ. ૫ લાખની વીમા પૉલિસી લીધી હતી. માર્ચ ૧૧, ૨૦૨૦ના રોજ તેમના પુત્રની તબિયત લથડી હતી અને તેને હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. તેને પરફ્યુરેટેડ એપેન્ડિક્સ હોવાનું નિદાન થયું હતું અને તે જ દિવસે તેની સર્જરી પણ કરવામાં આવી હતી. આ સમય દરમિયાન તેની દસમા ધોરણની બોર્ડ એક્ઝામ પણ હતી. તેનું વર્ષ ન બગડે તે માટે ડૉક્ટરે તેને પરીક્ષામાં બેસવા માટે પરવાનગી આપી હતી. માર્ચ ૧૯, ૨૦૨૦ના રોજ તેના ડિસ્ચાર્જ બાદ વેપારીએ રૂ. ૨.૨ લાખ માટે વીમા કંપનીમાં ક્લેઇમ કર્યો હતો, જેને વીમા કંપનીએ નકારી કાઢ્યો હતો. અહેવાલ અનુસાર કંપનીએ એવું કારણ આપ્યું હતું કે વીમાધારક વિદ્યાર્થી પરીક્ષામાં બેઠો હતો, તેનો અર્થ એવો થાય છે કે તેને હૉસ્પિટલમાં દાખલ કરવાની જરૂર ન હતી. ત્યારબાદ વેપારી પિતાએ સુરત સીડીઆરસીમાં જાન્યુઆરી, ૨૦૨૧માં ફરિયાદ દાખલ કરી હતી. જેના જવાબમાં કમિશને વીમા કંપનીને વળતર ચૂકવવાનો આદેશ આપ્યો હોવાનું અહેવાલમાં જણાવવામાં આવ્યું હતું.

# મુંબઈના ચાર ચેકનાકા પાસે ક્લૉક ટાવર્સ ઊભા કરાશે

મુંબઈ: મુંબઈ મહાનગરપાલિકા ઐરોલી, વાશી, દહિસર અને મુલુંડ ચેકનાકા પાસે કમાન આકારના ચાર પ્રવેશદ્વાર સાથે ક્લૉક ટાવર્સ ઊભા કરશે, જેમાં મુંબઈની સાંસ્કૃતિક ધરોહરની ઝાંખી હશે. આ માટે ટૂંક સમયમાં જ એક પ્રસ્તાવ તૈયાર કરવામાં આવશે અને પ્રોજેક્ટ શરૂ કરવા માટે સંબંધિત વિભાગો સાથે બેઠકો યોજવામાં આવશે. આ પ્રોજેક્ટને ધ્યાનમાં રાખીને મુંબઈનાં મેયર દ્વારા મંગળવારે મુંબઈમાં પ્રવેશના ત્રણ ચેકનાકાનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. મુંબઈના ચાર એન્ટ્રી પૉઈન્ટ વાશી, ઐરોલી, મુલુંડ અને દહિસર પાસે ક્લૉક ટાવર્સની તેમણે જાહેરાત કરી હતી. આ પ્રોજેક્ટને મહાપાલિકાના ૨૦૨૬-૨૭ના બજેટમાં સમાવવામાં આવ્યો છે. આ નવાં પ્રવેશદ્વાર અને ક્લૉક ટાવર્સ શહેરની સામાજિક, સાંસ્કૃતિક અને આર્થિક ઓળખને પ્રતિબિંબિત કરશે, જે ટુરિસ્ટો અને સ્થાનિક નાગરિકોને પોતાની આગવી ડિઝાઈન દ્વારા મુંબઈની સાંસ્કૃતિક ધરોહરની ઝાંખી કરાવશે. ચેકનાકા આસપાસની જમીનને કમર્શિયલ અને એન્ટરટેઈન્મેન્ટ હબ તરીકે વિકસાવવામાં આવશે, જ્યાં બહારથી આવનારા પ્રવાસીઓ માટે રિલેક્સેશન ઝોન હશે. દરેક હબમાં શૉપિંગ મૉલ્સ, બૅન્કવેટ્સ, રેસ્ટોરાં, ફૂડ કોર્ટ્સ, ઓડિટોરિયમ અને આર્ટ ગેલેરી હશે, જ્યારે ટ્રાન્ઝિટ ઝોનમાં હોટેલ, ખાણીપીણી, ટિકિટિંગ સેન્ટર્સ અને ખાનગી વાહનો, જળમાર્ગો અને મેટ્રો સેવાઓ સાથેની કનેક્ટિવિટી હશે.

## નાગપુરમાં ભેંસે વૃદ્ધનો લીધો ભોગ: અનેક લોકો ઘાયલ

નાગપુર: રાજ્યના નાગપુર જિલ્લામાં એક ભેંસના આતંકને કારણે એક વૃદ્ધનું મોત થયું, જ્યારે અનેક લોકોને ઘાયલ કર્યા હોવાનું જણાવ્યું હતું.

મળતી માહિતી અનુસાર જિલ્લા મહલ સ્થિત ગાંધી ગેટના પરિસરમાં રેબિજ (હડકવા સંક્રમિત) ભેંસે તોફાન મચાવ્યું હતું. ભેંસને કાબૂમાં લેવા જતા પ્રશાસનની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી, પરંતુ ભેંસને કાબૂમાં લેવા માટે ઘણો સંઘર્ષ કરવો પડ્યો હતો.

પાલિકાની ટીમે જણાવ્યું હતું કે એક ભેંસ અચાનક બેકાબૂ થઈ ગઈ હતી અને રસ્તા આવનારા લોકોને ટક્કર મારી હતી, જેમાં એક વૃદ્ધ પણ ભોગ બન્યા હતા. ભેંસે ટક્કર મારવાને કારણે વૃદ્ધને માથામાં વાગ્યું હતું. ગંભીર રીતે ઈજા પહોંચ્યા પછી હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા ત્યારે ડોક્ટરે તેમને મૃત જાહેર કર્યા હતા. તેમની ઓળખ લક્ષ્મણ રાવ કુંભારે તરીકે કરી હતી, જેઓ સૌથી પહેલા હુમલાનો ભોગ બન્યા હતા.

આ ભેંસે અન્ય લોકો પર પણ હુમલો કર્યો હતો, જેમાં બે બાઈકસવારને ટક્કર મારી હતી, જેમાં તેઓ ગંભીર રીતે ઘાયલ થયા હતા અને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હોવાનું અધિકારીએ જણાવ્યું હતું. ભેંસને અંકુશમાં લાવવા માટે પાલિકાની ટીમ દ્વારા ભેંસના એક બચ્ચાને લાવવામાં આવ્યું હતું, ત્યાર પછી તે શાંત થઈ હતી, પરંતુ આ ભેંસના હુમલામાં સાતેક લોકોને ઈજા પહોંચાડી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

## પુણે પોર્શે અકસ્માત: બ્લડ સેમ્પલ બદલવાના કેસમાં સગીરના પિતાને જામીન મળ્યા

નવી દિલ્હી: પુણેમાં ૨૦૨૪માં દારૂના નશામાં પોર્શે કાર ચલાવવાના આરોપમાં સગીરના પિતાને સુપ્રીમ કોર્ટે મંગળવારે જામીન આપ્યા છે. આ અકસ્માતમાં બે લોકોના મૃત્યુ થયા હતા. આ દુર્ઘટના૧૯ મે, ૨૦૨૪ ની છે, જ્યારે પુણેના કલ્યાણી નગર વિસ્તારમાં દારૂના નશામાં ૧૭ વર્ષના કિશોરે ચલાવેલી પોર્શે કારે બે જણને કચડી નાખ્યા હતા.

ન્યાયમૂર્તિ બી.વી. નાગરત્ના અને ન્યાયમૂર્તિ ઉજ્જ્લ ભુયાનની ખંડપીઠે વિશાલ અગ્રવાલને જામીન આપ્યા છે. કારમાં સવાર લોકોનો 'નીલ આલ્કોહોલ' (શરાબનું ટીપું પણ નથી લીધું) એવો રિપોર્ટ મળે તે માટે સગીરના લોહીના નમૂના બદલવાનું કાવતરું ઘડવાનો આરોપ વિશાલ અગ્રવાલ પર છે. સર્વોચ્ચ અદાલતે નોંધ્યું છે કે આ કેસમાં સહ-આરોપીઓને રાહત આપવામાં આવી છે અને આરોપી છેલ્લા ૨૨ મહિનાથી જેલમાં છે.

મહારાષ્ટ્ર સરકારે જામીન આપવાનો વિરોધ કરી રજૂઆત કરી હતી કે અન્ય સહ-આરોપીઓ સાથે સમાનતાનો આધાર અગ્રવાલના કેસમાં લાગુ નહીં પડે. જોકે, સર્વોચ્ચ અદાલતે અગ્રવાલને આ કેસમાં કોઈપણ સાક્ષીનો સંપર્ક કરવાથી રોક્યા હતા અને ટ્રાયલ કોર્ટને ઝડપથી ખટલો પૂર્ણ કરવાનો નિર્દેશ આપ્યો હતો. (પીટીઆઈ)

## મેળઘાટના દૂરના ગામોમાં વીજળી પૂરી પાડવા માટે સોલાર માઈક્રો ગ્રીડ: ફડણવીસ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: સરકારે મેળઘાટના દૂરના ગામોમાં વીજળી પૂરી પાડવા માટે સોલાર માઇક્રો ગ્રીડનો વિકલ્પ સ્વીકાર્યો છે. આ પદ્ધતિમાં, દરેક ઘરને અલગ સોલાર સિસ્ટમ આપવાને બદલે, ગામમાં મોટી ક્ષમતાનો સોલાર પ્રોજેક્ટ સ્થાપિત કરવામાં આવશે અને તેનું માઇક્રો ગ્રીડ બનાવવામાં આવશે. બેટરી સ્ટોરેજની મદદથી ઉત્પન્ન થતી વીજળી ગામના દરેક ઘર સુધી પહોંચાડવામાં આવશે, એમ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે વિધાનસભામાં માહિતી આપી.

અમરાવતી જિલ્લાના ધારણી અને ચિખલદરા તાલુકાના મેળઘાટ વિસ્તારના ગામડાઓને વીજળી પુરવઠો અને અન્ય સુવિધાઓ પૂરી પાડવાનો પ્રશ્ન વિધાનસભામાં સભ્ય સુલભા ખોડકે દ્વારા ઉઠાવવામાં આવ્યો હતો. સભ્યો જયંત પાટીલ અને દિલીપ વલસે-પાટીલે આ ચર્ચામાં ભાગ લીધો હતો.

આ પ્રશ્નના જવાબમાં મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે જણાવ્યું હતું કે મેળઘાટના ઘણા ગામડાઓ ગીચ અભયારણ્ય વિસ્તારોમાં હોવાથી, પરંપરાગત ગ્રીડ દ્વારા વીજળી પૂરી પાડવાનું શક્ય બન્યું નથી. અનેક પ્રયાસો છતાં, વન વિભાગની પરવાનગીના અભાવે આ વિસ્તારો સાથે વીજળી જોડી શકાઈ નથી.

૨૦૧૭ માં, આ સમસ્યાના ઉકેલ તરીકે દરેક ઘરને સ્વતંત્ર સૌર ઉર્જા સિસ્ટમ પૂરી પાડવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. તે મુજબ, ૨૦૧૮માં, 'સૌભાગ્ય' યોજના હેઠળ ગામડાઓને ઓફ-ગ્રીડ સોલર સિસ્ટમ આપીને ઘણા ઘરોનું વીજળીકરણ કરવામાં આવ્યું હતું. જો કે, અંતરિયાળ સ્થાનને કારણે, વાર્ષિક જાળવણી કરારને અસરકારક રીતે અમલમાં મૂકવું શક્ય બન્યું ન હતું. પરિણામે, ઘણી સૌર સિસ્ટમો બંધ થઈ ગઈ હતી અથવા નિષ્ફળ ગઈ હતી, અને કેટલાક ગામડાઓમાં ફરીથી અંધારપટ છવાઈ ગયો હતો. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને, હવે સોલાર માઇક્રો ગ્રીડ દ્વારા વીજળી પૂરી પાડવામાં આવશે.

આ યોજના હેઠળ, બે ગામોમાં સોલાર માઇક્રો ગ્રીડનું કામ પૂર્ણ થઈ ગયું છે. પાંચ ગામોમાં, એનજીઓએ પહેલ કરી છે અને તેમના દ્વારા કામ ચાલી રહ્યું છે. ચાર ગામો માટે ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ થઈ ગઈ છે. ફડણવીસે એવી પણ માહિતી આપી હતી કે બાકીના ગામો માટે લગભગ ૨૦ કરોડ રૂપિયાનું ભંડોળ મંજૂર કરવામાં આવ્યું છે.

આ વિસ્તારમાં રસ્તાની સુવિધાઓ અંગે પણ કાર્યવાહી કરવામાં આવી છે. છ ગામોમાં રસ્તા ઉપલબ્ધ હોવા છતાં, ચાર ગામોને પેવિંગ અને સમારકામની જરૂર છે અને તે કામ પ્રાથમિકતા પર હાથ ધરવામાં આવશે, એમ પણ મુખ્ય પ્રધાન ફડણવીસે કહ્યું હતું.

# અમેરિકી ટૅરિફની ઐસીતૈસી: ચીનની નિકાસમાં જંગી વધારો

હોંગ કોંગ: કમ્પ્યુટર ચિપ્સ, ઓટોમોબાઈલ અને ઈલેક્ટ્રોનિક્સના શિપમેન્ટમાં થયેલા જંગી વધારાને કારણે વર્ષના પ્રથમ બે મહિનામાં ચીનની નિકાસમાં ગત વર્ષની સરખામણીએ લગભગ બાવીસ ટકા નો ઉછાળો જોવા મળ્યો છે.

ચીનની કસ્ટમ્સ એજન્સી દ્વારા મંગળવારે જાહેર કરવામાં આવેલા નિકાસના આંકડા અર્થશાસ્ત્રીઓના પૂર્વાનુમાન કરતા ઘણા સારા રહ્યા છે. આ વૃદ્ધિ ડિસેમ્બરમાં નોંધાયેલા ૬.૬ ટકા ના વાર્ષિક વૃદ્ધિ દર કરતા ઘણી વધારે છે.

જાન્યુઆરી અને ફેબ્રુઆરીમાં અમેરિકામાં નિકાસમાં ૧૧ ટકાનો ઘટાડો થયો હતો જે ડિસેમ્બરના ૩૦ ટકાના ઘટાડા કરતા ઓછો છે.

યુરોપિયન યુનિયન માટેની નિકાસમાં લગભગ ૨૮ ટકાનો વધારો થયો છે. ચીનની લેટિન અમેરિકાના દેશોમાંની નિકાસમાં ૧૬ ટકાનો વધારો નોંધાયો છે.

એશિયાના જાપાન અને ભારત સહિત એશિયાના અન્ય દેશોમાં પણ નિકાસમાં નોંધપાત્ર વધારો થયો છે.

આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ) ના વધતા ઉપયોગને કારણે વિશ્વભરમાં કમ્પ્યુટર ચિપ્સની માગમાં ભારે તેજી જોવા મળી રહી છે:

## ભારત સાથે સંબંધો સુધારવા માગે છે નેપાળનો શાસક પક્ષ

કાઠમંડુ: રાષ્ટ્રીય સ્વતંત્ર પાર્ટીના વડા રબી લામીછાનેએ કહ્યું હતું કે નેપાળ-ભારતના સંબંધ મજબૂત બનાવવા વિકાસની મુત્સદ્દીગીરીની મદદ લેવાશે. મોદીએ નેપાળની ચૂંટણીની સફળતા માટે રબીને અભિનંદન આપ્યા હતા.

૨૦૨૨માં રચાયેલી આરએસપીએ ૧૬૫માંથી ૧૨૫ બેઠક જીતી છે. નેપાળની સંસદીય ચૂંટણીમાં ૧૬૫ બેઠકની સીધી ચૂંટણી થાય છે. મંગળવારે ફર્સ્ટ પાસ્ટ-ધ-પોસ્ટ સિસ્ટમ હેઠળ મતગણતરી થઈ હતી. આ પક્ષ બહુમતી સરકાર રચવાની સ્થિતિમાં છે. પ્રમાણસર પ્રતિનિધિત્વ સિસ્ટમ હેઠળ પક્ષે ૪૯,૭૪,૯૫૭ મત મેળવ્યા છે.

રબીએ સોશ્યલ મીડિયા પર સોમવારે પોસ્ટ મૂકતાં કહ્યું હતું કે વડા પ્રધાન મોદીની ઉષ્માભરી શુભેચ્છા માટે તેમનો આભાર માનું છું અને તેમણે નેપાળી લોકોના લોકતાંત્રિક જનાદેશને માન્યતા આપી છે. તેમણે કહ્યું હતું કે અમે ભારત સાથે ભાગીદારીની પ્રતીક્ષા રાખી રહ્યા છે. આ સંબંધો કનેક્ટિવિટીમાં સહકાર, સાંસ્કૃતિક પ્રવાસન, ઊર્જા વાટે સંબંધો સુદ્દઢ બનાવાશે જેથી બે દેશના લોકોના સમૃદ્ધ ભાવિની તકેદારી લેવાશેમોદીએ સોમવારે લામિછાને અને બાલેન્દ્ર શાહને વિજય માટે અભિનંદન આપ્યા હતા. મોદીએ પારસ્પરિક સમૃદ્ધિ, પ્રગતિ અને સુખાકારી માટે કામ કરવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી. આગામી વર્ષોમાં ભારત અને નેપાળના સંબંધો નવી ઊંચાઈએ લઈ જશે. નેપાળમાં ૨૭૫ના ૧૧૦ સભ્યોની પ્રમાણસર પ્રતિનિધિત્વ વડે વરણી કરાય છે. (એજન્સી)

## ગુરુગ્રામમાં માટી ધસી પડતા સાતના જીવ ગયા

ગુરુગ્રામ: ગુરુગ્રામમાં એક બાંધકામ સ્થળે માટીનો મોટો ઢગલો ધસી પડતાં સાત મજૂરનાં મોત થયા છે અને અન્ય ચાર લોકો ઘાયલ થયા છે, જેમાં નેપાળના ત્રણ નાગરિકોનો પણ સમાવેશ થાય છે, તેમ અધિકારીઓએ મંગળવારે જણાવ્યું હતું.

અધિકારીઓએ ઉમેર્યું કે આ ઘટના સોમવારે સાંજે ગુરુગ્રામના સિધરાવાલી વિસ્તારમાં આવેલી 'સિગ્નેચર ગ્લોબલ સોસાયટી'માં બની હતી.

ભિવાડીના ડીએસપી યોગેશે ભિવાડીમાં પત્રકારોને જણાવ્યું હતું કે, જ્યારે સીવેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ (એસટીપી)નું બાંધકામ ચાલી રહ્યું હતું ત્યારે અચાનક માટીનો મોટો ઢગલો ધસી પડ્યો હતો અને કેટલાક મજૂરો કાટમાળ નીચે દબાઈ ગયા હતા.

અંદાજે ૧૨થી ૧૫ જેટલા શ્રમિકો કાટમાળ નીચે ફસાયા હતા. માહિતી મળતાની સાથે જ બિલાસપુર પોલીસ સ્ટેશન (ગુરુગ્રામ) ની પોલીસ ટીમ સહિત સ્ટેટ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ (એસડીઆરએફ) અને નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ (એનડીઆએફ)ના જવાનો ઘટનાસ્થળે પહોંચ્યા હતા અને શ્રમિકોને બહાર કાઢ્યા હતા.

અધિકારીઓએ જણાવ્યું કે તેમને તાત્કાલિક રાજસ્થાનના ભિવાડીની નજીકની હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા, જ્યાં તેમાંથી સાત શ્રમિકોને મૃત જાહેર કરવામાં આવ્યા હતા.

પાંચમા પાનાનું ચાલુ

### સોશિયલ મીડિયા

સૂચનો કરશે, એમ ફડણવીસે જણાવ્યું હતું.

અગાઉ, ગૃહ રાજ્યપ્રધાન યોગેશ કદમે ગૃહને માહિતી આપી હતી કે અદ્યતન ટેકનોલોજીના ઉપયોગથી સાયબર ગુનાઓની નવી પદ્ધતિઓ સામે આવી રહી છે. તેમણે કહ્યું કે સરકારે લોકોમાં જાગૃતિ લાવવા અને આવા ગુનાઓ પ્રત્યે સતર્ક રહેવા માટે એક ખાસ મોબાઇલ એપ્લિકેશન વિકસાવી છે. કદમે ઉમેર્યું કે, આ એપ્લિકેશન દ્વારા, નાગરિકોને સાયબર ક્રાઇમ અને નિવારક પગલાં વિશે શિક્ષિત કરવા દર મહિને લગભગ ૨૧ કરોડ જાગૃતિ સંદેશાઓ મોકલવામાં આવશે.

ગૃહમાં આ મુદ્દો પ્રશાંત ઠાકુર (ભાજપ) દ્વારા ઉપાડવામાં આવ્યો હતો, જ્યારે વિકાસ ઠાકરે (કોંગ્રેસ), બબનરાવ લોણીકર અને રાહુલ કુલ (ભાજપ) એ ચર્ચા દરમિયાન પૂરક પ્રશ્નો પૂછ્યા હતા.

### શહેરમાં લાગેલાં

મહત્ત્વની સરકારી એજન્સીઓના અધિકારીઓ ઉપસ્થિત હતા.

ચોમાસા દરમિયાન નિર્માણ થનારી વિવિધ સમસ્યાઓને નાથવા માટે યોગ્ય નિયોજન અને સમન્વય સાધીને બધી યંત્રણાઓએ વધુ સક્ષમ રીતે સજ્જ રહેવું એવા નિર્દેશ કમિશનરે આપ્યા હતા.

ઘાટકોપરમાં ઈસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે નજીકના પેટ્રોલ પમ્પ પાસે ૧૩ મે, ૨૦૨૪ની સાંજે મોટું હોર્ડિંગ તૂટી પડ્યું હતું. કમોસમી વરસાદ સાથે ફૂંકાયેલા સૂસવાટા મારતા પવનને કારણે તૂટી પડેલા આ હોર્ડિંગે ૧૭ જણનો જીવ લીધો હતો, જ્યારે ૮૦ ઘવાયા હતા. આ દુર્ઘટનાનો સંદર્ભ ટાંકીને પાલિકા કમિશનરે બધી એજન્સીઓને તેમની જગ્યામાં લગાવવામાં આવેલાં હોર્ડિંગ્સ બાબતે સર્વેક્ષણ કરવાના નિર્દેશ આપ્યા હતા.

ગગરાણીએ જણાવ્યું હતું કે કોર્ટના આદેશ અનુસાર મુંબઈ મહાપાલિકાએ લાગુ કરેલા નિયમોને અનુસરીને હોર્ડિંગ્સ લગાવવામાં આવ્યાં છે કે નહીં તેની ખાતરી કરવી. એ સિવાય હોર્ડિંગ ઊભું કરવા તૈયાર કરાયેલા ઢાંચાની પણ તપાસ કરવાનું મધ્ય અને પશ્ચિમ રેલવે સહિત બધી એજન્સીને કહેવામાં આવ્યું હતું.

મહાપાલિકા વિસ્તારમાં આવેલી બધી જોખમી ઈમારતોનો સર્વે પણ ચોમાસા પહેલાં કરવો. જે જોખમી ઈમારતના રહેવાસીઓનું સ્થળાંતર જરૂરી હોય ત્યાં એસઓપી અનુસાર કાર્યવાહી કરવાનું પણ કહેવામાં આવ્યું હતું.

### મહારાષ્ટ્ર સરકાર

દ્વારા ૪૨,૫૯૪ બાળકોને શોધી કાઢવામાં આવ્યા હતા, જ્યારે 'ઓપરેશન શોધ' દ્વારા ૫,૦૬૬ મહિલાઓ અને ૨,૭૭૧ બાળકોને શોધી કાઢવામાં મદદ મળી હતી.

તેમણે જણાવ્યું હતું કે મહિલાઓની સલામતી માટે ટેકનોલોજીનો ઉપયોગ વધી રહ્યો છે, અને છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ, ચર્ચગેટ અને બોરીવલી રેલવે સ્ટેશનો પર સાયબર ગુના અટકાવવા માટેની સિસ્ટમો સ્થાપિત કરવામાં આવી છે.

મહિલાઓ માટે આર્થિક સશક્તિકરણ પહેલ પર પ્રકાશ પાડતા, નાયબ મુખ્ય પ્રધાને લાડકી બહિણ, નમો મહિલા સક્ષમીકરણ, લેક લાડકી, અન્નપૂર્ણા અને લખપતિ દીદી જેવી યોજનાઓનો ઉલ્લેખ કર્યો હતો.

તેમણે જણાવ્યું હતું કે સ્વ-સહાય જૂથો દ્વારા બનાવવામાં આવતા ઉત્પાદનો માટે બજાર પૂરું પાડવા માટે ઉમેદ મોલ, ઉમેદ માર્ટ અને મહાલક્ષ્મી સરસ જેવા પ્લેટફોર્મ શરૂ કરવામાં આવ્યા છે, જે હવે ઓનલાઈન પ્લેટફોર્મ પર પણ ઉપલબ્ધ છે.

પવારે જણાવ્યું હતું કે સરકાર આંગણવાડી કાર્યકરો અને સહાયકો માટે માનદંડ અને માળખાગત સુવિધાઓ સુધારવા માટે સકારાત્મક છે, તેમણે નોંધ્યું હતું કે ૧૭,૨૫૪ આંગણવાડી કેન્દ્રોને પીવાના પાણીની સુવિધાઓ પૂરી પાડવામાં આવી છે.

તેમણે એ પણ નોંધ્યું હતું કે રાજ્યએ સરકારી કર્મચારીઓ માટે ૧૮૦ દિવસની પ્રસૂતિ રજા મંજૂર કરી છે અને તબીબી પ્રમાણપત્રની જરૂર વગર પ્રસૂતિ રજા પછી એક વર્ષ સુધી અડધા પગારની રજાની મંજૂરી આપી છે.

મહારાષ્ટ્ર સરકારની ચોથી મહિલા નીતિ લાગુ કરવામાં આવી છે અને તેના અસરકારક અમલ માટે એક ઉચ્ચ સ્તરીય સમિતિની રચના કરવામાં આવી છે, એમ તેમણે જણાવ્યું હતું.

### મેટ્રોએ યોગ્ય ક્ષમતા

ન થાય તેની દરકાર રાખવી. એ સિવાય મેટ્રો પ્રશાસને યોગ્ય સંખ્યા અને ક્ષમતાના પમ્પનો ઉપયોગ કરવો. ગયા વર્ષે ચોમાસામાં મેટ્રોના વરલી સ્ટેશન સહિત અન્ય કેટલાંક ઠેકાણે પાણી ભરાયાની ફરિયાદો આવી હતી. એને ધ્યાનમાં રાખી આ વર્ષે ચોમાસામાં જરૂરી હોય એ દરેક ઠેકાણે પમ્પ બેસાડી પાણીના નિકાલની તૈયારી રાખવાની સૂચના આપવામાં આવી હતી.

### બિશ્નોઈ ગૅન્ગને

શૅર બ્રોકર બાબુલાલ અને તેમના દીકરા અમિતને ફેબ્રુઆરીના છેલ્લા સપ્તાહમાં ધમકીભર્યા મેસેજ આવ્યા હતા. ઈન્ટરનૅશનલ નંબર્સ પરથી બિશ્નોઈ ગૅન્ગને નામે વૉટ્સઍપ મેસેજ મોકલાવી આરોપીએ પાંચ કરોડ રૂપિયાની માગણી કરી હતી. રૂપિયા ન આપે તો કુટુંબીજનો અને સગાંસંબંધીને જાનથી મારવાની ધમકી મેસેજમાં આપવામાં આવી હતી. આરોપીએ વૉઈસ રેકોર્ડિંગ પણ મોકલાવ્યું હતું. બિશ્નોઈ ગૅન્ગને નામે વારંવાર ધમકી મળતી હોવાથી બાબુલાલે મલાડ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે અજાણી વ્યક્તિ વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. દરમિયાન બીજી માર્ચે ફરી ફરિયાદીને બે અલગ અલગ નંબર પરથી ખંડણી માટે ધમકીભર્યા મેસેજ આવ્યા હતા.

મલાડ પોલીસ સ્ટેશનના સિનિયર ઈન્સ્પેક્ટર દુષ્યંત ચવાણની ટીમે આ મોબાઈલ નંબરને ટ્રેસ કરવાનો પ્રયાસ કર્યો હતો. આરોપી પોતાની ઓળખ છતી ન થાય તે માટે ચાલાકીપૂર્વક આધુનિક આઈપી ઍડ્રેસ અને વીપીએન નેટવર્કનો ઉપયોગ કરીને ધમકીભર્યા મેસેજ મોકલાવતો હતો. જોકે પોલીસની સાયબર ટીમે આ મેસેજ ગુરુગ્રામથી કરવામાં આવ્યા હોવાનું શોધી કાઢ્યું હતું. મલાડ પોલીસની ટીમ તાત્કાલિક હરિયાણા પહોંચી હતી. સ્થાનિક પોલીસની મદદથી વિવિધ પરિસરમાં તપાસ કરી આરોપી કૈલાશને તેના ઘરેથી તાબામાં લેવાયો હતો. પ્રાથમિક પૂછપરછમાં માત્ર નાણાં પડાવવા માટે આરોપીએ બિશ્નોઈ ગૅન્ગના નામનો ઉપયોગ કર્યો હોવાનું જાણવા મળ્યું હતું.

### મુંબઈ ધગધગ્યું

બ્રહ્મપુરી ૪૦.૪ (+૪.૬) ડિગ્રી તાપમાન સાથે અલગ અલગ સ્થળોએ ગરમીનું મોજું જોવા મળ્યું. આ વર્ષે પહેલી હીટ વેવની ચેતવણી ચોથી માર્ચે જારી કરવામાં આવી હતી, જ્યારે મુંબઈમાં દિવસનું તાપમાન ૩૮.૭ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જે વર્ષનો સૌથી ગરમ દિવસ હતો. પાંચમી માર્ચે, દિવસનું તાપમાન ૩૮.૯ ડિગ્રી સેલ્સિયસ પર પહોંચ્યું હતું. બંને દિવસે, તાપમાન સામાન્ય કરતા ૫.૭ અને ૫.૯ ડિગ્રી વધારે હતું. મંગળવારે મુંબઈના સાંતાક્રુઝ ખાતેના વેધર સ્ટેશનમાં ૪૦ ડિગ્રી તાપમાન નોંધાયું હતું, જે સામાન્ય કરતાં ૭.૬ ડિગ્રી વધારે હતું. વેધશાળા દ્વારા આપવામાં આવેલા આંકડા મુજબ રાજ્યમાં આકોલામાં રાજ્યનું સૌથી વધુ તાપમાન ૪૦.૭ ડિગ્રી નોંધાયું હતું,

જ્યારે જળગાંવમાં ૪૦.૩, સોલાપુરમાં ૩૯.૪, બ્રહ્મપુરીમાં ૪૦.૪, વાશિમમાં ૩૯.૪, વર્ધામાં ૩૯.૫, તાપમાન નોંધાયું હતું. મુંબઈના દહાણુમાં ૪૦.૦ ડિગ્રી અને સાંતાક્રુઝમાં ૪૦.૦ ડિગ્રી મહત્તમ તાપમાન નોંધાયું હતું. પાંચ જિલ્લામાં તાપમાને ૪૦ ડિગ્રીનો આંકડો પાર કર્યો હતો.

વેધશાળાના અધિકારીઓએ જણાવ્યું હતું કે તાપમાનમાં વધારો એ એન્ટી-સાયક્લોનિક રચનાની અસર છે જેણે ગુજરાત પર એન્ટી-સાયક્લોનિક પરિભ્રમણ નિર્માણ કર્યું છે. એન્ટિસાયક્લોનિક પરિભ્રમણ એ મોટા પાયે, ઘડિયાળની દિશામાં (ઉત્તરી ગોળાર્ધમાં) અથવા ઘડિયાળની વિરુદ્ધ દિશામાં (દક્ષિણ ગોળાર્ધમાં) પવન પેટર્ન છે જે ઉચ્ચ વાતાવરણીય દબાણના મધ્ય પ્રદેશની આસપાસ ફરે છે. આ એક ઉચ્ચ દબાણ પ્રણાલી છે, જે હવાને બહારની તરફ વાળે છે અને શુષ્ક હવામાન જેવી સ્થિતિ તરફ દોરી જાય છે, નીચા દબાણની પ્રણાલીથી વિપરીત, જે વરસાદ અથવા ચક્રવાત તરફ દોરી જાય છે. 'સંક્રમણ સમયગાળા દરમિયાન આ પ્રકારનું દિવસનું અતિશય તાપમાન એકદમ સામાન્ય છે. આ એક લાક્ષણિક શુષ્ક ગરમીનું તાપમાન છે જેના કારણે ગુજરાત પર એક એન્ટિસાયક્લોન બન્યું છે. પરિણામે, આસપાસ ઘણી ગરમ હવા છે, જેના કારણે દરિયાઈ પવનની ગતિ ઘણા કલાકો સુધી ધીમી પડી ગઈ છે. પરિણામે, દિવસ દરમિયાન તાપમાન સતત વધતું રહે છે, જેના પરિણામે ગરમ પરિસ્થિતિઓ બને છે,' એમ એક આઈએમડી અધિકારીએ જણાવ્યું હતું. સામાન્ય રીતે, મુંબઈમાં તાપમાન ૧૦ માર્ચની આસપાસ અથવા તે પછી ૩૫-૩૬ ડિગ્રીના આંકને વટાવી જાય છે. જોકે, આઈએમડીનો રેકોર્ડ દર્શાવે છે કે ૧૦ વર્ષમાં પહેલી વાર, મુંબઈમાં પહેલા અઠવાડિયામાં જ આટલું ઊંચું દિવસનું તાપમાન નોંધાયું છે.

## હિન્દુ મરણ

**કચ્છી ભાટીયા (શિવજીયાણી)**

ગં. સ્વ. રૂપા (સુશીલા) રજનીકાંત વૈદ (ઉં. વ. ૮૦) તે સ્વ. લક્ષ્મીદાસ હીરજી મર્ચંટના પુત્રવધૂ. સ્વ. જમનાદાસ ગોપાલદાસ ભાટીયાના પુત્રી. તે મનીષ, રવિ, અ. સૌ. ધ્રુતિ, અ. સૌ. મોનિકાના માતુશ્રી. તે ચિરાગ, અ. સૌ. ક્રિશા, પ્રીત, પલશના દાદી. તે સ્વ. રણજીતભાઇ, સ્વ. શાંતિકુમારભાઇ, સ્વ. પ્રતાપભાઇ, સ્વ. કુસુમબેન, ગં. સ્વ. અનસુયાબેન, કીર્તિકુમારભાઇ તથા સ્વ. ભારતીબેનના ભાભી. સોમવાર, તા. ૯-૩-૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. તેમની પ્રાર્થનાસભા ગુરુવાર, તા. ૧૨-૩-૨૬ના પરમ કેશવ બાગ, નવરોજી લેન, ઘાટકોપર (વેસ્ટ) સાંજે : ૪.૩૦થી ૬. લૌકિક વ્યવહાર બંધ છે.

**કપોળ**

અમરેલીવાળા ગં. સ્વ. ત્રીવેણીબેન કાનજીભાઇ મહેતાનાં સુપુત્ર દિનેશભાઇ (ઉં.વ. ૮૧) તા. ૮-૩-૨૬ના રવિવારે શ્રીજીચરણ પામ્યા છે. ઉર્મિલાબેનના પતિ. તે અ. સૌ. ભામીની નિકુંજ મહેતા, અ.સૌ. જીજ્ઞા નીકી દેસાઇ અને અ. સૌ. વૈશાલી ધર્મેશ ભુતાના પિતા. તે સ્વ. હરગોવિંદદાસ, સ્વ. વિનોદરાય, સ્વ. અનંતરાય, સ્વ. ગજેન્દ્રભાઇ, ગં. સ્વ. નિર્મળાબેન પરશોતમદાસ પારેખ, સ્વ. તારાબેન પ્રતાપરાય મોદી અને અ. સૌ. જશુમતીબેન કિરણભાઇ મહેતાના ભાઇ. ચલાળાવાળા કાંતિલાલ લાલજી મહેતાના જમાઇ. હરજીવનદાસ નરભેરામ મહેતાના ભાણેજ. સર્વ લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા સોરઠીયા વણિક**

માંગરોળ નિવાસી હાલ વિરાર, સ્વ. વિજયાબેન ચુનીલાલ શાહ ગાદોયાના પુત્રવધૂ અ.સૌ. રેખાબેન નિલેશભાઈ શાહ (ઉં. વ. ૬૨) તે નિલેશભાઈના ધર્મપત્ની, ધવલ તથા પૂજા ભાવિન ધ્રુવના માતુશ્રી. જયંતભાઈ, શૈલેષભાઇ, મનીષભાઈના ભાઈના પત્ની. સ્વ. હંસાબેન ચંપકલાલ માંડવીયાના દીકરી. ૮/૩/૨૬ના રોજ શ્રીજીશરણ પામેલ છે. તેમની પ્રાર્થનાસભા ૧૨/૩/૨૬ના રોજ ૪ થી ૬. ગીતા સ્મૃતિ હોલ, બીજે માળે આયંબિલ ભવન સામે, જૈન મંદિર રોડ, વિરાર વેસ્ટ.

**સેવક બ્રાહ્મણ**

મૂળ ગામ સિનુગ્રા કચ્છ હાલે દહિસર, બલરામભાઈ જીવરામભાઈ રાસ્તે (ઉં. વ. ૮૩) તે સ્વ. પાર્વતીબેન જીવરામભાઈ રાસ્તેના પુત્ર તા. ૬/૩/૨૬ના રામશરણ પામ્યા છે. એમની પ્રાર્થનાસભા તા. ૧૨/૦૩/૨૬ના ગુરૂવાર સાંજે ૩:૦૦ થી ૫:૦૦. ગાર્ડન ગ્રુવેસ બેન્કવેટ હોલ, આર એમ ભટ્ટડ રોડ, કોરા કેન્દ્ર, બોરીવલી વેસ્ટ.

**વિશા સોરઠિયા વણિક**

પોરબંદરવાળા હાલ સાંતાક્રુઝ સ્વ. ઉજમબેન હરિલાલ અમરચંદ શાહનાં પુત્રી કુ. મંજુબેન (ઉં. વ. ૮૫) તા. ૦૮-૦૩-૨૬ને રવિવારે શ્રીજીચરણ પામ્યાં છે. તે સ્વ. નવિનચંદ્ર, સ્વ. સુરેશચંદ્ર, સ્વ. હીરાબેનનાં બેન. રિષી, શ્વેતાનાં ફઈ. કૃતિકાનાં દાદી ફઈ. પ્રાર્થના તથા લૌકિક વ્યવહાર બંધ છે.

## પારસી મરણ

નોશીર ફલી કુમાના તે પીનાઝના ધની. તે મરહુમો ખોરશેદ ફલી કુમાનાના દીકરા. તે ખુશરવના પપા. તે મરહુમો નેનસી રતન ભાથેનાના જમાઇ. (ઉં.વ. ૭૨) રે. ઠે. ૫૦૨, દેવનશી વીલા, ડો. રુગુનાથ રોડ, ઓફ. એસ. વી. રોડ, બાંદ્રા (વેસ્ટ), મુંબઇ-૪૦૦૦૫૦. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૧૧-૩-૨૬ના દીને બપોરે ૩.૪૦ વાગે, બાંદ્રા તાતા અગિયારીમાં છેજી.

ફલોમાઝ ખોદાદાદ અરેસતાની તે કેશમીરાના ધની. તે મરહુમો દોલત ખોદાદાદ અરેસતાનીના દીકરા. તે અરનવાઝ તથા મરહુમ બેજનના ભાઇ. તે બેનાઝ ને સનોબરના બનેવી. તે મેહેરબાનું, ડો. શેહનાઝ ને યઝદના મામા. તે મરહુમો કુમી ને પી. જમાદારના જમાઇ. (ઉં. વ. ૬૮) રે. ઠે. ભરૂચા બાગ, ડી/૪, ફ્લેટ નં.૭૨, પારસી કોલોની, એસ. વી. રોડ, અંધેરી (વેસ્ટ), મુંબઇ-૪૦૦૦૫૮. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૧૧-૩-૨૬ને દીને બપોરે ૩.૪૦ વાગે, અંધેરી પટેલ અગિયારીમાં છેજી.

## જૈન મરણ

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

દાઠા નિવાસી હાલ ચેમ્બુર હરીશભાઇ વિમલાબેન પ્રભુદાસ દોશી (ઉં.વ. ૭૪) તા. ૮-૩-૨૬ રવિવારના રોજ અરિહંતશરણ પામેલ છે. તે પ્રવિણાબેનના પતિ. દિપાલી વિકાસકુમાર, નિકીતા, રોનક, રિદ્ધિના પિતા. રાહાંશના દાદા. સ્વ. મહેશભાઇ, રેણુકાબેન જયકાંતભાઇ, ભારતીબેન (ઇન્દુબેન) અરવિંદકુમારના ભાઇ. ભાવનગર નિવાસી સ્વ. દુર્લભદાસ છગનલાલ ગાંધી, મહેન્દ્રભાઇ, નરેન્દ્રભાઇ, નરેશભાઇ (કનુભાઇ) અને ઉષાબેન અરવિંદભાઇના બનેવી. તેમની પ્રિતૃવંદના ગુરુવાર, તા. ૧૨-૩-૨૬ના સવારના ૧૦થી ૧૨. ઠે. ગ્રાન્ડ નાલંદા બેન્કવેટ, ડો. બાબાસાહેબ આંબેડકર સ્કૂલ એન્ડ કોલેજ, પી.એલ. લોખંડે માર્ગ, ચેમ્બુર, વેસ્ટ, ગાંવઠણે.

**દશા શ્રીમાળી જૈન**

મુ. વ. ભેસાણ નિવાસી હાલ કાંદિવલી, અમૃતલાલ કાલિદાસ દોશી (બાલાભાઈ) (ઉં. વ. ૯૮) સ્વ. લીલમબેનના પતિ. સ્વ. રમણીકલાલ, શાંતિલાલ, વસન્તભાઈ, ભાનુલાલ, ધનસુખલાલ કાલિદાસ દોશીના ભાઈ. તે શૈલેષભાઇ, ઇન્દીરાબેન જશવંતલાલ મકાણી, સૌ. સરલાબેન સુધીરભાઈ શેઠ, સૌ. સુજાતા મુકેશભાઈ માટલીયા, સૌ. પારૂલ તુષારકુમાર દોશીના પિતાશ્રી. સૌ. પ્રીતિ (પારૂલ ઉદાણી)ના સસરા. મોણપરી નિવાસી ખેતશી કેશવજી દોશીના જમાઈ. તા. ૮-૩-૨૬ રવિવારના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા શ્રીમાળી સ્થા. જૈન**

મેંદરડા નિવાસી હાલ દહિસર, સ્વ. કમળાબેન કસલચંદ દોશીના પુત્ર ભરતભાઈ (ઉં. વ. ૬૮) તે દર્શનાબેનના પતિ. જયકુશ તથા ઇશિતા મુકેશભાઈ વાઘેલાના પિતા. સ્વ. રમેશભાઈ, નરેન્દ્રભાઈ, મહેન્દ્રભાઈ, સ્વ. સુશીલાબેન, સ્વ. ભાનુબેન, સ્વ. નીરુબેન, શીલાબેન, રેખાબેન, જયશ્રીબેનના ભાઈ. સ્વ. હસમુખરાય જમનાદાસ હપાણીના જમાઈ. વિજયભાઈ, લલિતભાઈ, સંગીતાબેન ચેતનકુમાર મોદીના બનેવી તા. ૮/૩/૨૬ના રોજ અરિહંતશરણ પામેલ છે. તેમની પ્રાર્થનાસભા ૧૨/૩/૨૬ના રોજ ૧૦ થી ૧૨. શાંતિનગર હોલ, ન્યુ શાંતિનગર બિલ્ડીંગ, એસ વિ પી રોડ, આચાર્ય શાંતિસાગર ચોક, ચામુંડા સર્કલ, બોરીવલી વેસ્ટ.

**ડીસા પ્રદેશ પોરવાડ જૈન**

જુના ડીસા નિવાસી હાલ મુંબઈ લોઢા વેનેઝિયા કોટન ગ્રીન, અ.સૌ. શ્રીમતી ગુણવંતીબેન વિજયભાઈ મેપાણી (ઉં. વ. ૬૯) મંગળવાર તા. ૧૦.૩.૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે વિજયભાઈ ખુશાલદાસના પત્ની. રીંકુબેન અને સુમિતભાઈના મમ્મી. વિશાલકુમાર, કોમલના સાસુ. રાયના અને રિયાનના નાની. શત્રુંજય ભાવયાત્રા તા. ૧૧.૩.૨૦૨૬ના બુધવારે સવારે ૯:૩૦ થી ૧૧:૩૦. નવજીવન કોમ્યુનિટી હોલ, લેમિંગ્ટન રોડ, મુંબઈ-૪૦૦૦૦૮.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

દેઢીઆના જશવંતી દામજી પાસડ (ઉં. વ. ૮૦) તા.૯-૩-૨૬ ના અરિહંતશરણ પામેલ છે. સ્વ. રતનબેન મોતી હીરજીના પુત્રવધૂ. સ્વ. દામજી મોતીના ધર્મપત્ની. કિરણ, દક્ષા, રશ્મિ (પપી), રૂપલ, ભાવિકાના માતુશ્રી. નરોલીના અંબાબેન ગોપાલદાસના પુત્રી. ચંદન જયંતી, ચારૂ જગદીશના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. જશવંતી પાસડ, સી/૨, નવ વૃષાલી એપાર્ટ., આદિત્ય મંગલની સામે, ડોંબિવલી (ઈ). ૪૨૧૨૦૧.

બેરાજાના સાકરબેન માવજી કુંવરજી દેઢિયા (ઉં. વ. ૯૨) તા.૮-૩-૨૬ના દેહત્યાગ કરેલ છે. કુંવરબાઈ કુંવરજી પદમશીના પુત્રવધૂ. માવજીના પત્ની. કેતન, વસુમતી, શીલા, લીનાના માતા. નાની તુંબડી માંકબાઈ નાનજી વેલજી સાવલાના પુત્રી. લાલજી, શીવજી, વસનજી, ગજોડ ભાણબાઈ (પુષ્પા) કલ્યાણજી, તારાબેન નાગજીના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. કેતન માવજી શાહ, ૧/૧૦૨, ઓમેગા લકઝરીઆ, એમટીએનએલ લેન, દાદર (વે), મું - ૨૮.

બારોઇના મીનાક્ષીબેન પ્રવિણચંદ્ર ગાલા (ઉં. વ. ૭૮) તા.૭-૩-૨૬ ના અવસાન પામેલ છે. કંચનબેન પ્રેમજીના પુત્રવધૂ. પ્રવિણચંદ્રના પત્ની. રાજેશ, જાગૃતિના માતા. સાડાઉ ભાનુબેન તેજશી કેશવજી સંગોઈના પુત્રી. રમણીક, દિનેશ, ડેપા ભારતી નવીનના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. પ્રવિણચંદ્ર પ્રેમજી ગાલા, ૨૦૧, પોલો વ્યુ એપાર્ટમેન્ટ, પોલો ગ્રાઉન્ડની સામે, આનંદ ભવન પાસે, વડોદરા-૩૯૦૦૦૧.

કોડાયના ભાનુમતી દેવચંદ લાલન (ઉં. વ. ૯૩) તા.૯-૩-૨૬ ના અવસાન પામેલ છે. ગાંગબાઈ માણેક હરશીના પુત્રવધૂ. દેવચંદના પત્ની. ગિરીશ, જીતેન્દ્ર, સતીશ, મહેશ, લલિત, કુસુમના માતા. નવાવાસ કંકુબાઈ ઝવેરચંદ, નેણબાઈ શ્રીપાલના પુત્રી. ચંદ્રકાંત, નિતીન, ધનબાઈ વેલજી, રાયણ લક્ષ્મીબેન પોપટલાલ, વિમળાબેન તેજપાલ, કાંતાબેન વિશનજી, કસ્તુરબેન ધનજી, પુષ્પાબેન વસંતના બેન. પ્રા. શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન સંઘ, સર્વોદય હોલ, એલ.ટી.રોડ, ડાયમંડ ટોકીઝની સામે, બોરીવલી (વે). ટા.૩ થી ૪.૩૦. નિ. ગિરીશ દેવચંદ લાલન. ૨૦૮/૯, સી-વીંગ, લલિત એપાર્ટમેન્ટ, લીંક રોડ, બોરીવલી (વે), મું. ૯૧.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

રાજ્યમાં પાંચ જિલ્લા ૪૦ ડિગ્રીની પાર ▸ આજે મુંબઈ, થાણે અને પાલઘર માટે ઑરેન્જ અલર્ટ ▸ રામ મંદિરમાં સૌથી વધુ તાપમાન નોંધાયું

# મુંબઈ ધગધગ્યુંઃ ગરમીએ પાંચ વર્ષનો રેકોર્ડ તોડ્યો



**હાય ગરમીઃ** મુંબઈમાં મંગળવારે તાપમાને નવો રેકોર્ડ નોંધાવ્યો ત્યારે અનેક મુંબઈગરાએ ઠંડું ઠંડું લીંબુ પાણી પીને રાહત મેળવી હતી. (અમય ખરાડે)

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ સળંગ બે દિવસ મુંબઈમાં ભારે ગરમી નોંધાયા બાદ હવે કોલાબા વેધશાળાએ મુંબઈ, થાણે અને પાલઘર જિલ્લા માટે બુધવારે ઑરેન્જ અલર્ટ જાહેર કર્યું છે. અહીં નોંધનીય છે કે સાન્તાક્રુઝમાં મહત્તમ તાપમાન ૪૦ ડિગ્રી નોંધાયું હતું, જે પાંચ વર્ષમાં મુંબઈમા માર્ચનું સૌથી ઊંચુ તાપમાન છે. માર્ચ મહિનાનું અત્યાર સુધીનું સૌથી ઊંચુ તાપમાન ૨૮ માર્ચ, ૧૯૫૬ના ૪૧.૭ નોંધાયુ હતું. મંગળવારે વિદર્ભમાં મહત્તમ તાપમાન સામાન્ય કરતા નોંધપાત્ર રીતે વધારે જોવા મળ્યું હતું અને વિદર્ભના અકોલામાં ૪૦.૭ (+૪.૭) અને

(જુઓ પાનું ૪) ▸▸

### પાંચ વર્ષમાં માર્ચમાં મહત્તમ તાપમાન

| વર્ષ | મહત્તમ તાપમાન (તારીખ) (બધા મૂલ્યો ડિગ્રી સેલ્સિયસમાં) |
|---|---|
| ૨૦૨૬ | ૪૦ (૧૦) |
| ૨૦૨૫ | ૩૯.૨ (૧૨) |
| ૨૦૨૪ | ૩૮.૮ (૨૨) |
| ૨૦૨૩ | ૩૯.૪ (૧૩) |
| ૨૦૨૨ | ૩૯.૬ (૧૫) |

### મુંબઈમાં ક્યાં કેટલું તાપમાન

સાંતાક્રુઝ મહત્તમ ૪૦.૦
કોલાબા મહત્તમ- ૩૫.૪ સે
રામ મંદિર ૪૨.૪
વિક્રોલી ૪૧.૬
ભાયખલા ૪૦.૦
બાંદ્રા ૩૯.૭
વિદ્યાવિહાર ૩૯.૫
ચેમ્બુર ૩૮.૮
દહિસર ૩૮.૮

એન્ટિલિયા નજીક વિસ્ફોટકનો કેસ

## ભૂતપૂર્વ પોલીસ અધિકારી સચિન વાઝેએ મુક્તિની માગ કરી

મુંબઈઃ બરતરફ કરાયેલા પોલીસ અધિકારી સચિન વાઝેએ એન્ટિલિયા વિસ્ફોટક અને ઉદ્યોગપતિ હિરેન મનસુખની હત્યાના કેસમાંથી તેમને મુક્ત કરવાની માંગ કરી હતી. તેમણે દલીલ કરી હતી કે આ ગુનાઓ કડક યુએપીએ હેઠળ કાર્યવાહી કરવા માટે ''આતંકવાદી કૃત્ય'' સમાન નથી.

સોમવારે વિશેષ એનઆઇએ કોર્ટમાં દાખલ કરેલી પોતાની અરજીમાં વાઝેએ દલીલ કરી હતી કે આ કેસ ચલાવવાનો કોર્ટ પાસે કાયદેસરનો અધિકાર નથી અને તેમની સામેની આખી કાનૂની કાર્યવાહી કાયદાની નજરમાં અમાન્ય છે. ૨૫ ફેબ્રુઆરી, ૨૦૨૧ના રોજ, દક્ષિણ મુંબઈમાં ઉદ્યોગપતિ મુકેશ અંબાણીના નિવાસસ્થાન 'એન્ટિલિયા' પાસે વિસ્ફોટકોથી ભરેલી એક એસયુવી કાર મળી આવી હતી. જે વેપારી મનસુખ હિરેન પાસે આ કાર હતી, તેમનો મૃતદેહ પાંચ માર્ચ, ૨૦૨૧ના રોજ નજીકના ઠાણેમાં એક ખાડીમાંથી મળી આવ્યો હતો. આ કેસમાં કથિત ભૂમિકા બદલ વાઝેની માર્ચ ૨૦૨૧ માં ધરપકડ કરવામાં આવી હતી. તે હાલમાં ન્યાયિક કસ્ટડીમાં છે.

કોર્ટે વાઝેની અરજીનો જવાબ આપવા માટે ફરિયાદ પક્ષને નિર્દેશ આપ્યો છે, અને આ મામલાની સુનાવણી ૧૩ માર્ચે થશે.

ઘાટકોપર જેવી દુર્ઘટનાનું પુનરાવર્તન ન થાય તે માટે

## શહેરમાં લાગેલાં હોર્ડિંગ્સનું ચોમાસા પહેલાં સર્વેક્ષણ કરવાનો પાલિકા કમિશનરનો આદેશ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ઘાટકોપરમાં બે વર્ષ પહેલાં મહાકાય હોર્ડિંગ તૂટી પડવાને કારણે ૧૭ જણે જીવ ગુમાવ્યાની ઘટનાનો સંદર્ભ ટાંકીને શહેરમાં લાગેલાં બધાં હોર્ડિંગ્સનું સર્વેક્ષણ કરવાનો આદેશ મુંબઈ મહાનગરપાલિકાના કમિશનરે સંબંધિત એજન્સીઓને આપ્યો હતો. હોર્ડિંગ્સ ઊભું કરવા બનાવવામાં આવેલા ઢાંચાની પણ તપાસ કરવાનું કહેવામાં આવ્યું હતું.

ચોમાસા પૂર્વેની તૈયારીઓ સંબંધે ચર્ચા માટે મહાપાલિકાના કમિશનર ભૂષણ ગગરાણીના માર્ગદર્શન હેઠળ ડિસ્ટ્રિક્ટ ડિઝાસ્ટર મૅનેજમેન્ટ ઑથોરિટી (ડીડીએમએ)ની બેઠક મંગળવારે મહાપાલિકા મુખ્યાલયમાં થઈ હતી. આ મીટિંગમાં પાલિકાના વરિષ્ઠ અધિકારીઓ, રેલવે, મેટ્રો, વેધશાળા, નૌકાદળ, મ્હાડા, પીડબ્લ્યુડી અને એમએમઆરડીએ સહિતની

(જુઓ પાનું ૪) ▸▸

### મેટ્રોએ યોગ્ય ક્ષમતાના પમ્પ બેસાડવા

ચોમાસા દરમિયાન નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરવાની સમસ્યા દર વર્ષે ઊભી થતી હોય છે. આવા પરિસરોમાંથી વરસાદી પાણીનો નિકાલ યુદ્ધના ધોરણે થાય તે માટે દરેક એજન્સીએ તાલમેલ જાળવવો જરૂરી હોવાનું પાલિકાના કમિશનરે કહ્યું હતું. મધ્ય અને પશ્ચિમ રેલવેએ નિયમિત સમન્વય સાધી પ્રવાસીઓને કોઈ પ્રકારની અસુવિધા

(જુઓ પાનું ૪) ▸▸

### વેધશાળાને વહેલી આગાહી કરવા તાકીદ

ભારતીય હવામાન ખાતા દ્વારા ચોમાસા દરમિયાન કરવામાં આવતી આગાહી બાબતે પણ મહત્ત્વની સૂચના પાલિકા કમિશનરે આપી હતી. કમિશનરે જણાવ્યું હતું કે વરસાદની આગાહી અને તેની લગતી માહિતી આપતી વખતે વેધશાળાએ સંબંધિત એજન્સીને પોતાના સ્તરે કાર્યવાહી કરવામાં પૂરતો સમય મળે એ બાબતનો ખાસ ખયાલ રાખવો જોઈએ. આગાહી વહેલી કરવામાં આવે તો જરૂરી પગલાં લઈ શકાય. ઉલ્લેખનીય છે કે ગયા વર્ષે છેલ્લી ઘડીએ આગાહી કરવામાં આવ્યાનું અનેક વાર જોવા મળ્યું હતું. અમુક દિવસે તો બેથી ત્રણ કલાક પહેલાં જ ધોધમાર વરસાદની આગાહી કરવામાં આવી હતી. ■

## સંજય ગાંધી રાષ્ટ્રીય ઉદ્યાન વિસ્તારમાં અતિક્રમણ કરનારાઓનું પુનર્વસનઃ વન પ્રધાન

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ રાજ્ય સરકાર સંજય ગાંધી રાષ્ટ્રીય ઉદ્યાન વિસ્તારમાં અતિક્રમણ કરનારાઓના પુનર્વસન માટે પ્રયાસો કરી રહી છે અને આ સંદર્ભમાં ટૂંક સમયમાં વ્યાપક નિર્ણય લેવામાં આવશે, એમ રાજ્યના વન ખાતાના પ્રધાન ગણેશ નાઈકે વિધાન પરિષદમાં જણાવ્યું હતું. વિધાનસભ્ય પ્રવીણ દરેકરે કરેલા રસપ્રદ સૂચનનો જવાબ આપતા નાઈકે જણાવ્યું હતું કે સંજય ગાંધી રાષ્ટ્રીય ઉદ્યાન વિસ્તારમાં અતિક્રમણ કરનારાઓના પ્રશ્નોને તબક્કાવાર ઉકેલવા માટે યોજનાઓ બનાવવામાં આવી છે. શરૂઆતમાં ૧૧,૩૫૯ અતિક્રમણ કરનારાઓના દાવાઓની તપાસ કરવામાં આવી છે અને તેમાંથી ૨૯૯ પાત્ર હોવાનું જાણવા મળ્યું છે; જોકે, તેમનું પુનર્વસન બાકી છે. બીજા તબક્કામાં, ૧૩,૪૮૬ અતિક્રમણ કરનારાઓના પ્રશ્નો પર વિચારણા કરવામાં આવી રહી છે.

આરે કોલોની વિસ્તારમાં લગભગ ૨૦ એકર જમીનમાં આદિવાસી પરિવારો માટે 'ગ્રાઉન્ડ પ્લસ વન' મકાનો બનાવીને લગભગ ૨,૨૦૦ પરિવારોનું પુનર્વસન કરવાનો પ્રસ્તાવ છે. ઉપરાંત, પુનર્વસન માટે માર્ગ મોકળો કરવા માટે મુખ્ય પ્રધાનની કચેરીમાં એક બેઠકનું આયોજન કરવામાં આવ્યું છે.

નાઈકે એમ પણ કહ્યું કે રાષ્ટ્રીય ઉદ્યાનની બહારની વસાહતોમાં પાણી પુરવઠો, શૌચાલય વગેરે જેવી મૂળભૂત સુવિધાઓના સમારકામમાં કોઈ અવરોધ ન આવે તે માટે સંબંધિત વિભાગોને સૂચનાઓ આપવામાં આવશે. ■

## મહારાષ્ટ્રના આઠ લાખ ખેડૂત સૌર કૃષિ ફીડર યોજનાનો લાભ લઈ રહ્યા છે, સરકાર ક્ષમતા વધારશેઃ મુખ્ય પ્રધાન

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે મંગળવારે રાજ્ય વિધાનસભાને માહિતી આપી હતી કે સરકારની મુખ્ય સૌર કૃષિ ફીડર યોજનાનો લાભ આઠ લાખ ખેડૂતોને મળ્યો છે, જે તેમને સસ્તી દિવસની વીજળી પૂરી પાડે છે.

ઊર્જા વિભાગ ધરાવતા ફડણવીસે રાજ્ય વિધાનસભાને માહિતી આપી હતી કે મુખ્યમંત્રી સૌર કૃષિ ફીડર યોજના હેઠળ ૪,૦૦૦ મેગાવોટ ક્ષમતા પર કામ પૂર્ણ થઈ ગયું છે અને સરકાર આ પહેલને વધારાની ૧૦,૦૦૦ મેગાવોટ સુધી વધારવાની યોજના ધરાવે છે.તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે આ પહેલ રાજ્યને લગભગ ૭૫ ટકા ખેડૂતોને દિવસ દરમિયાન વીજળી પૂરી પાડવા સક્ષમ બનાવશે, અને આગામી વર્ષ સુધીમાં આ યોજનાને લગભગ તમામ પ્રદેશોમાં વિસ્તારવા માટે પ્રયાસો ચાલી રહ્યા છે, જોકે કેટલાક વિસ્તારોમાં હજુ પણ પડકારોનો સામનો કરવો પડી રહ્યો છે.પ્રશ્નકાળ દરમિયાન બોલતા મુખ્ય પ્રધાને 'માંગેલ ત્યાલા સૌર કૃષિ પંપ' યોજના પ્રત્યે ખેડૂતો તરફથી મળેલા સકારાત્મક પ્રતિભાવ પર પણ પ્રકાશ પાડ્યો, જેના હેઠળ સૌર ઉર્જાથી ચાલતા કૃષિ પંપ પૂરા પાડવામાં આવે છે.તેમણે એક મહિલા ખેડૂતનું ઉદાહરણ આપ્યું, જેમણે તેમને કહ્યું કે જ્યારે તેઓ સિંચાઈ માટે સિસ્ટમમાંથી ઉત્પન્ન થતી સૌર ઉર્જાનો ઉપયોગ કરે છે, ત્યારે વધારાની વીજળી કેપેસિટર અને બેટરીનો ઉપયોગ કરીને સંગ્રહિત કરી શકાય છે અને રાત્રે ઘરે પણ વાપરી શકાય છે.

ફડણવીસે ભારપૂર્વક જણાવ્યું હતું કે સરકારનો પ્રયાસ ખેડૂતોને દિવસ દરમિયાન ઓછામાં ઓછા ૧૦ કલાક વીજળી પુરવઠો સુનિશ્ચિત કરવાનો છે, કારણ કે હાલમાં કેટલાક સ્થળોએ સરેરાશ પુરવઠો આઠ કલાક છે.રાજ્ય સરકારની સૌર યોજનાને આંતરરાષ્ટ્રીય માન્યતા મળી છે, જેમાં આંતરરાષ્ટ્રીય સૌર જોડાણ તેને એક મુખ્ય પહેલ તરીકે ઓળખે છે. તેમણે કહ્યું કે આ પ્રોજેક્ટને સાતથી આઠ આંતરરાષ્ટ્રીય પુરસ્કારો મળ્યા છે.કેન્દ્ર સરકારે અન્ય રાજ્યોને સમાન મૉડેલ અપનાવવાની સલાહ આપી છે, એમ તેમણે ઉમેર્યું હતું. ફડણવીસે જણાવ્યું હતું કે પહેલનો આગળનો તબક્કો બેટરી સ્ટોરેજ સિસ્ટમ્સ પર ધ્યાન કેન્દ્રિત કરશે, જે સૌર ઉર્જાનો સંગ્રહ કરવામાં મદદ કરશે અને તેનો ચોવીસ કલાક ઉપયોગ અને પાવર ગ્રીડ સાથે વધુ સારી રીતે સંકલન કરવામાં મદદ કરશે.

## બિશ્નોઈ ગૅન્ગને નામે ધમકાવીને કાકા પાસેથી પાંચ કરોડ રૂપિયા પડાવવાની યોજના ઊંધી વળી

### હરિયાણાથી પકડાયેલા ભત્રીજાએ બિશ્નોઈ ગૅન્ગની પ્રસિદ્ધિનો લાભ ઉઠાવવા કાકાને ઈન્ટરનૅશનલ નંબરો પરથી ધમકીભર્યા મેસેજ કર્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ફિલ્મસ્ટારોને ખંડણી માટે ધમકી અને ગોળીબાર કરવાને કારણે સતત સમાચારમાં રહેલી લૉરેન્સ બિશ્નોઈ ગૅન્ગના નામનો ઉપયોગ કરીને કાકા પાસેથી પાંચ કરોડ રૂપિયા પડાવવાની યોજના હરિયાણામાં રહેતા ભત્રીજાએ બનાવી હતી. બિશ્નોઈ ગૅન્ગને નામે ઈન્ટરનૅશનલ નંબરો પરથી ધમકીભર્યા મેસેજ કરવા ભત્રીજાએ આધુનિક આઈપી ઍડ્રેસ અને વીપીએન નેટવર્કનો ઉપયોગ પણ કર્યો હતો, પરંતુ ચતુરાઈપૂર્વક કરેલી તપાસ બાદ પોલીસે ભત્રીજાની યોજના ઊંધી વાળી તેને લૉકઅપના સળિયા પાછળ ધકેલી દીધો હતો.

મલાડ પોલીસે ધરપકડ કરેલા આરોપીની ઓળખ કૈલાશ ઓમપ્રકાશ અગ્રવાલ (૪૦) તરીકે થઈ હતી. હરિયાણાના ગુરુગ્રામમાં સેક્ટર-૪૯ ખાતે રહેતા આરોપીએ મલાડના એસ. વી. રોડ પર આવેલી ઈમારતમાં રહેતા કાકા બાબુલાલ અગ્રવાલ (૬૨) પાસેથી નાણાં પડાવવા કાવતરું ઘડ્યું હોવાનું પ્રાથમિક તપાસમાં સામે આવ્યું હતું. પોલીસ ફરિયાદ અનુસાર

(જુઓ પાનું ૪) ▸▸

## ઈન્સ્યોરન્સના ૫૦ લાખ મેળવવા બીમારીથી મરેલો શખસ અકસ્માતમાં મૃત્યુ પામ્યાનો દાવો

### મૃતકની પત્ની-ભાઈ સાથે મળી પોલીસ અને તબીબી અધિકારીઓએ ઘડ્યું કાવતરુંઃ નવની ધરપકડ

મુંબઈઃ ઈન્સ્યોરન્સના ૫૦ લાખ રૂપિયા મેળવવા માટે લિવરની બીમારીથી મરેલો શખસ અકસ્માતમાં મૃત્યુ પામ્યો હોવાનું દર્શાવવામાં આવ્યાની ચોંકાવનારી ઘટના જળગાંવ જિલ્લામાં બની હતી. પોલીસે ચાર પોલીસ કર્મચારી અને તબીબી અધિકારી સહિત નવ જણની ધરપકડ કરી હતી.વરિષ્ઠ અધિકારીના જણાવ્યા મુજબ તપાસ બાદ મૃતકની પત્ની અરુણા જાધવ, ભાઈ મિથુન જાધવ, ચાલીસગાંવ ગ્રામીણ હૉસ્પિટલના મેડિકલ ઑફિસર મંદાર કરંબલેકર, પોલીસ કર્મચારીઓ મહેન્દ્ર પાટીલ, સુનીલ નિકમ, રવીન્દ્ર બત્તિસે અને સચિન કદમ તેમ જ ઈન્સ્યોરન્સ એજન્ટ્સ પ્રવીણ પાટીલ અને પ્રેમ પાટીલ વિરુદ્ધ ગુનો નોંધવામાં આવ્યો હતો. નવેનવ આરોપીની રવિવારે ધરપકડ કરવામાં આવી હતી.

અકસ્માતની ખોટી વાર્તા બનાવીને આરોપીઓની ટોળકીએ ઈન્સ્યોરન્સ કંપની પાસેથી ૫૦ લાખ રૂપિયા મેળવવાનો પ્રયાસ કર્યો ત્યારે જળગાંવના ચાલીસગાંવમાં થયેલી કથિત છેતરપિંડીનો મામલો સામે આવ્યો હતો. મૃતક રાજેન્દ્ર શાલિન્દર જાધવની પત્ની અરુણાએ ઈન્સ્યોરન્સ ક્લેઈમ કર્યો હતો.

ઈન્સ્યોરન્સ કરાયેલા દાવામાં જણાવાયું હતું કે રાજેન્દ્ર દહિવડથી માલેગાંવ બાઈક પર જતો હતો ત્યારે એસયુવીએ તેની બાઈકને ટક્કર મારી હતી. અકસ્માતમાં ગંભીર રીતે ઘવાયેલા રાજેન્દ્રને ચાલીસગાંવ ગ્રામીણ હૉસ્પિટલમાં લઈ જવાયો હતો, જ્યાં સારવાર દરમિયાન તેનું મૃત્યુ થયું હતું. આ અંગે મેહુનબરે પોલીસ સ્ટેશનમાં ગુનો પણ નોંધવામાં આવ્યો હતો.

દાવાની ઈન્સ્યોરન્સ કંપની દ્વારા તપાસ કરવામાં આવી ત્યારે અનેક વિસંગતિ સામે આવી હતી. તપાસમાં જણાયું હતું કે રાજેન્દ્રનું મૃત્યુ ખરેખર તો ફેબ્રુઆરી, ૨૦૨૪માં લિવરની બીમારીથી થયું હતું. ઉપરાંત, રાજેન્દ્રના ઘરમાં લાગેલી તસવીર પર તેના મૃત્યુની તારીખ ૨૩ ફેબ્રુઆરી, ૨૦૨૪ લખેલી હતી. વળી, ગ્રામ પંચાયતના રજિસ્ટરમાં પણ તેના મૃત્યુની નોંધ કરાઈ નહોતી.

ચોંકાવનારી બાબત એટલે રાજેન્દ્રના નામે ૧૦ કંપની પાસેથી ઈન્સ્યોરન્સ પૉલિસી કઢાવવામાં આવી હતી. અકસ્માતનો ખોટો કેસ નોંધીને બનાવટી દસ્તાવેજોની મદદથી ઈન્સ્યોરન્સનાં નાણાં મેળવવા માટે આ કાવતરું ઘડવામાં આવ્યું હોવાનું જણાયું હતું. પરિણામે ઈન્સ્યોરન્સ કંપની દ્વારા પોલીસનો સંપર્ક સાધવામાં આવ્યો હતો.

પોલીસને શંકા છે કે આ મોડસ ઑપરેન્ડીનો ઉપયોગ કરીને આરોપીના જૂથે વિવિધ ઈન્સ્યોરન્સ કંપની પાસેથી ૭.૫ કરોડ રૂપિયાના દાવા મેળવવાના પ્રયાસ કર્યા હતા. (પીટીઆઈ)

## મહારાષ્ટ્રમાં વેરિફિકેશન પ્રક્રિયામાં ૯૩,૦૦૦થી વધુ શિષ્યવૃત્તિ અરજીઓ અટવાઈ

મુંબઈઃ મહારાષ્ટ્રમાં ઉચ્ચ શિક્ષણ મેળવતા વિદ્યાર્થીઓની ૯૩,૦૦૦ થી વધુ શિષ્યવૃત્તિ અરજીઓ વેરિફિકેશન માટે પેન્ડિંગ છે, તેમ રાજ્ય સરકારે વિધાન પરિષદમાં જાણ કરી હતી.

શિવસેનાના એમએલસી મનીષા કાયંદે અને અન્ય સભ્યો દ્વારા પૂછવામાં આવેલા પ્રશ્નના લેખિત જવાબમાં, ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ પ્રધાન ચંદ્રકાંત પાટીલે જણાવ્યું હતું કે 'મહાડીબીટી' પોર્ટલના ડેટા અનુસાર, ૨૭ ફેબ્રુઆરી, ૨૦૨૬ સુધીમાં ૯૩,૩૨૬ અરજીઓ વેરિફિકેશનની રાહ જોઈ રહી હતી. આમાંથી, ૮૧,૭૫૩ અરજીઓ વર્તમાન શૈક્ષણિક વર્ષ ૨૦૨૫ થી ૨૬ ને લગતી છે, જ્યારે ૧૧,૫૭૩ અરજીઓ છેલ્લા ચાર વર્ષના બાકી કેસો છે.પાટીલે જણાવ્યું હતું કે ડિસેમ્બર ૨૦૨૫ સુધીમાં, કુલ ૧,૪૨,૩૮૩ અરજીઓ વેરિફિકેશન માટે પેન્ડિંગ હતી. જોકે, વિભાગીય સંયુક્ત નિર્દેશકોને વેરિફિકેશન ઝડપી બનાવવા માટે સૂચનાઓ જારી કરવામાં આવ્યા બાદ, ૪૯,૦૫૭ અરજીઓ પર કાર્યવાહી કરવામાં આવી હતી.

## ગોરેગામમાં ૧૩ અનધિકૃત દુકાનો પર પાલિકાનો હથોડો

મુંબઈઃ ગોરેગામ પશ્ચિમમાં સ્વામી વિવેકાનંદ માર્ગ પરની ત્રણ દુકાન તેમ જ અન્ય માર્ગ પરની ૧૦ દુકાનોના વધારાના બાંધકામને મહાનગરપાલિકાના 'પી દક્ષિણ' વિભાગ દ્વારા મંગળવારે તોડી પાડવામાં આવ્યું હતું. ડેપ્યુટી કમિશનર (ઝોન-૪) ભાગ્યશ્રી કાપસેના નેતૃત્વ હેઠળ આ કાર્યવાહી કરવામાં આવી હતી. ગોરેગામ પશ્ચિમમાં સ્વામી વિવેકાનંદ માર્ગ અને પાંચ-ડી માર્ગ પર કરાયેલા અનધિકૃત બાંધકામો રાહદારીઓ માટે અવરોધ ઊભા કરી રહ્યા હોવાનું જાણવા મળ્યા બાદ પાલિકાના પી દક્ષિણ વોર્ડ દ્વારા કાર્યવાહી કરવામાં આવી હતી.આ કાર્યવાદી દરમિયાન સ્વામી વિવેકાનંદ માર્ગ પરની ત્રણ અનધિકૃત બાંધકામ તોડી પાડવામાં આવ્યાં હતાં.

## મહારાષ્ટ્ર સરકાર મુંબઈમાં મહિલા કર્મચારીઓ પર મહેરબાન

### 'કમ અર્લી, લીવ અર્લી'ની પદ્ધતિ લાગુ કરવાની સુનેત્રા પવારની જાહેરાત

(અમારા પ્રતિનિધિ તરફથી)


મુંબઈઃ મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન સુનેત્રા પવારે મંગળવારે બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન (બીએમસી)ના અધિકારક્ષેત્રમાં કામ કરતી રાજ્ય સરકારની મહિલા કર્મચારીઓ માટે કામ કરવાના સમયમાં 'વહેલા આવો, વહેલા જાઓ' પહેલ હેઠળ, મહિલા કર્મચારીઓને સવારે ૯.૧૫ થી ૯.૪૫ વાગ્યા સુધી રિપોર્ટિંગ સમયની મંજૂરી આપી હતી અને વહેલી આવનારી મહિલા કર્મચારીઓને રાતે જલ્દી જવાની સગવડ મળશે.

આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે વિધાનપરિષદમાં એક ખાસ ચર્ચા દરમિયાન તેમણે કહ્યું હતું કે, 'આ નિર્ણય ભીડભાડના સમયે મહિલાઓને થતી અસુવિધાને ઓછી કરીને તેમને મોટી રાહત આપશે.'

મહિલાઓના સર્વાંગી વિકાસ પ્રત્યે રાજ્ય સરકારની પ્રતિબદ્ધતાનું પુનરાવર્તન કરતાં, પવારે સભ્યોને મહિલાઓ માટે યોગ્ય સન્માન, તકો અને સુરક્ષા સુનિશ્ચિત કરતો સમાજ બનાવવાના સંકલ્પને મજબૂત બનાવવા વિનંતી કરી હતી.

નાયબ મુખ્ય પ્રધાને નોંધ્યું હતું કે જુલાઈ ૨૦૧૫થી ફેબ્રુઆરી ૨૦૨૬ દરમિયાન 'ઓપરેશન મુસ્કાન' હેઠળ હાથ ધરવામાં આવેલા ૧૪ અભિયાનો

(જુઓ પાનું ૪) ▸▸



## સોશ્યલ મીડિયા પર થતી બદનક્ષીની તપાસ માટે પેનલ બનશે

મુંબઈઃ મહારાષ્ટ્રના મુખ્યપ્રધાન દેવેન્દ્ર ફડણવીસે મંગળવારે જણાવ્યું હતું કે સોશિયલ મીડિયા પર વ્યક્તિઓને બદનામ કરવાના પ્રયાસોને રોકવા માટે પોલીસ મહાનિર્દેશક (ડીજીપી) ની આગેવાની હેઠળ એક સમિતિની રચના કરવામાં આવશે.

મુખ્યપ્રધાને વિધાનસભામાં સાયબર ગુનાઓ અંગેના પ્રશ્નના જવાબમાં આ નિવેદન આપ્યું હતું.

રાજ્યના ડીજીપીની અધ્યક્ષતા હેઠળની સમિતિ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર થતી લોકોની બદનક્ષીના મુદ્દાનો અભ્યાસ કરશે અને આવા કિસ્સાઓમાં શું પગલાં લેવા એ અંગે

(જુઓ પાનું ૪) ▸▸

## વિપક્ષ, ભાજપના સભ્યોએ મુંબઈ સેન્ટ્રલ પાર્ક પ્રોજેક્ટ યોજના પર ચિંતા વ્યક્ત કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વિપક્ષ તેમજ શાસક ભાજપના વિધાનસભ્યોએ મંગળવારે મહારાષ્ટ્ર વિધાનસભા પરિષદમાં પ્રસ્તાવિત ૨૯૫ એકરના મુંબઈ સેન્ટ્રલ પાર્ક પ્રોજેક્ટ પર ચિંતા વ્યક્ત કરી હતી, આયોજન પ્રક્રિયામાં પારદર્શિતાનો અભાવ હોવાનો આરોપ લગાવ્યો અને ચેતવણી આપી કે તે શહેરની ખુલ્લી જગ્યાઓને અસર કરી શકે છે. બીજી તરફ ગૃહમાં ચર્ચાનો જવાબ આપતા, રાજ્યના પ્રધાન ઉદય સામંતે સભ્યોને ખાતરી આપી હતી કે આ પ્રોજેક્ટ હેઠળ ખુલ્લી જગ્યાનું કોઈ વ્યાપારીકરણ થશે નહીં.

મુંબઈના તમામ વિધાનસભ્યો સમક્ષ પ્રોજેક્ટનું પ્રેઝન્ટેશન રજૂ કરવામાં આવશે અને તેમની પાસેથી લેખિત સૂચનો મંગાવવામાં આવશે, એમ તેમણે જણાવ્યું હતું અને જાહેરાત કરી હતી કે નગર વિકાસ ખાતાના પ્રધાન અને નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેની હાજરીમાં આ સંદર્ભમાં એક બેઠક બોલાવવામાં આવશે.

આ મુદ્દો ઉઠાવતા, શિવસેના (યુબીટી)ના સભ્ય સચિન આહિરે જણાવ્યું હતું કે ૧૦૦થી વધુ આર્કિટેક્ટ અને પ્લાનર્સે મુંબઈ સેન્ટ્રલ પાર્ક પ્રસ્તાવનો વિરોધ કર્યો છે અને દાવો કર્યો છે કે તે શહેરની ખુલ્લી જગ્યાઓ અને પર્યાવરણ પર પ્રતિકૂળ અસર કરશે.જો સેન્ટ્રલ પાર્કના નામે કોંક્રિટ માળખાં બનાવવામાં આવશે, તો તે પાણીના નિકાલની પ્રક્રિયાને અસર કરશે. આપણે નિષ્ણાતોનું સાંભળવું જોઈએ અને આ વિસ્તારમાં કોઈ વ્યાપારી વિકાસ થવો જોઈએ નહીં, એમ આહિરે કહ્યું હતું.

તેમણે યોજના હેઠળ નવા હેલિપેડના પ્રસ્તાવનો પણ વિરોધ કર્યો અને સરકારને હાલની સુવિધાનો ઉપયોગ કરવા વિનંતી કરી હતી. શિવસેના (યુબીટી)ના સભ્ય અનિલ પરબે પણ સેન્ટ્રલ પાર્ક પ્રોજેક્ટ માટે પારદર્શક આયોજન પ્રક્રિયાની હાકલ કરી.શહેરી વિકાસ વિભાગ વતી જવાબ આપતા, સામંતે જણાવ્યું હતું કે સેન્ટ્રલ પાર્કનો વિકાસ કુલ ૮,૫૫,૧૯૮ ચોરસ મીટરના પ્રસ્તાવિત વિસ્તારમાં કરવામાં આવશે અને સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય પ્રવાસીઓને આકર્ષવા માટે યુકે અને યુએસના મુખ્ય ઉદ્યાનોની જેમ ડિઝાઇન કરવામાં આવશે.

રાજ્ય સરકાર કે બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન (બીએમસી)નો આ પ્રોજેક્ટમાં ખુલ્લી જગ્યાનું વ્યાપારીકરણ કરવાનો કોઈ ઈરાદો નથી. સેન્ટ્રલ પાર્ક પ્રોજેક્ટમાં ખુલ્લી જગ્યાનું કોઈ વ્યાપારીકરણ થશે નહીં, એમ સામંતે કહ્યું હતું.

તેમણે કહ્યું કે પાર્કની અંદર રમતગમત સંકુલ અંગેની યોજના હજુ સુધી અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યું નથી અને સરકાર સૂચનો માટે તૈયાર છે.

કોંગ્રેસના નેતા સતેજ પાટીલે આ ટિપ્પણી સામે વાંધો ઉઠાવતા કહ્યું કે આ પત્ર એક સંગઠન દ્વારા મોકલવામાં આવ્યો હતો અને તેથી તમામ ૧૦૨ વ્યક્તિઓની વ્યક્તિગત સહીઓ જરૂરી નથી.

'સેન્ટ્રલ પાર્કના નામે, દરિયા કિનારાના એક કિલોમીટરની અંદર ભૂગર્ભ સુવિધાઓ બનાવવાનો પ્રસ્તાવ છે. આના પર્યાવરણીય પરિણામો પ્રતિકૂળ હોઈ શકે છે. આ ખુલ્લી જગ્યાઓ મુંબઈના ફેફસાં છે અને વર્તમાન અને ભાવિ પેઢીઓ માટે તેનું રક્ષણ કરવું જોઈએ,' એમ પાટીલે કહ્યું હતું. સામંતે વધુમાં જણાવ્યું હતું કે પ્રસ્તાવિત હેલિપેડ રેમન્ડ લિમિટેડ એવિએશન ડિવિઝન દ્વારા કોસ્ટલ રોડ જેટી સુવિધા ખાતે જાહેર-ખાનગી ભાગીદારી મૉડેલ હેઠળ વિકસાવવામાં આવશે અને ટ્રાફિક મુવમેન્ટ ઉપરાંત, તે તબીબી અને અન્ય કટોકટીમાં જાહેર ઉપયોગ માટે પણ ઉપલબ્ધ રહેશે, જ્યારે બીએમસી માટે આવક ઊભી કરશે.

# મેથ્યુ હેડન ગુજરાત ટાઇટન્સનો બેટિંગ કોચ

અમદાવાદઃ ગુજરાત ટાઇટન્સે ઇન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ) ની આગામી સીઝન માટે ભૂતપૂર્વ ઓસ્ટ્રેલિયન ઓપનર મેથ્યૂ હેડનને ટીમના નવા બેટિંગ કોચ બનાવ્યા છે. ફ્રેન્ચાઇઝીએ મંગળવારે આ જાહેરાત કરી હતી. બે વખત વન-ડે વર્લ્ડ કપ વિજેતા અને તેમના સમયના સૌથી પ્રભાવશાળી ઓપનરોમાંના એક હેડનની આંતરરાષ્ટ્રીય કારકિર્દી શાનદાર રહી છે. તેમની પાસે ટી-૨૦માં બેટિંગનો બહોળો અનુભવ છે. હેડને ઓસ્ટ્રેલિયા તરફથી તમામ ફોર્મેટમાં ૨૭૩ આંતરરાષ્ટ્રીય મેચ રમી છે જેમાં ૧૫,૦૦૦થી વધુ રન ફટકાર્યા છે અને અનેક આઈસીસી ટુર્નામેન્ટ જીતવામાં મુખ્ય ભૂમિકા ભજવી છે. ગુજરાત ટાઇટન્સના ક્રિકેટ ડિરેક્ટર વિક્રમ સોલંકીએ જણાવ્યું હતું કે, ''મેથ્યૂની નિમણૂક અમારી સફરમાં એક મહત્ત્વપૂર્ણ તબક્કે થઈ છે. ટોચના સ્તરે તેમનો અનુભવ અને ઊભરતી પ્રતિભાને માર્ગદર્શન આપવાની તેમની ક્ષમતા આગામી સીઝનમાં અમારા માટે મહત્ત્વપૂર્ણ સાબિત થશે.'' હેડને કહ્યું હતું કે, ''સારી બેટિંગ દબાણ બનાવે છે. શાનદાર બેટિંગ રમત પર દબદબો જાળવી રાખે છે. અમે ગુજરાત ટાઇટન્સમાં પણ આ જ ધોરણો સ્થાપિત કરવા માંગીએ છીએ.'' હેડને આઈપીએલમાં ૩૨ મેચ રમી છે. તે તેના ભૂતપૂર્વ ઓસ્ટ્રેલિયન સાથી મેથ્યૂ વેડનું સ્થાન લેશે, જેણે ગયા સીઝનમાં ગુજરાત ટાઇટન્સના સહાયક કોચ તરીકે સેવા આપી હતી.

# ટીમ ઈન્ડિયા પર ધન-વર્ષાઃ ૧૩૧ કરોડનું ઈનામ

## ક્રિકેટ બૉર્ડ દરેક ખેલાડીને છ કરોડ રૂપિયા આપશે અને ૪૧ કરોડ સપોર્ટ સ્ટાફમાં વહેંચશે

નવી દિલ્હીઃ ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (બીસીસીઆઈ) એ મંગળવારે ત્રીજી વખત પુરુષ ટી-૨૦ વર્લ્ડ કપ જીતનાર ભારતીય ક્રિકેટ ટીમ માટે ૧૩૧ કરોડ રૂપિયાના ઇનામીની જાહેરાત કરી હતી. આ ઇનામી રકમ ૧૫ ખેલાડીઓ, કોચિંગ સ્ટાફ અને અન્ય સપોર્ટ સ્ટાફમાં વહેંચવામાં આવશે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, ૧૫ ખેલાડીઓમાંથી દરેકને છ કરોડ રૂપિયા મળશે જ્યારે બાકીના ૪૧ કરોડ રૂપિયા સમગ્ર સપોર્ટ સ્ટાફમાં વહેંચવામાં આવશે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, સૂર્યકુમાર યાદવની કેપ્ટનપિ હેઠળની ટીમના ખેલાડીઓને ઇનામી રકમનો મોટો હિસ્સો મળશે જ્યારે સપોર્ટ સ્ટાફ સભ્યો માટે ઇનામી રકમ તેમના પદ અનુસાર નક્કી કરવામાં આવશે. આ રકમ ૨૦૨૪માં રોહિત શર્માની કેપ્ટનશીપ હેઠળની ચેમ્પિયન ટીમને આપવામાં આવેલા ૧૨૫ કરોડ કરતાં ૬ કરોડ રૂપિયા વધુ છે.

બીસીસીઆઈના સચિવ દેવજીત સૈકિયાએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, ''બોર્ડ આ ઐતિહાસિક સિદ્ધિ પર ખેલાડીઓ, સહયોગી સ્ટાફના સભ્યો અને પસંદગીકારોને એકવાર ફરી અભિનંદન આપે છે અને ભવિષ્યમાં તેની નિરંતર સફળતા માટે શુભેચ્છા પાઠવે છે.''

રવિવારે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રમાયેલી ફાઇનલમાં ન્યૂઝીલેન્ડને ૯૬ રનથી હરાવીને ભારતે પ્રતિષ્ઠિત ટ્રોફી જીતી હતી. તેઓ ટી-૨૦ વર્લ્ડ કપ ટાઇટલનો સફળતાપૂર્વક બચાવ કરનારી પ્રથમ ટીમ છે. ભારતીય ટીમે ત્રીજી વખત ટુર્નામેન્ટ જીતી હતી. આ સિદ્ધિ હાંસલ કરનારી પ્રથમ ટીમ બની હતી.

# અર્શદીપને ભારે પડ્યું મિચલને બૉલ મારવાનુંઃ ૧૫ ટકા મૅચ ફીનો દંડ

દુબઈઃ ભારતીય ફાસ્ટ બોલર અર્શદીપ સિંહને અમદાવાદમાં આઈસીસી મેન્સ ટી-૨૦ વર્લ્ડ કપ ફાઇનલમાં ન્યૂઝીલેન્ડના બેટ્સમેન ડેરિલ મિશેલને બોલ મારવો ભારે પડ્યો હતો. ડેરિલ સામે ''આક્રમક અને અયોગ્ય'' રીતે બોલ ફેંકવા બદલ તેની મેચ ફીના ૧૫ ટકા દંડ ફટકારવામાં આવ્યો છે. ઉપરાંત, અર્શદીપના શિસ્ત રેકોર્ડમાં એક ડિમેરિટ પોઈન્ટ ઉમેરવામાં આવ્યો છે, જે ૨૪ મહિનામાં તેનો પહેલો ગુનો છે.

આંતરરાષ્ટ્રીય ક્રિકેટ પરિષદ (આઈસીસી) એ મંગળવારે એક મીડિયા રિલીઝમાં જણાવ્યું હતું કે અર્શદીપને આઈસીસીની ખેલાડીઓ અને ખેલાડીઓના સહયોગી સ્ટાફ સાથે સંબંધિત આચાર સંહિતાના નિયમ ૨.૯ ના ઉલ્લઘનનો દોષિત ઠેરવવામાં આવ્યો છે, જે આંતરરાષ્ટ્રીય મેચ દરમિયાન કોઈ ખેલાડી પર અથવા તેની તરફ અયોગ્ય અને/અથવા ખતરનાક રીતે બોલ (અથવા કોઈપણ અન્ય ક્રિકેટ સંબંધિત વસ્તુ) ફેંકવા સાથે સંબંધિત છે.

આ ઘટના રવિવારે ન્યૂઝીલેન્ડની ઇનિંગની ૧૧મી ઓવરમાં બની હતી જ્યારે અર્શદીપની ઓવરમાં ડેરિલે શોર્ટ ફટકાર્યો હતો જેને અર્શદીપે રોક્યો હતો અને બાદમાં આક્રમક રીતે તેને બેટ્સમેન તરફ ફેંક્યો હતો, જે ન્યૂઝીલેન્ડના વાઈસ કેપ્ટનના પેડ પર વાગ્યો હતો. ન્યૂઝીલેન્ડને ૯૬ રનથી હરાવીને ભારત ત્રણ ટી-૨૦ વર્લ્ડ કપ ટાઇટલ જીતનાર પ્રથમ ટીમ બની હતી. ટીમ ઇન્ડિયા પોતાના હોમ ગ્રાઉન્ડ પર ટુર્નામેન્ટ જીતનાર પ્રથમ ટીમ પણ બની હતી. અર્શદીપે આઈસીસીના દંડનો સ્વીકાર કર્યો હતો જેના કારણે ઔપચારિક સુનાવણીની જરૂરિયાત પડી નહોતી. આ આરોપ ઓન-ફિલ્ડ અમ્પાયર રિચર્ડ ઇલિંગવર્થ અને એલેક્સ વ્હાર્ફ, થર્ડ અમ્પાયર અલ્લાહુદ્દીન પાલેકર અને ફોર્થ અમ્પાયર એડ્રિયન હોલ્ડસ્ટોક દ્વારા લગાવવામાં આવ્યો હતો. લેવલ ૧ના ઉલ્લંઘનમાં ઓછામાં ઓછો સત્તાવાર ઠપકો અને ખેલાડીની મેચ ફીના ૫૦ ટકાનો મહત્તમ દંડ અને એક કે બે ડિમેરિટ પોઈન્ટ આપવામાં આવે છે.

# ધોની-રોહિતની ક્લબમાં હોવાનો મને ગર્વઃ સૂર્યકુમાર

મુંબઈઃ ભારતને ટી-૨૦ વર્લ્ડકપમાં ચેમ્પિયન બનાવ્યાના બે દિવસ પછી ભારતીય કેપ્ટન સૂર્યકુમાર યાદવે કહ્યું કે તે દેશને ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (આઈસીસી) ટ્રોફી જીતાડનારા કપિલ દેવ, મહેન્દ્ર સિંહ ધોની અને રોહિત શર્મા જેવા દિગ્ગજ ખેલાડીઓની યાદીમાં સામેલ થઈને ગર્વનો અનુભવ કરી રહ્યો છે. સૂર્યકુમારની કેપ્ટનશિપ હેઠળ ભારતે રવિવારે અમદાવાદમાં ફાઇનલમાં ન્યૂઝીલેન્ડને ૯૬ રનથી હરાવીને ટી-૨૦ વર્લ્ડ કપ જીત્યો હતો. આ રેકોર્ડ ત્રીજી વખત છે જ્યારે ભારતે ટાઇટલ જીત્યું છે. તેઓ પોતાના ટાઇટલનો બચાવ કરનારી પ્રથમ ટીમ પણ બની છે.

અમદાવાદથી પરત ફર્યા બાદ સૂર્યકુમારે કહ્યું હતું કે, ૨૦૨૪માં અને હવે ૨૦૨૬માં ટ્રોફી જીતીને ખૂબ જ સારું લાગી રહ્યુ છે. તે ખૂબ જ ખાસ લાગણી છે. જ્યારે અમે ૨૦૨૪માં જીત્યા ત્યારે અમે વિચાર્યું કે ૨૦૨૬માં અમારા હોમ ગ્રાઉન્ડ પર ફરીથી વર્લ્ડકપ જીતવો કેટલો ખાસ હશે.

તેણે કહ્યું હતું કે, ''અમારું આગામી લક્ષ્ય ૨૦૨૮માં ઓલિમ્પિક ગોલ્ડ મેડલ જીતવાનું છે. ટીમ સારા ફોર્મમાં છે. જો ભારત તે જ વર્ષે (૨૦૨૮માં) ટી-૨૦ વર્લ્ડ કપ જીતે છે, તો તે એક મોટી સિદ્ધિ હશે. રોહિત અને ધોની જેવા દિગ્ગજો સાથે સરખામણી કરવામાં આવતા સૂર્યકુમારે કહ્યું હતું કે, તે એલીટ ક્લબમાં સામેલ થવાથી સારું લાગે છે. હું ધીમે ધીમે તેનો અનુભવ કરી રહ્યો છું. આવા મહાન ખેલાડીઓ સાથે સામેલ થવું ખૂબ જ ખાસ લાગણી છે. હું ભવિષ્યમાં પણ આવું જ કરવાનો પ્રયાસ કરીશ અને ભારતને વધુ ટ્રોફી જીતવામાં મદદ કરીશ.

રોહિત શર્માની કેપ્ટનશિપ હેઠળ ભારતે જૂન ૨૦૨૪માં બાર્બાડોસમાં ટી-૨૦ વર્લ્ડ કપ જીત્યો હતો જ્યારે ધોનીની કેપ્ટનશિપ હેઠળ ભારતે ૨૦૦૭માં ટી-૨૦ વર્લ્ડ કપ અને ૨૦૧૧માં વન-ડે વર્લ્ડ કપ જીત્યો હતો. કપિલ દેવની કેપ્ટનશિપ હેઠળ ભારતીય ટીમે ૧૯૮૩માં વન-ડે વર્લ્ડ કપ જીત્યો હતો, જે દેશનો પહેલો મોટો વર્લ્ડકપ હતો.

# શનિવારે કુલદીપ યાદવ પરણવાનો

નવી દિલ્હીઃ ભારતીય ક્રિકેટ ટીમ માટે હાલનો સમય બેવડી ખુશીઓ લઈને આવ્યો છે. એકતરફ ટીમ ઈન્ડિયાએ ટી-૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬ના ફાઇનલમાં ન્યૂ ઝીલેન્ડને હરાવીને ટ્રોફી પોતાના નામે કરી છે, તો બીજી તરફ ટીમના સ્ટાર બોલર કુલદીપ યાદવ હવે જીવનની નવી ઇનિંગ શરૂ કરવા જઈ રહ્યા છે. કુલદીપ ૧૪ માર્ચે લગ્નના બંધનમાં બંધાશે.

કુલદીપ યાદવ તેની બાળપણની મિત્ર વંશિકા સાથે મસૂરીના એક આલિશાન રિસોર્ટમાં ૧૪ માર્ચે લગ્ન કરશે. વંશિકા અને કુલદીપ બંને કાનપુરના રહેવાસી છે અને લાંબા સમયથી એકબીજાને ઓળખે છે. લગ્ન બાદ ૧૭ માર્ચે લખનઊમાં એક ભવ્ય રિસેપ્શન યોજાશે, જેમાં બીસીસીઆઈના પદાધિકારીઓ અને અનેક દિગ્ગજ ક્રિકેટરો હાજરી આપે તેવી શક્યતા છે. કુલદીપના પિતા રામસિંહ યાદવે તાજેતરમાં ઉત્તર પ્રદેશના મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથને મળીને લગ્નનું આમંત્રણ પણ આપ્યું હતું.

રસપ્રદ વાત એ છે કે કુલદીપ યાદવના લગ્ન અગાઉ નવેમ્બર ૨૦૨૫માં નિર્ધારિત હતા, પરંતુ દેશ માટે વર્લ્ડ કપ જીતવાના લક્ષ્યને પ્રાધાન્ય આપીને તેમણે લગ્ન પાછા ઠેલ્યા હતા. ૧૩ માર્ચથી મસૂરીમાં હલ્દી અને મહેંદીની વિધિઓ શરૂ થશે. કુલદીપના કોચ કપિલ દેવ પાંડેએ પણ આ સમારોહની પુષ્ટિ કરી હતી.

# હવે વન-ડે વધુ રમશે બુમરાહઃ ફોક્સ ૨૦૨૭નો વર્લ્ડ કપ

નવી દિલ્હીઃ ભારતીય ટીમના ઝડપી બોલર જસપ્રીત બુમરાહ હવે ટી-૨૦ સિરીઝ ઓછી રમશે. તે ૨૦૨૭ વર્લ્ડ કપ સુધી વધુ વન-ડે મેચ રમશે. જસપ્રીત બુમરાહ ૨૦૨૭ વન-ડે વર્લ્ડ કપને ધ્યાનમાં રાખીને આગામી ૧૮ મહિનામાં ટી-૨૦ આંતરરાષ્ટ્રીય દ્વિપક્ષીય શ્રેણીને બદલે વન-ડે મેચમાં રમવાનો પ્રયાસ કરશે. ભારત આવતા વર્ષે ઓક્ટોબર-નવેમ્બરમાં અનેક દ્વિપક્ષીય ટી-૨૦ આંતરરાષ્ટ્રીય ટુર્નામેન્ટ તેમજ જાપાનમાં એશિયન ગેમ્સમાં ભાગ લેવાનું છે. સૂર્યકુમાર યાદવ એશિયન ગેમ્સમાં ભારતીય ટીમની કેપ્ટનશિપ કરે તેવી શક્યતા છે. બુમરાહ અન્ય ઘણા અનુભવી ભારતીય ખેલાડીઓની જેમ ૨૦૨૮ લોસ એન્જલસ ઓલિમ્પિકમાં રમવા માટે ખૂબ જ ઉત્સુક હોવાનું માનવામાં આવે છે, જે ટી-૨૦ ફોર્મેટમાં યોજાશે. જો કે, તે ૨૦૨૭ વર્લ્ડ કપ સુધી વન-ડે ફોર્મેટને પ્રાથમિકતા આપશે.

ભારતની વર્લ્ડ કપની તૈયારીઓ ખરેખર બે મહિના લાંબી અને અત્યંત વ્યસ્ત ઇન્ડિયન પ્રીમિયર લીગ પછી શરૂ થશે. આઈપીએલના અંત સુધીમાં રાષ્ટ્રીય પસંદગી સમિતિ, ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડના સેન્ટર ઓફ એક્સેલન્સ (વીવીએસ લક્ષ્મણના નેતૃત્વ હેઠળ) અને ટીમ મેનેજમેન્ટ (ગૌતમ ગંભીર અને કેપ્ટન શુભમન ગિલ) આગામી તબક્કાની રણનીતિ બનાવશે.

આ યોજનાનું મુખ્ય પાસું બુમરાહના વર્કલોડ મેનેજ કરવાનો છે. એવું માનવામાં આવે છે કે ૩૨ વર્ષીય બોલરને આઈસીસી વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ માટે મેચ પસંદ કરવાની સ્વતંત્રતા રહેશે નહીં. બુમરાહે ૧૯ નવેમ્બર, ૨૦૨૩ના રોજ ઓસ્ટ્રેલિયા સામેની છેલ્લી વન-ડે વર્લ્ડ કપ ફાઇનલ પછી કુલ ૪૨ આંતરરાષ્ટ્રીય મેચ રમી છે, જેમાં ૨૧ ટેસ્ટ અને ૨૧ ટી-૨૦ આંતરરાષ્ટ્રીય મેચનો સમાવેશ થાય છે. બીસીસીઆઈના એક સૂત્રએ નામ ન આપવાની શરતે પીટીઆઈને જણાવ્યું હતું કે, ''ભારત માટે કોઈપણ વૈશ્વિક અભિયાનમાં બુમરાહની ફિટનેસ સર્વોપરી રહે છે. તેથી ટીમ મેનેજમેન્ટે ફોર્મેટને પ્રાથમિકતા આપવામાં ખૂબ કાળજી રાખવી પડશે. તે ચોક્કસપણે ટેસ્ટ ક્રિકેટ રમશે પરંતુ વન-ડે પર તેનું વિશેષ ધ્યાન રહેશે. આ સમયગાળા દરમિયાન લગભગ ૩૦-૩૫ મેચ હશે અને તેથી જોખમ લઈ શકાય નહીં.''

# યુદ્ધ છતાં ફૂટબોલ વર્લ્ડકપ ઓનટાઇમ જ રમાશેઃ ફિફા

ડલાસઃ ફિફા વર્લ્ડ કપ ફૂટબોલ ટુર્નામેન્ટના ચીફ ઓપરેટિંગ ઓફિસર (સીઓએ) હેઇમો શિર્ગીએ જણાવ્યું હતું કે આ એક વિશાળ ટુર્નામેન્ટ છે અને અમેરિકા અને ઈઝરાયલના ઈરાન સામેના યુદ્ધને કારણે સર્જાયેલી વૈશ્વિક ઊથલપાથલને ધ્યાનમાં રાખીને તેને મુલતવી રાખવી સરળ રહેશે નહીં. નોંધનીય છે કે ફિફા વર્લ્ડકપ ૧૧ જૂનથી અમેરિકા, કેનેડા અને મેક્સિકોમાં રમાશે, જેમાં ઈરાન સહિત ૪૮ દેશો પહેલીવાર ભાગ લેશે. શિર્ગીએ સોમવારે ઇન્ટરનેશનલ બ્રોડકાસ્ટિંગ સેન્ટર ખાતે જણાવ્યું હતું કે ફિફા ઈરાન યુદ્ધ અને તેનાં પરિણામો પર નજીકથી નજર રાખી રહ્યું છે.

તેમણે કહ્યું હતું કે જો હું ભવિષ્યવેત્તા હોત તો હું જણાવી શકતો હતો કે શું થવાનું છે, પરંતુ પરિસ્થિતિ સ્પષ્ટપણે બદલાઈ રહી છે, પરિસ્થિતિ દિવસેને દિવસે બદલાઈ રહી છે અને અમે તેના પર નજર રાખી રહ્યા છીએ. અમે અમારા બધા ફેડરલ અને આંતરરાષ્ટ્રીય ભાગીદારો સાથે મળીને પરિસ્થિતિનું મૂલ્યાંકન કરી રહ્યા છીએ. અમને કોઈકના કોઈ સ્તરે તેનો ઉકેલ મળી જશે. વર્લ્ડ કપ એક વિશાળ ટુર્નામેન્ટ છે અને અમને આશા છે કે ક્વોલિફાય થયેલા તમામ દેશો ભાગ લેશે.

અગાઉ ૩૨ દેશોએ વર્લ્ડ કપમાં ભાગ લીધો હતો, પરંતુ પહેલી વાર ૪૮ દેશો ભાગ લેશે. આ ટુર્નામેન્ટ અમેરિકામાં ૧૧ સ્થળોએ, મેક્સિકોમાં ત્રણ અને કેનેડામાં બે સ્થળોએ યોજાશે. અમેરિકાએ અગાઉથી જ વર્લ્ડકપ માટે ટુનામેન્ટમાં ક્વોલિફાય થઈ ચૂકેલા ચાર દેશો ઈરાન, આઈવરી કોસ્ટ, હૈતી અને સેનેગલ પર મુસાફરી પ્રતિબંધો લાદ્યા છે, પરંતુ ખેલાડીઓ, ટીમ અધિકારીઓ અને તેમના નજીકના સંબંધીઓને છૂટ આપવાની વાત કરવામાં આવી છે.

શિર્ગીએ કહ્યું હતું કે ફિફા નવી માહિતી મેળવવા માટે ઈરાની ફૂટબોલ ફેડરેશન સાથે સતત સંપર્કમાં છે. તેમણે આ વાતચીતની વિગતો આપી ન હતી. ફિફાના અધિકારીઓ ''ફેન ફેસ્ટિવલ''ના કાર્યક્રમની જાહેરાત કરવા માટે ડલ્લાસમાં હતા, જે વર્લ્ડ કપ દરમિયાન ૩૪ દિવસ ચાલશે.

# વેસ્ટ ઈન્ડિઝ-દક્ષિણ આફ્રિકાની ટીમ કમર્શિયલ ફ્લાઇટ્સમાં વતન પરત ફરશે

કોલકત્તાઃ ઇન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (આઈસીસી)એ વર્લ્ડકપ પૂર્ણ થયો છતાં ભારતમાં જ ફસાયેલી વેસ્ટ ઈન્ડિઝ અને સાઉથ આફ્રિકાની ટીમ માટે અલગ અલગ કોમર્શિયલ ફ્લાઈટ બુક કરી હતી. કોલકાતાથી ચાર્ટર્ડ ફ્લાઇટ રદ થયા બાદ બન્ને ટીમો કેટલાય દિવસથી ભારતમાં ફસાઈ હતી. આ ઘટનાની જાણકારી ધરાવતા આઈસીસીના એક સૂત્રએ પીટીઆઈને કહ્યું હતું કે ''વેસ્ટ ઇન્ડીઝ અને દક્ષિણ આફ્રિકાના બધા ખેલાડીઓને અલગ-અલગ કોમર્શિયલ ફ્લાઇટ્સમાં બુકિંગ કરવામાં આવ્યું છે. તમામની બુકિંગ એક જ ફ્લાઇટમાં થઈ શકે તેમ ન હતું પરંતુ આઈસીસીએ વ્યક્તિગત બુકિંગનું ધ્યાન રાખ્યું છે. આઈસીસીના ચેરમેન જય શાહે ખેલાડીઓ સાથે વ્યક્તિગત રીતે વાત કરી છે અને તેમને સુરક્ષિત ઘરે પરત ફરવાની ખાતરી આપી છે.'' સૂત્રએ કહ્યું હતું કે ''એ જણાવવું જરૂરી છે કે ડેરેન સેમી સોમવારે રાત્રે સ્વદેશ જવા રવાના થયા હતા.'' કોલકત્તામાં પોતાની અંતિમ મેચ રમનારી બંને ટીમો (વેસ્ટ ઇન્ડિઝે ૧ માર્ચે સુપર આઠ મેચમાં અને દક્ષિણ આફ્રિકા ૪ માર્ચે સેમિફાઇનલમાં) ઈરાન પર અમેરિકા અને ઈઝરાયલના હુમલાઓને કારણે પશ્ચિમ એશિયાના કેટલાક ભાગોમાં આંતરરાષ્ટ્રીય હવાઈ ક્ષેત્ર પર પ્રતિબંધોને કારણે ઉડાન ભરી શકી ન હતી.

આ પરિસ્થિતિને કારણે ઘણી એરલાઇન્સે ગલ્ફ પ્રદેશના રસ્તે જવાનું ટાળ્યું હતું. આઈસીસીની પાર્ટનર વિમાન કંપની એમિરેટ્સ છે અને દુબઈમાં એરસ્પેસ બંધ થવાને કારણે તે પોતાની ફ્લાઈટ્સ ઉડાણ ભરી શકતી નથી.

---

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી બુધવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ફન વર્લ્ડ

### ભાષા વૈભવ...

અંગ્રેજી - ગુજરાતી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| PURCHASE | હેતુ |
| PURGE | ખરીદી |
| PURIFY | સારાંશ |
| PURPORT | શુદ્ધીકરણ |
| PURPOSE | જુલાબ |

### માતૃભાષાની મહેક

રામનારાયણ વિશ્વનાથ પાઠકએ વાર્તા લેખન 'દ્વિરેફ' તખલ્લુસ સાથે કર્યું હતું અને કાવ્યો 'શેષ'તખલ્લુસથી લખ્યા છે. તેમણે ગંભીર નિબંધોનું સર્જન 'સ્વૈરવિહારી' તખલ્લુસ હેઠળ કર્યું હતું. પાઠક સાહેબના સર્જનનું મૂલ્ય એટલું ઊંચું ગણાયું છે કે 'શેષ'નાં કાવ્યો, 'દ્વિરેફ'ની વાર્તા અને 'સ્વૈરવિહારી'ના નિબંધો પોતપોતાના વિભાગમાં મહત્ત્વ ધરાવે છે.

### ગુજરાત મોરી મોરી રે

'ઘરમાં ખાવાના સાંસા ને બહાર મિજબાની' એ મતલબની કહેવતના શબ્દો આડાઅવળા થઈ ગયા છે જે ગોઠવી કહેવત જણાવો.

નામ દીકરા ને સિકંદરખાન દળનારીના પાડ્યું

### ઈર્શાદ

*નહિતર આ બધી નૌકાઓ ડૂબી જાય શી રીતે,*
*સમંદરમાંય મૃગજળ છે જે દેખાઈ નથી શકતા.*

આદિલ મન્સૂરી

### શબ્દલાલિત્ય

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | | ૪ | ૫ | | ૬ | | ૭ |
| ૮ | | | ૯ | | ૧૦ | ૧૧ | | | |
| | | | ૧૨ | ૧૩ | | ૧૪ | | | |
| ૧૫ | | | ૧૬ | | | | | | |
| | | ૧૬અ | | | | | ૧૭ | | |
| | ૧૮ | | | | ૧૯ | | | | ૨૦ |
| ૨૧ | | | ૨૨ | | | ૨૩ | | ૨૪ | |
| ૨૫ | | ૨૬ | | | ૨૭ | | | | |
| | | ૨૮ | | ૨૯ | | ૩૦ | ૩૧ | ૩૨ | |
| ૩૩ | | | | ૩૪ | | | ૩૫ | | |

### આડી ચાવી

૧. --- ઘડો છલકાય (૩)
૪. યોજના, તજવીજ (૨)
૬. ગમતું (૩)
૮. ઈશ્વરકૃપા, સદ્‌ભાગ્ય (૪)
૧૦. શ્રીકૃષ્ણની બેન, અર્જુનની પત્ની (૩)
૧૨. --- કરે સો આજ કર (૨)
૧૪. ખાસ લક્ષણ સૂચવનારું (૪)
૧૫. --- હાથ રળિયામણા (૨)
૧૬. બંદોબસ્ત, ગોઠવણ (૪)
૧૭. ભાઈ (૨)
૧૮. કાન (૨)
૨૨. પરોઢિયું, મળસકું (૪)
૨૪. ભવિષ્ય, નસીબ (૨)
૨૫. સારું, માઠું (૪)
૨૭. એક કઠોળ (૨)
૨૮. ભરપૂર, જરા પણ ખાલી ન હોય તેવું (૩)
૩૦. રાજકીય (૪)
૩૩. નાનાપણું કે ઉતરતાપણું (૩)
૩૪. અગાઉ થઈ ગયેલું, મરહૂમ (૨)
૩૫. હોડ, બોલી (૩)

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ વી | રાં | ૨ ગ | ૩ ના | | | ૪ બ | ૫ હુ | વિ | ૬ ધ |
| ર | | ૭ મા | દ | ૮ ક | | ૯ બ | લા | | ક્કો |
| ૧૦ પ્ર | કા | ર | | બી | | ૧૧ લી | મ | ડો | |
| ભૂ | | | ૧૨ ધ | ર | ૧૩ તી | | ણું | | ૧૪ બો |
| | ૧૫ લા | ભ | | | ૧૬ પ્ર | ણ | | | ર |
| ૧૭ સા | | | ૧૮ લો | ૧૯ ભે | | | ૨૦ આ | પ | |
| પુ | | ૨૧ સ | | ૨૨ ર | ૨૩ શ | ના | | | ૨૪ સ્વ |
| | ૨૫ બા | હો | ૨૬ શ | | લા | | ૨૭ ગ | દા | ર |
| ૨૮ આં | | ૨૯ દ | ર | | ૩૦ કા | ૩૧ છ | લી | | ક્ષ |
| ૩૨ બો | ધ | ર | ણું | | | ૩૩ વિ | ચ | ક્ષ | ણ |

### ઊભી ચાવી

૧. અગ્નિની જ્વાળા (૫)
૨. તરંગી (૨)
૩. રૂંવાટું (૨)
૫. ઈંચ જેટલું માપ (૨)
૬. એક વૃક્ષના પારા જેની સાધુઓ માળા પહેરે છે (૩)
૭. પ્રપંચ, કાવતરું (૪)
૯. ચાંપતી ઊઘરાણી (૩)
૧૧. સુજનતા, નેકી (૩)
૧૩. રઢ, લત (૩)
૧૬અ. પાદડું (૨)
૧૭. વિદ્યુત (૨)
૧૯. આજ્ઞા, ફરમાન (૩)
૨૦. વગર વિચાર્યું (૫)
૨૧. ગોવાળ (૪)
૨૨. ખિસ્સા ખાલીને --- ભારી (૩)
૨૩. જે દૂરથી જ રળિયામણાં લાગે તે (૩)
૨૬. શુદ્ધતા, પવિત્રતા (૩)
૨૯. લક્ષ્મી (૨)
૩૧. કીર્તિ (૨)
૩૨. બારણું (૨)

### ઓળખાણ પડી?



૧૯૬૫ના પાકિસ્તાન વિરુદ્ધના યુદ્ધમાં દુશ્મનને પરચો બતાવનારા કદમાં નાના પણ કર્તવ્યમાં મોટા વિમાનની ઓળખાણ પડી?

અ) MIG બ) GNAT ક) SUKHOI ડ) TYPHOON

### ચતુર આપો જવાબ — અર્થ જણાવો

'ઊભા પગના ઓળા રે' વાક્યમાં ઓળા શબ્દનો અર્થ શું થાય એ જણાવો.

અ) પગલાં બ) છાપ ક) પડછાયો ડ) આરામ

### માઈન્ડ ગેમ

વિશ્વભરમાં વિવિધ પ્રકારના મ્યુઝિયમ જોવા મળે છે. મ્યુઝિયમ ઓફ વર્લ્ડ ટ્રેઝર તરીકે ઓળખાતું સંગ્રહાલય કયા દેશમાં છે?

અ) ફ્રાન્સ બ) બ્રાઝિલ ક) યુએસએ ડ) નોર્વે

### સુડોકુ-૯૨૪૧

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | ૮ | ૧ | | | ૪ | | | |
| ૨ | | | | ૫ | ૧ | | | |
| ૯ | ૫ | | | ૭ | | | ૨ | |
| ૬ | | ૨ | | | | | ૪ | |
| ૮ | | | | | | | | ૭ |
| | ૩ | | | | | ૨ | | ૧ |
| | ૭ | | | ૬ | | | ૫ | ૪ |
| | | | ૧ | ૯ | | | | ૬ |
| | | | ૮ | | | ૩ | ૧ | ૨ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક

### સુડોકુ-૯૨૪૦

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | ૬ | ૫ | ૯ | ૩ | ૭ | ૪ | ૮ | ૧ |
| ૩ | ૮ | ૯ | ૪ | ૨ | ૧ | ૫ | ૬ | ૭ |
| ૧ | ૪ | ૭ | ૬ | ૮ | ૫ | ૩ | ૨ | ૯ |
| ૮ | ૭ | ૪ | ૩ | ૧ | ૯ | ૬ | ૫ | ૨ |
| ૬ | ૨ | ૩ | ૫ | ૭ | ૪ | ૧ | ૯ | ૮ |
| ૯ | ૫ | ૧ | ૨ | ૬ | ૮ | ૭ | ૩ | ૪ |
| ૪ | ૯ | ૬ | ૧ | ૫ | ૨ | ૮ | ૭ | ૩ |
| ૭ | ૩ | ૨ | ૮ | ૪ | ૬ | ૯ | ૧ | ૫ |
| ૫ | ૧ | ૮ | ૭ | ૯ | ૩ | ૨ | ૪ | ૬ |

### ગયા બુધવારના જવાબ

| A | B |
|---|---|
| PUMPKIN | કોળું |
| PUMA | પ્રાણી |
| PUN | શ્લેષ |
| PUNCH | મુક્કો |
| PUNCTUAL | સમયપાલન |

**ગુજરાત મોરી મોરી રેઃ**
મન બાદશાહી પણ કપાળ ગાડું

**ઓળખાણ પડી?**
યુએસએ

**માઈન્ડ ગેમ :**
ન્યુયોર્ક

**ચતુર આપો જવાબ ઉખાણું ઉકેલો :**
નિરર્થક

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) મુલરાજ કપૂર (૩) સુભાષ મોમાયા (૪) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૫) વિપીન શાહ (૬) નૂતન વિપીન શાહ (૭) નીતા દેસાઈ (૮) તાહેર ઔરંગાબાદવાલા (૯) શીરીન ઔરંગાબાદવાલા (૧૦) અબ્દુલ્લા એફ. મુનીમ (૧૧) ખુશરૂ કાપડિયા (૧૨) પુષ્પા પટેલ (૧૩) ભારતી બુચ (૧૪) હર્ષા મહેતા (૧૫) શ્રદ્ધા આશર (૧૬) લજિતા ખોના (૧૭) જ્યોતિ ખાંડવાલા (૧૮) મીનલ કાપડિયા (૧૯) કિરીટ છેડા (૨૦) ચેતના છેડા (૨૧) પ્રવીણ વોરા (૨૨) નિખિલ બંગાળી (૨૩) અમીશી બંગાળી (૨૪) મહેશ સંઘવી (૨૫) ભરત કજરિયા (૨૬) મનીષા શેઠ (૨૭) ફાલ્ગુની શેઠ (૨૮) અંજુ ટોલિયા (૨૯) અરવિંદ કામદાર (૩૦) ભાવના કર્વે (૩૧) વિણા સંપટ (૩૨) દેવેન્દ્ર સંપટ (૩૩) અલકા વાણી (૩૪) ડાયના સંતોકે (૩૫) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૬) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૩૭) પુષ્પા ખોના (૩૮) નયના ગિરીશ મિસ્ત્રી (૩૯) જ્યોત્સના ગાંધી (૪૦) ઈનાક્ષી દલાલ (૪૧) રમેશ દલાલ (૪૨) ડો. પ્રકાશ કટકિયા (૪૩) હિના દલાલ (૪૪) મહેશ દોશી (૪૫) પ્રતિમા પમાણી (૪૬) ધીરેન્દ્ર મુલરાજ

કવર સ્ટોરી
નિલેશ વાઘેલા
feedback@bombaysamachar.com



ઈરાનની ડ્રોનવર્ષા અમેરિકાની મોંઘીદાટ મિસાઈલોને એ હદે મહાત કરી રહી છે કે ખુદ જગતજમાદાર ઈરાનની ટેકનોલોજીની નકલ પર ઊતરી આવ્યું છે!

## આધુનિક યુદ્ધનું અમોઘ શસ્ત્ર: કૉપીકૅટ ડ્રૉન

**અમેરિકા** અને ઇઝરાયલ જેવા ઘાતક અને અચૂક મિસાઇલોના ખડકલા સહિત અત્યાધુનિક આયુધોના ભંડાર ધરાવતા દેશોને ઇરાન એના ટચૂકડા ગણી શકાય એવા ડ્રોનથી હંફાવી રહ્યું છે. અમેરિકાના પ્રમુખ ટ્રમ્પ ભલે બણગાં ફૂંકે, પરંતુ ઇરાન તેને દસ દિવસથી રીતસર હંફાવી રહ્યું છે.

એક આશ્ચર્યજનક વળાંકમાં, યુએસ દળો હવે ઈરાની ડિઝાઇનમાંથી રિવર્સ-એન્જિનિયર્ડ ડ્રોન, લુકાસ તહેનાત કરી રહ્યા છે. વાસ્તવમાં આ આરક્યુ-૧૭૦ સેન્ટીનેલ સહિત અમેરિકન અને ઇઝરાયલી ડ્રોન ટેકનોલોજીની નકલ કરવાના ઈરાનના પોતાના ઇતિહાસને અનુસરે છે. આ ‘કોપીકેટ ડ્રોન યુદ્ધ’ આધુનિક યુદ્ધને નવું સ્વરૂપ આપતી સસ્તી, ઝડપીગતિએ અને મોટા પ્રમાણમાં ઉત્પાદન કરી શકાય એવી માનવરહિત સિસ્ટમનું મહત્ત્વ પ્રદર્શિત કરે છે.

અમેરિકાએ ઈરાનના સાવ સસ્તા ખર્ચમાં તૈયાર થતાં આત્મઘાતી ડ્રોનની નકલથી લુકાસને જન્મ આપ્યો છે. એક પ્રેસ કોન્ફરન્સમાં યુએસ સેન્ટ્રલ કમાન્ડર એડમિરલ બ્રેડ કૂપરે ખુલાસો કર્યો કે અમેરિકન દળો હવે ઈરાની ડિઝાઇનમાંથી મેળવેલા અને રિવર્સ-એન્જિનિયર્ડ દ્વારા તૈયાર કરવામાં આવેલા ડ્રોનનો ઉપયોગ કરી રહ્યા છે. આ એક મૂળ ઈરાની ડ્રોન ડિઝાઇન હતી, જેને અમેરિકા મોકલી તેના પર થોડું ‘મેડ ઇન અમેરિકા’ અજમાવ્યું અને તેને અહીં પાછું લાવી તેનો ઈરાનીઓ સામે ઉપયોગ કરી રહ્યા છીએ.

હાલ ઈરાન સામે ચાલી રહેલી યુએસ-ઈઝરાયલ લશ્કરી અથડામણના યુદ્ધક્ષેત્રના કેન્દ્રમાં લુકાસ (લો-કોસ્ટ અનક્રુડ કોમ્બેટ એટેક સિસ્ટમ) નામનું એક નવું અમેરિકન કામિકાઝ ડ્રોન મહત્ત્વની ભૂમિકામાં છે. આ ડ્રોન ઈરાનના શાહેદ-૧૩૬ લોઇટરિંગ મ્યુનિશન જેવું જ છે, જોકે આ ડિઝાઇન ખુદ પાછી ઉધાર મેળવેલી ટેકનોલોજીકલ પર આધારિત છે.

ઈરાનનું શાહેદ-૧૩૬ ડ્રોન તાજેતરના વર્ષોમાં સૌથી વધુ માન્યતા પ્રાપ્ત લોઇટરિંગ મ્યુનિશનમાંનું એક બની ગયું છે. ૨૦૨૧માં ઈરાન દ્વારા અનાવરણ કરાયેલ, સસ્તા વન-વે એટેક ડ્રોન રશિયાએ યુક્રેન સામે વ્યાપકપણે તહેનાત કર્યા પછી તેણે વૈશ્વિક સ્તરે ધ્યાન ખેંચ્યું અને હવે અમેરિકનો તેની પાછળ લાગ્યા હોય તેવું લાગે છે.

એડમિરલ કૂપરના મતે, યુએસ દળોએ એક ઈરાની ડ્રોન કબજે કર્યું અને તેને ઊંડાણભર્યું એનાલિસિસ કરી તેને રિડિઝાઇન કરવા યુએસ મોકલ્યું. આ રીતે તૈયાર થયેલું લુકાસ ઈરાની લક્ષ્યો સામે ઉપયોગમાં લેવાયાં છે.

જુલાઈ ૨૦૨૫માં ઓછી કિંમતની અનક્રુડ કોમ્બેટ એટેક સિસ્ટમનું ઔપચારિક પ્રદર્શન કરવામાં આવ્યું હતું, જેમાં લુકાસ પણ હતું. ડ્રોન નિષ્ણાતોએ રોઇટર્સને જણાવ્યું હતું કે આ લુકાસની ડિઝાઇન ઈરાનના શાહેદ-શ્રેણીના ડ્રોન જેવી સ્પષ્ટ સમાનતા ધરાવે છે.

ત્રિકોણાકાર ફ્લાઇંગ-વિંગ લેઆઉટ, પુશર પ્રોપેલર ગોઠવણી અને ઓછી કિંમતનું માળખું ઈરાની ડ્રોનને આટલું અસરકારક બનાવનારા ગુણોની નકલ કરવાનો ઇરાદાપૂર્વકનો પ્રયાસ સૂચવે છે.

સંરક્ષણ વિશ્લેષકો માને છે કે યુએસનો અભિગમ તાજેતરના સંઘર્ષોમાંથી શીખેલા પાઠને પ્રતિબિંબિત કરે છે, ખાસ કરીને યુક્રેનમાં યુદ્ધમાં સસ્તા વન-વે ડ્રોનનો ઉપયોગ હવાઈ સંરક્ષણને સંતૃપ્ત કરવા અને ક્રૂઝ મિસાઇલોની કિંમતના થોડા અંશે લક્ષ્યો પર હુમલો કરવા માટે કરવામાં આવ્યો હતો. ઇરાનનું શાહેદ-૧૩૬ જાતે પણ સંપૂર્ણપણે ઓરિજિનલ નથી.

ઈરાની ડ્રોન ડિઝાઇન કનસેપ્ટ ઇઝરાયલના હાર્પી લોઇટરિંગ મ્યુનિશન જેવો છે, જે ૧૯૯૦ના દાયકામાં વિકસાવવામાં આવેલા સૌથી પહેલા સમર્પિત એન્ટી-રડાર ડ્રોનમાંથી એક છે. હાર્પી કન્સેપ્ટ વિશ્વભરમાં પ્રભાવશાળી સાબિત થયો.

ચીન અને તાઇવાન સહિત ઘણા દેશો દ્વારા સમાન લોઇટરિંગ મ્યુનિશન ડિઝાઇનની નકલ કરવામાં આવી છે. ઈરાનનો શાહેદ કાર્યક્રમ લાંબા અંતરના સ્ટ્રાઇક મિશન માટે તેને અનુકૂલિત કરતી વખતે સમાન મૂળભૂત વિચાર પર આધારિત હોય તેવું લાગે છે.

કોપીકેટ ડ્રોન વોર શાહેદ સાથે શરૂ નથી થઇ. એક દાયકા કરતાં વધુ સમય પહેલાં,ડિસેમ્બર ૨૦૧૧માં, ઈરાને જાહેરાત કરી કે તેણે યુએસ સ્ટીલ્થ રિકોનિસન્સ ડ્રોન, લોકહીડ માર્ટિન આરક્યુ-૧૭૦ સેન્ટીનેલ કબજે કર્યું છે, જે સીઆઇએ દ્વારા અફઘાનિસ્તાનથી સંચાલિત કરવામાં આવ્યું હતું.

વિમાન કાં તો ક્રેશ થયું હતું અથવા ઈરાની પ્રદેશમાં બળજબરીથી નીચે ઉતારવામાં આવ્યું હતું. ઈરાની અધિકારીઓએ ટૂંક સમયમાં જ મળી આવેલા ડ્રોનનું ફૂટેજ પ્રદર્શિત કર્યું અને તેને રિવર્સ-એન્જિનિયર કરવાનો તેમનો ઈરાદો જાહેર કર્યો.

આ ઘટનાએ વ્યાપક ધ્યાન ખેંચ્યું કારણ કે સેન્ટીનેલને યુએસ શસ્ત્રાગારમાં સૌથી અદ્યતન સર્વેલન્સ ડ્રોનમાંથી એક માનવામાં આવતું હતું. ઈરાની અધિકારીઓએ પાછળથી દાવો કર્યો હતો કે તેમણે વિમાનના પોતાના સંસ્કરણો બનાવ્યા છે. આમાં શાહેદ-૧૭૧ સિમોર્ઘ અને સાઇઘેહ માનવરહિત એર વ્હીકલ્સનો સમાવેશ થાય છે, જે બંનેમાં આરક્યુ-૧૭૦ જેવું જ ફ્લાઈંગ-વિંગ કન્ફિગરેશન હતું.

આ એકમાત્ર ઘટના નહોતી. તેહરાને દાવો કર્યો હતો કે તેણે પાછલાં વર્ષોમાં ઘણા યુએસ ડ્રોન કબજે કર્યાં હતાં, જેમાં બોઇંગ દ્વારા ઉત્પાદિત સ્કેનઇગલ સર્વેલન્સ ડ્રોનનો પણ સમાવેશ થાય છે.

ઈરાની અધિકારીઓએ જણાવ્યું હતું કે પર્સિયન ગલ્ફ પર ઈરાની હવાઈ ક્ષેત્રમાં પ્રવેશ્યા પછી વિમાનને શોધી કાઢવામાં આવ્યું હતું. ઈરાની અધિકારીઓએ દાવો કર્યો હતો કે તેઓ તે ડ્રોનની નકલ પણ કરી રહ્યા હતા અને તેમના પોતાના સંસ્કરણને સેવામાં મૂકી રહ્યા હતા.

ટૂંક સાર એ કે, સસ્તા ડ્રોન આધુનિક યુદ્ધને નવો આકાર આપી રહ્યા છે. આશ્ચર્ય એ વાતનું છે, કે ઈરાને અમેરિકન ડ્રોન ટેકનોલોજીની નકલ કર્યાના વર્ષો પછી, યુએસે ઈરાનની નકલ કરી હોવાનું કહેવાય છે.

એડમિરલ કૂપરની ટિપ્પણી સૂચવે છે કે રિવર્સ એન્જિનિયરિંગ આધુનિક ડ્રોન સ્પર્ધાનો સ્વીકૃત ભાગ બની ગયું છે. એક દેશ દ્વારા વિકસિત ડ્રોન ડિઝાઇન બીજા દેશ દ્વારા કબજે કરવામાં આવે છે, તેમાં ફેરફાર કરવામાં આવે છે અને પછી તેને નવા સ્વરૂપમાં ફરીથી તહેનાત કરવામાં આવે છે.

ઈરાન યુદ્ધે લશ્કરી વ્યૂહરચનામાં વ્યાપક પરિવર્તનને મજબૂત બનાવ્યું છે. મોંઘા ચોકસાઇવાળાં શસ્ત્રો અથવા ફાઇટર એરક્રાફ્ટ પર આધાર રાખવાને બદલે, સૈન્ય વધુને વધુ ઓછી કિંમતના માનવરહિત સિસ્ટમોનાં ટોળાં તહેનાત કરી રહ્યું છે.

શાહેદ-૧૩૬ આ પરિવર્તનનું પ્રતીક બની ગયું જ્યારે રશિયાએ યુક્રેનિયન માળખાકીય સુવિધાઓ સામે મોટી સંખ્યામાં તેનો ઉપયોગ કર્યો. પ્રમાણમાં સરળ હોવા છતાં, ડ્રોનની ઓછી કિંમત અને લાંબી રેન્જને કારણે તે અત્યાધુનિક હવાઈ સંરક્ષણ પ્રણાલીઓ પર રાજ કરી રહ્યું છે. ■

પ્રાસંગિક__અમૂલ દવે
feedback@bombaysamachar.com

## યુવા ક્રાંતિનો વિજય

### નેપાળમાં નવી રાષ્ટ્રીય સ્વતંત્ર પાર્ટીની જીત શું સૂચવે છે?

નેપાળના પહાડોમાં આજે એક નવી સવાર પડી છે, જે માત્ર સૂર્યપ્રકાશ નથી, પરંતુ એક પ્રચંડ ‘યુવા ક્રાંતિ’નો શંખનાદ છે.

તાજેતરની સામાન્ય ચૂંટણીઓનાં પરિણામોએ દાયકાઓ જૂના રાજકીય ગઢને ધરાશાયી કરી દીધા છે. હજી ગઈકાલ સુધી જેમને નેપાળના રાજકારણના ભીષ્મ પિતામહ માનવામાં આવતા હતા તેવા ચાર વખતના પૂર્વ વડા પ્રધાન કેપી શર્મા ઓલીને તેમના જ હોમ ગ્રાઉન્ડમાં પરાજયનો સ્વાદ ચાખવો પડ્યો છે. આ કોઈ સામાન્ય હાર નથી, પણ એક એવી ક્રાંતિ છે જેનું નેતૃત્વ ૩૫ વર્ષના ‘બલેન’ તરીકે જાણીતા એવા ગતિશીલ યુવા નેતા બલેન્દ્ર શાહે કર્યું છે. તેમની નવરચિત રાષ્ટ્રીય સ્વતંત્ર પાર્ટી (આરએસપી) એ ૧૬૫ માંથી ૧૨૨ બેઠકો મેળવીને ઐતિહાસિક બહુમતી હાંસલ કરી છે. તેનાથી તેણે વિશ્વભરના રાજકીય વિશ્લેષકોને ચોંકાવી દીધા છે.

બલેન્દ્ર શાહનું વ્યક્તિત્વ પોતે જ એક આધુનિક નેપાળની ઓળખ સમાન છે. એક તરફ એ સ્ટ્રક્ચરલ એન્જિનિયર તરીકે ટેકનિકલ દ્રષ્ટિકોણ ધરાવે છે તો બીજી તરફ એક લોકપ્રિય રેપર તરીકે જનતાની પીડાને વાચા આપે છે. કાઠમાંડુના મેયર તરીકે તેમણે જે પારદર્શિતા અને વિકાસનાં કામો કર્યા, તેની ગુંજ સમગ્ર દેશમાં સંભળાઈ હતી. તેમનાં રેપ ગીતો માત્ર સંગીત નહોતા, પણ ભ્રષ્ટ વ્યવસ્થા સામેના પ્રહારો હતા, જેણે ‘જનરેશન ઝેડ’ એટલે કે આજના યુવાનોના હૃદયમાં પરિવર્તનની જ્યોત જલાવી. આ ચૂંટણીમાં ઝાપા-૫ બેઠક પર ઓલી જેવા દિગ્ગજને ૬૮,૦૦૦ થી વધુ મતો સામે માત્ર ૧૮,૦૦૦ મતો પર સીમિત રાખીને બલેને સાબિત કરી દીધું કે હવે જનતાને માત્ર વાતોના આ વડા નહીં, પણ પરિણામ જોઈએ છે.

આ વિજય પાછળનું સૌથી મોટું બળ નેપાળનો યુવા વર્ગ છે. છેલ્લા એક વર્ષથી ચાલી રહેલા આંદોલનોએ સ્પષ્ટ કરી દીધું હતું કે યુવાનો જૂની પેઢીના નેતાઓની આંતરિક ખેંચતાણ, આર્થિક અસ્થિરતા અને બેરોજગારીથી કંટાળી ગયા છે. નેપાળી કૉંગ્રેસ અને સીપીએન (યુએમેલ) જેવી વર્ષો જૂની પાર્ટીઓને જે રીતે જાકારો મળ્યો છે તે દર્શાવે છે કે હવે રાજકારણમાં ‘વંશવાદ’ કે ‘ગઠબંધનની માયાજાળ’ ચાલવાની નથી. ગગન થાપા જેવા સ્થાપિત નેતાઓની હાર એ સંકેત છે કે જનતા હવે નવા ચેહરા અને નવી દ્રષ્ટિ ઈચ્છે છે. ‘આરએસપી’ના મેનિફેસ્ટોમાં ભ્રષ્ટાચાર વિરુદ્ધ કડક કાયદા, પર્યાવરણ સુરક્ષા અને રોજગારનાં જે વચનો હતાં, તેને યુવાનોએ પોતાના ભવિષ્યના રોડમેપ તરીકે સ્વીકારી લીધા છે.



યુવા નેતા બલેન્દ્ર શાહ

બલેન્દ્ર શાહના વિજય સાથે નેપાળને તેના ઈતિહાસના સૌથી યુવા વડા પ્રધાન તો મળ્યા જ છે, પણ સાથે જ એક તેજસ્વી નેતૃત્વ પણ મળ્યું છે. મધેશી સમુદાય, જે વર્ષોથી રાજકીય હાંસિયામાં ધકેલાયેલો અનુભવતો હતો તેને હવે મુખ્ય પ્રવાહમાં સન્માન મળ્યું છે. ભારતની સરહદ સાથે જોડાયેલા આ વિસ્તારના નેતા તરીકે બલેન પાસે નેપાળના આંતરિક સામાજિક વિવાદો ઉકેલવાની અને દેશને એકસૂત્રે બાંધવાની સુવર્ણ તક છે. આ પરિવર્તન માત્ર સત્તાનું હસ્તાંતરણ નથી, પણ નેપાળી લોકશાહીની પરિપક્વતાનું પ્રમાણ છે.

આંતરરાષ્ટ્રીય સ્તરે પણ આ વિજયના ઘેરા પડઘા પડશે. ભારત અને ચીન જેવા બે મહાસત્તા વચ્ચે સેન્ડવિચ થયેલા નેપાળ માટે બલેન્દ્ર શાહનું ‘સ્વતંત્ર’ વલણ ખૂબ મહત્ત્વનું સાબિત થશે. ખાસ કરીને ભારત માટે આ એક હકારાત્મક સંકેત છે. બલેનની મધેશી પૃષ્ઠભૂમિ હોવાના કારણે ભારત-નેપાળ વચ્ચેના સાંસ્કૃતિક અને વેપારિક સંબંધોમાં એક નવી ઊર્જા આવશે. યુવા ડિપ્લોમસી દ્વારા સીમા વિવાદોને ટેકનિકલ રીતે ઉકેલી શકાય છે અને ચીનના વધતા પ્રભાવ સામે એક સંતુલિત વિદેશ નીતિ ઘડી શકાય તેમ છે. અહીં સામ્યવાદીનો પરાજય એ ભારત માટે શુભ સંકેત છે.

હવે ‘આરએસપી’ સરકાર રચવા જઈ રહી છે ત્યારે પડકારો પણ પહાડ જેવા મોટા છે. આર્થિક પુનરુત્થાન, સ્વાસ્થ્ય અને શિક્ષણમાં આમૂલ પરિવર્તન લાવવાની જવાબદારી બલેનના ખભા પર છે. સોશ્યલ મીડિયાના માધ્યમથી સંગઠિત થયેલા યુવાનોની અપેક્ષાઓ આસમાને છે. નેપાળની જનતાએ જે રીતે પરિવર્તન માટે વોટ આપ્યો છે, તે જોતા કહી શકાય કે આ ‘નવા નેપાળ’નો ઉદય છે. બલેન્દ્ર શાહના નેતૃત્વમાં નેપાળ હવે પરંપરાગત રાજકારણની બેડીઓ તોડીને વિકાસના એવા પથ પર પ્રયાણ કરશે, જ્યાં ભ્રષ્ટાચારને કોઈ સ્થાન નહીં હોય અને યુવા શક્તિ જ દેશનો ભાગ્ય વિધાતા બનશે. ■

## આ તો સ્કેમ છે... સ્કેમ છે..!


પ્રફુલ શાહ
feedback@bombaysamachar.com

## ગૃહનિર્માણ કૌભાંડમાં જળગાવના પાલક પ્રધાન જ સામેલ હતા!

**મરાઠીમાં** ‘જળગાવ ઘરકુલ ઘોટાળા’ તરીકે ઓળખાતા સ્કેમમાં આગળ થયું શું? છેક ૨૦૨૧ના ફેબ્રુઆરીમાં જળગાવ ડિસ્ટ્રિક્ટ કોર્ટે અંતે આ ગૃહનિર્માણ કૌભાંડ માટે સુરેશ જૈન અને ગુલાબરાવ દેવકરને દોષિત જાહેર કર્યા. આ કૌભાંડમાં સરકારને એટલે કે પ્રજાને રૂા. ૧૧૦ કરોડનો ચુનો લાગ્યાનું પણ જાહેર થયું.

આ ખટલામાં ગુલાબરાવ દેવકર પર શું સાબિત થયું? ને તેઓ કેવી રીતે ગુનેગાર ઠર્યા? એક દેવકરસાહેબ બાંધકામ સમિતિના અધ્યક્ષ હતા, જેની જવાબદારીઓ ઘણી હોય. બે, આ પ્રોજેક્ટની પ્રગતિની ચકાસણી સભ્યોમાં પણ તેઓ સામેલ હતા. સરકારી સમિતિ કે એના માનનીય સભ્યો જો પોતાની જવાબદારી પ્રામાણિકતા (એ વળી શું?)થી નિભાવે તો કૌભાંડ શકય જ ન બને. પણ આપણા એવા નસીબ ક્યાં?

વળી પોલીસ તપાસમાં શોધી કઢાયું હતું કે ખાનદેશ બિલ્ડર્સની સ્થાપના કરનારા જગન્નાથ વાણી અને રાજા મયુર બન્ને સુરેશ જૈનના મિત્ર હતા. જે. એમ. સી. તરફથી ખાનદેશ બિલ્ડર્સને મળેલી રકમ બે કંપનીમાં ટ્રાન્સફર કરાઈ એ બન્નેની માલિકી જૈનસાહેબના સગાંસંબંધીની હતી. એનાથી વધુ આશ્ચર્યની કે આઘાતની બાબત એ પર્દાફાશ થઈ કે ખાનદેશ બિલ્ડર્સના હેડકવાર્ટર્સ તરીકે અપાયેલું સરનામું સુરેશ જૈનનું સત્તાવાર નિવાસસ્થાન હતું!



સુરેશ જૈન



ગુલાબરાવ દેવકર

મહારાષ્ટ્રના રાજકારણમાં ચકચાર જગાવનારા આ ખટલામાં કુલ ૫૩ જણા સામે ગુના દાખલ કરાયા હતા, જેમાં જે. એમ. સી.ના અમુક કર્મચારી ય હતા. આ ખટલામાં ચુકાદો આવે એ અગાઉ ત્રણ આરોપી તો અનંતની યાત્રાએ નીકળી ગયા હતા. અને મુખ્ય કૌભાંડકર્તા જાહેર થયેલા સુરેશ જૈન ચુકાદા સમયે શિવસેના વતી વિધાન પરિષદના સભ્ય હતા.

આવા વગદાર રાજકારણીઓની સંડોવણી હોય ત્યારે કૌભાંડની તપાસ આસાન હોતી નથી. તપાસકર્તાઓએ ખાંડાની ધાર પર ચાલવાનું હોય છે. આ ગોટાળાની તપાસ આઈ.પી.એસ. ઓફિસર ઈશુ સિંધુ કરતા જ હતા. સાથોસાથ આ કૌભાંડની વિગતોમાં ઊંડા ઉતરવા માટે ત્રણ - ત્રણ અલગ સમિતિ રચાઈ હતી. નેતાલોગના કરતુત છાપરે ચડીને બોલતા હોય એટલા જાતભાતના પ્રત્યાઘાત આવે ને આવવા જ જોઈએ. જાણીતા સમાજ સેવક અણ્ણા હઝારેએ સુરેશ જૈન અને ગુલાબરાવ દેવકર વિરુદ્ધ અન્ય આરોપો કર્યા હતા.

આ બધું તો સમજ્યા પણ મુખ્ય તપાસકર્તા ઈશુ સિંધુનું નિવેદન જાણવા - સમજવા જેવું છે: ‘અમે આ કેસની ખૂબ જહેમતપૂર્વક તપાસ કરી હતી અને એકદમ સજજડ આરોપનામું અદાલતમાં દાખલ કર્યું હતું.’ આ વાક્યો વચ્ચે ઘણી અવ્યક્ત હકીકતો સંતાયેલી છે. સ્વાભાવિક છે કારણ કે કૌભાંડની તપાસ દરમિયાન સુરેશ જૈન રાજ્યમાં પ્રધાન હતા અને શહેરી વાહન વ્યવહાર ખાતું સંભાળતા હતા. કહેવાની જરૂર ન હોય કે તપાસના છ વર્ષ દરમિયાન ન જાણે કેટકેટલી અને કેવી રીતે રાજકીય વગ અને દબાણના ઉપયોગ થતા રહ્યા હશે ને ક્યારેક તપાસ ટીમના અધિકારીઓની બદલી થઈ જેને સત્તાવાર પણ રાબેતા મુજબની ટ્રાન્સફર ગણાવવાનું મુશ્કેલ નથી. ક્યારેક તપાસ પૂરી કરવામાં અડચણો ઊભી કરાતી રહી.

આ સામાન્ય કેસ નહોતા. આ કૌભાંડમાં સત્તાધિશ રાજકારણીઓ, જળગાંવ પાલિકાના અમલદારો, કોન્ટ્રાક્ટર્સ અને ધનવાન બિલ્ડર્સ સંડોવાયેલા હતા. છતાં એ ઉઘાડું પડ્યું એ નાનીસુની ઘટના ન ગણાય. આમ છતાં પોલીસ ફરિયાદ બાદ તપાસ પૂરી થઈ, કોર્ટમાં આરોપનામું દાખલ થયું. એ સમયના ઈન્ડિયન પિનલ કોડની સેક્શન્સ ૪૦૯, ૪૨૦ અને ૧૨૦બી, પ્રિવેન્શન ઑફ કરપ્શન એકટની સેકશન્સ ૭, ૧૨(૧)(ડી) અને ૧૩(૨) ઉપરાંત મહારાષ્ટ્ર મ્યુનિસિપલ કોર્પોરેશન્સ એકટની સંબંધિત જોગવાઈ હેઠળ કામ ચલાવાયું હતું.

આપણા દેશને કે ભારતને કૌભાંડની જરાય નવાઈ નથી. એમાંય રાજકારણીઓ કે મોટા માથા સંડોવાયેલા ન હોય તો આઘાત થાય. બચાડો આમ આદમીને તો પેટિયું રળવા, કર ચુકવવા, ટ્રેનની ભીડ, ગુંગળાવતા પ્રદૂષણ અને ભયંકર ટ્રાફિકમાંથી નવરાશ મળે તો કંઈક સાચું કે ખોટું કરવાનું વિચારી શકે ને?

જળગાંવ ઘરકુળ કૌભાંડની વધુ એક વિચિત્રતા જુઓ કે બેમાંથી એક મુખ્ય આરોપી તો પાછાં જળગાંવના ભૂતપૂર્વ પાલક પ્રધાન હતા! વાડ ઊઠીને ચીભડા ગળે એનું આનાથી વધુ શરમજનક ઉદાહરણ શું હોઈ શકે!

જળગાંવ ગૃહનિર્માણ કૌભાંડની પોલીસ ફરિયાદ, આરોપનામું, કોર્ટની કાર્યવાહી અને સજા પછી શું થયું? એ અગાઉ અને પછી કેવા ખેલ ખેલાયા એ તો ‘માનો યા ન માનો’ની દુનિયામાં લઈ જશે! (ક્રમશ:) ■

# અજબ ગજબની દુનિયા

હેન્રી શાસ્ત્રી henry.shastri@bombaysamachar.com

## ચોવીસ વર્ષે બાપુજી બોલ્યા



બાર બાર વર્ષ સુધી ગુફામાં ગોંધાઈ રહેલો બાવો મૌન પાળતો હોવાથી કશું ન બોલે, પણ જે દિવસે બોલે ત્યારે ‘જા બેટા, દુકાળ પડેગા’ એવી અવળવાણી જ બોલે. જોકે, ચીનમાં ચોવીસ વર્ષના વિયોગ પછી અણધાર્યો મિલન યોગ થયો ત્યારે બાપુજીના મોઢામાંથી સવળવાણી - હરખવાણી નીકળી કે ‘હાઆઆ... આ જ છે મારો દીકરો.’ ચીની અખબાર ‘સાઉથ મોર્નિંગ પોસ્ટ’માં જણાવ્યા અનુસાર જોન્ગ યાનપંગ ચાર વર્ષનો હતો ત્યારે રેલવે સ્ટેશન પર આઈસક્રીમ ખરીદતી વખતે અચાનક ખોવાઈ ગયો હતો. થોડા સમય પછી કોઈ ભલા માણસનું ધ્યાન પડતા એને બાળ કેન્દ્રને સોંપી દીધો. અહીં એનું નવું નામ પાડવામાં આવ્યું અને ચારેક વર્ષ પછી કેનેડિયન યુગલે એને દત્તક લીધો. જોકે, ત્રણ મહિના પછી જ યુગલના છૂટાછેડા થયા અને બેમાંથી કોઈ ચીની બાળકની જવાબદારી લેવા તૈયાર નહોતું. જોન્ગને ખ્યાલ આવી ગયો કે ‘અપના હાથ જગન્નાથ’ સૂત્ર સાથે જીવ્યા વિના છૂટકો નથી. પગભર થયા પછી અને જીવનમાં સ્થિરતા આવ્યા બાદ ગયા વર્ષે કેનેડામાં રહેતા યુવાન જોન્ગને જન્મ આપનારા માત- પિતાને ખોળી કાઢવાની અદમ્ય ઈચ્છા થઈ. સોશ્યલ મીડિયામાં રીયુનિયન - પુનર્મિલનની કહાણીઓ વાંચ્યા પછી તો તેણે ગાંઠ વાળી લીધી. બાળક - પરિવારનું પુનર્મિલન કરાવી આપતી એક સંસ્થાની સહાયથી ચીનમાં જોન્ગના ડેડી રહેતા હોવાની જાણકારી મળી. ખાતરી કરવા જોન્ગનું ડીએનએ સેમ્પલ મંગાવવામાં આવ્યું અને પરીક્ષણ પરથી અનુમાન ખાતરીમાં પરિવર્તન થયું. ચીનમાં રહેતા પિતાશ્રીને ૨૮ વર્ષના પુત્રનો ફોટો દેખાડવામાં આવતા ‘અરે, મારો દીકરો!’ એવી હરખવાણી નીકળી અને ૨૪ વર્ષે પિતા - પુત્રનો ફરી મેળાપ થયો.

## રસ્તે રખડતી વાર્તા



‘હું હરતી ફરતી રસ્તે રઝળતી વાર્તા’ કેવળ ૬૫ વર્ષ પહેલા આવેલી ગુજરાતી ફિલ્મ ‘મહેંદી રંગ લાગ્યો’નું લતા મંગેશકરના સ્વરમાં અવિનાશ વ્યાસ રચિત ભાવનાત્મક ગુજરાતી ગીત નથી. આ ગીત સમાજમાં નિરાધાર નારીની વેદના, સમાજની ક્રૂરતા અને પુરુષ પ્રધાન વ્યવસ્થામાં સ્ત્રીના શોષણને વાચા આપે છે. જોકે, યુએસના ટેનેસી રાજ્યમાં રહેતો બાવીસ વર્ષનો સેથ નામનો યુવાન સ્વેચ્છાએ ‘રસ્તે રખડતી વાર્તા’ જેવું જીવન જીવી રહ્યો છે. અલબત્ત, અહીં રખડપટ્ટીનો અર્થ વિહાર કે ભ્રમણ એવો પોઝિટિવ કરવાનો છે. સેથને રખડપટ્ટીનો જબરો શોખ, પણ ન્યુયોર્ક ખર્ચાળ શહેર હોવાથી આખર તારીખને બે- ચાર દિવસની વાર હોય ત્યાં આંખો પહેલી તારીખને કેટલી વાર છે એ શોધવા લાગતી. એટલે નાઈન ટુ ફાઈવ જોબ અને રોજની હડિયાપાટીના જીવનને તિલાંજલિ આપી, ‘ઘર બસાકે દેખો’ સપનાની ગાંસડી વાળી સેથએ એક ટ્રકમાં જ ઘર બનાવી લીધું છે. ભાડાના મોંઘા ઘરની જંજાળમાંથી છૂટેલો સેથ હવે આઝાદ અને રોમાંચક જીવન જીવી રહ્યો છે.

લેટેસ્ટ સર્વે અનુસાર યુએસમાં પાંચ લાખ લોકો ચાર પૈડાંવાળા ઘર (આરવી - રિક્રિયેશનલ વ્હિકલ) માં જીવનનો આનંદ માણી રહ્યા છે. આવી ઈચ્છા વડીલોમાં તો છે જ, હવે યુવાનોમાં વધી રહી છે. જાણકારી અનુસાર ૧૮થી ૩૪ વર્ષના ૨૨ ટકા આરવી માલિક એમાં સામેલ છે. બ્રેકફાસ્ટ બોરીવલી (ન્યુયોર્ક)માં, લંચ સુરત (ન્યુ જર્સી)માં અને ડિનર અમદાવાદ (ફિલાડેલ્ફિયા)માં એવા દિવસનું આયોજન પૈડાંવાળા ઘરને કારણે સેથ માટે શક્ય બન્યું છે.

## કેમલની બ્યુટી કોન્ટેસ્ટમાં ચીટિંગ




આરબ દેશોમાં બ્યુટી પાર્લરની દુકાન જો શરૂ થાય તો એને બહુ જલદી તાળાં લાગી જાય. કેમ? કેમ કે આરબ સન્નારીઓમાં જન્મજાત સૌંદર્ય ઠાંસી ઠાંસીને ભર્યું હોય છે. એકવીસમી સદીના આગમન સુધી આરબ દેશોમાં બ્યુટી કોન્ટેસ્ટ નહોતી થતી. એક તો રૂઢિચુસ્ત માનસ અને બીજું કારણ રૂપરૂપના અંબારમાંથી વિજેતા નક્કી કરવું એ હંસલાની વસતિમાંથી સફેદ દૂધ જેવું પક્ષી શોધી કાઢવાની વાત જેવું છે.

જોકે, ઊંટની સૌંદર્ય સ્પર્ધા આરબ દેશોની આગવી પરંપરા રહી છે. સદીઓથી આયોજાતી ‘કેમલ બ્યુટી કોન્ટેસ્ટ’માં માલિકો પોતપોતાના ઊંટને ચમકતા કોટ પહેરાવી, આંખોને આયલેશથી સુંદર દેખાડવાની કોશિશ સાથે એની ખૂંધ સ્નાયુબદ્ધ અને ગરદન સુડોળ અને લાંબી દેખાય એ અંગે બનતા પ્રયત્નો કરતા હોય છે. તાજેતરના વર્ષોમાં ઊંટનું સૌંદર્ય નિખારવા કોસ્મેટિક્સની મદદ લેવાનું ચલણ વધી રહ્યું છે. આ વર્ષે બોટોક્સ, લિપ ફીલર્સ, સિલિકોન રીશેપિંગ અને કૃત્રિમ રીતે ખૂંધ ભરાવદાર બનાવી દેવાના પ્રયત્નો કરવામાં આવ્યા છે. આ અતિરેક ધ્યાનમાં આવતા ૨૦ ઊંટને સૌંદર્ય સ્પર્ધા માટે ગેરલાયક ઠેરવવામાં આવ્યા છે. સવાલ સાત કરોડનો એ છે કે ઊંટને રૂપાળા દેખાડવા કોસ્મેટિક્સની મદદ શું કામ લેવાતી હશે? જવાબ એમ છે કે બ્યુટી કોન્ટેસ્ટમાં વિજેતા ઊંટને બક્ષિસમાં તગડી રકમ મળે છે. સાથે સાથે એ ઊંટના વેચાણ કે બ્રિડીંગ રાઈટ્સ (એનાથી જન્મતા બચ્ચાની સોંપણી) બાબત પણ સારી કમાણી કરાવી આપે છે. એટલે ‘મારું ઊંટ સૌથી રૂપાળું’ એવું ઠસાવવા સૌંદર્ય સ્પર્ધામાં ચીટિંગનું પ્રમાણ વધી રહ્યું છે. કવિ દલપતરામ જો આ બધું જુએ તો ‘ઊંટ કહે આ સભામાં’ કાવ્યની નવેસરથી રચના કરે કે નહીં?

## પડતરમાં ઘડતરઃ શ્રીમાન કાયાની કાયાપલટ



આજની તારીખમાં સિક્સ્ટી પ્લસની ઉંમર ધરાવતો પુરુષ વર્ગ એની યુવાનીમાં ટર્કીશ ટોવેલ વાપરી ગર્વ અનુભવતો, કારણ કે એ ટર્કીના એ સુતરાઉ ટોવેલ ટકાઉ અને મોંઘા હતા. ટર્કી, તુર્કી કે તુર્કીયે તરીકે ઓળખાતા અને એશિયા - યુરોપમાં ભૌગોલિક સ્થાન ધરાવતો દેશ તાજેતરની ભૌગોલિક - રાજકીય પરિસ્થિતિને કારણે ખાસ્સો ચર્ચામાં છે. હેરત થાય એવી વાત એ પણ છે કે આ દેશના હિકમત કાયા નામના નિવૃત્ત વન્ય અધિકારીનું નામ પણ ગાજી રહ્યું છે. તેમની ૪૧ વર્ષની મહેનત શબ્દશઃ ઊગી નીકળી છે. એમના પ્રયાસોને કારણે દેશની પચીસ હજાર એકર પડતર જમીનમાં ઘડતર થયું છે અને સૂકી ભઠ જમીને લીલીછમ ચાદર ઓઢી લીધી છે. સોશ્યલ મીડિયા પર શ્રીમાન હિકમત કાયાની એક તસવીર વાયરલ થઈ છે જેમાં તે ૧૯૭૮ના ફોટોગ્રાફ સાથે દેખાઈ રહ્યા છે. એમાં ઉજ્જડ, વેરાન પ્રદેશ દેખાઈ રહ્યો છે અને આજે એ જ જગ્યા પર લીલુડી ધરતી આંખ અને હૈયાને ટાઢક આપતી નજરે પડે છે. વન વિભાગની નોકરી દરમિયાન હિકમત કાયાએ સાથી કર્મચારી અને ખાસ તો આસપાસના ગામડાના રહેવાસીઓની મદદથી વૃક્ષારોપણનો કાર્યક્રમ શરૂ કર્યો. સુંદર સાથ - સહકાર મળવાથી વીસેક વર્ષમાં ત્રણ કરોડ રોપા લગાવ્યા. નિવૃત્તિ પછીની પ્રવૃત્તિ તરીકે આ જ કામ ચાલુ રાખ્યું. જનતા આજે વનરાજીને ગૌરવ ગણી એની જાળવણી કરે છે. વિસ્તારની કાયાપલટ કરી દેનારા હિકમત કાયા મેળવેલી સિદ્ધિના ગુણગાન ગાવાને બદલે આ હરિયાળી ભાવિ પેઢીની છે એમાં સંતોષ માને છે.

## લ્યો કરો વાત

*ગુજરાતીઓ પત્નીને વાવઝોડા તરીકે ઓળખવા માટે જાણીતા છે. ન હોય ત્યારે શાંતિ અને આવે એટલે ધમાચકડી એવું સાચું - ખોટું આળ પત્નીના માથે મૂકવામાં આવતું હોય છે. વિદેશમાં કુદરતી વાવાઝોડા સાથે સેલિબ્રિટીનાં નામ જોડવાની મજેદાર પ્રથા છે. યુકેમાં આવતા વાવાઝોડા માટે વેધશાળા સમક્ષ ઈલોન ગસ્ટ (અબજોપતિ ઈલોન મસ્ક પરથી) અને જુડી ટ્રેન્ચ (જેમ્સ બોન્ડની ફિલ્મોમાં ‘એમ’ - બ્રિટિશ સિક્રેટ સર્વિસના ચીફ) સહિત કેટલાંક નામ જનતાએ રજૂ કર્યા છે. મસ્કનું અત્યાર સુધીનું પરફોર્મન્સ વાવાઝોડાના વિશેષણને સાર્થક કરે એવું પણ છે. ૨૦૧૫થી જનતાને પસંદગીનું નામ સૂચિત કરવાની તક અપાય છે જેમાંથી ૨૦ નામ પસંદ કરવામાં આવે છે. સિવાય બ્રિટિશ વડા પ્રધાનના નામ પરથી ‘કીર સ્ટોર્મર’, રાજવી પરિવારના પ્રિન્સ એન્ડ્રુ પરથી ‘સ્ટોર્મ પ્રિન્સ એન્ડ્રુ’, સુપરહિટ ફિલ્મ ‘ફિફ્ટી શેડ્સ ઓફ ગ્રે’ પરથી ‘ફિફ્ટી શેડ્સ ઓફ રેઈન’ વગેરેનો સમાવેશ થાય છે.* ■

# સટ્ટાક સવાલ... ફટ્ટાક જવાબ

## રમૂજી સવાલના મનમોજી જવાબ

દર્શન ભાવસાર

**ખુરશીમાં બેસે એને ચેરમેન તો સોફા પર સૂવે એ?**

* સોફાચટ.

**સોળ વર્ષે સ્વીટ સિક્સ્ટીન કહેવાય અને ૫૬ વર્ષે?**

* છપ્પનીયો....

**ખયાલી કા પુલાવ શેની સાથે ખવાય?**

* મગજના દહીં સાથે...

**શોભાના ગાંઠિયા ક્યાં મળે?**

* સભા- મિલન અને સંમેલનમાં...

**લગ્નના ફેરા ફરવા માટે ક્રિકેટની જેમ ટોસ ઉછાળાય તો?**

* ટોસ પછી કદાચ લાકડી પણ ઉડે...

**ચોરી પર સીનાજોરી એટલે?**

* ગિફ્ટ પર ગિફ્ટ ટેક્સ...

**પ્રેમિકાને લગ્નમાં કઈ ગિફ્ટ આપવી?**

* તેન અગાઉ આપેલી એ પરત માગી લેવી ને બીજે ‘વાપરવી’ !

**પોળમાં પિયર અને સાસરું હોય તો ક્યાં રહેવું?**

* સસરાના સાસરે ફાવે ?

**વહુનાં લક્ષણ બારણામાં ઝળકે તો પ્રેમિકાના?**

* ગિફ્ટની ડિમાન્ડમાં...

**તાર હોય છતાં ય તાર ના દેખાય એ શું?**

* રફતાર- લગાતાર અને તારણહાર.

**લાલો લાભ વિના ના આવે તો?**

* એને ગેરલાભ થાય...

**ભાગેડું લગ્નમાં કપલ કઈ તરફ ભાગવું જોઈએ?**

* પોલીસ સ્ટેશન અને ભાવિ સસરાના ઘરની નજીક ...

**પ્રેમનું કોચિંગ ક્યાં મળે?**

* પ્રેમમાં નિષ્ફળ નીવડ્યા હોય એવા પ્રેમી પાસે...

કચ્છી ચોવક___કિશોર વ્યાસ
kishor.vyas@bombaysamachar.com

# મામૈદેવ ને મેકણદાદા

કચ્છી ચોવકોએ કચ્છી ભાષાના આદ્ય પુરુષ મામૈદેવની અગમવાણી અને સંત મેકણદાદાની વાણીએ પણ રૂપાંતરિત સ્થાન પ્રાપ્ત કર્યું છે. તેમાં તમામ પ્રકારના ‘પ્રાસ’ અને ‘અલંકાર’ પણ જોવા મળે છે.

ગયા અંકમાં વાચકો માટે એક ચોવક મમળાવવા માટે મુકી હતીઃ

*‘કીંક ધડે ધાબડે,’*
*કીંક છડે છાબડે,*
*કીંક ડાંઢી મેં ફેર,*
*કીંક ઓછો આય શેર,’*

ગુજરાતીમાં તેનો સીધો અર્થ એક જ કહેવતમાં સમાઈ જાય છેઃ ‘દૂધમાંથી ફોરા કાઢવાં.’ અને ઉપરોક્ત કચ્છી ચોવકનો સીધો અર્થ થાય છેઃ ‘સરવાળે દરેક વસ્તુમાં કંઈને કંઈ ખામી હોવી, કે શોધવી, કે કાઢવી!’

આજે વગર મહેનતે કંઈ પરબારું પ્રાપ્ત થઈ જાય તેવી આશાએ ઘણા હાથ જોડી બેઠા હોય છે, તો તેના માટે કચ્છીમાં એક સુંદર ચોવક છે. ‘ઉછેધીયે ની અઠસો વારસ’ મતલબ કે હરામનું ખાવા માટે ઘણા તૈયાર.

કાવ્યાત્મક રૂપે, પિરોલીમાં વણી લેવાયેલી કહેવતો પણ કચ્છીભાષામાં જોવા મળે છે. આવી પિરોલીઓ બાળકોની જિજ્ઞાસુ વૃત્તિને પોષવા તેમ જ શિક્ષણ આપવાનું પણ એક ઉત્તમ માધ્યમ છે.

*‘મડધ મિટ્ટજો, કંધ ક્યા જો,*
*જડેં લગોવા, તેડો નિકરી વેઓ સા.’*

કોઈને પણ પ્રશ્ન ઊભો થાય છે, માટીનો મરદ, કપાસની ગરદન અને પવન લાગતાંજ જીવ નીકળી જાય, એ વળી શું હશે? આખી આ પિરોલીનો જવાબ છે ‘દીવો’ પણ ‘જડે લગોવા, તેણે નિકરી વેઓ સા’ આટલા આ વાક્યને ચોવકરૂપે પણ વાપરવામાં આવે છે. જોકે પિરોલીઓ (ઉખાણાં)નું સાહિત્ય વળી જુદું છે.

*‘ઓરખીતો જમાધાર*
*બ ધુકા સેલા મારે’*

ઓળખાણમાં પણ ઘણીવાર સહન કરવું પડતું હોય છે તેના માટે આ ચોવક છે. ગુજરાતીમાં પણ આપણે કહેતા હોઈએ છીએ કે ‘ઓળખીતો હવાલદાર બે ધોકા વધુ મારે.’

કચ્છી માડુની આવડત માટે એક મજાની ચોવક છેઃ ‘કચ્છી માડુ ઈંધો, ત ખોટી કોરી ડીંધો’ કચ્છી માડુની આવડત કે હોશિયારી કે ચાલાકી બતાવતાં એ ચોવકનો અર્થ છેઃ ‘કચ્છી માણસ ખોટો રૂપિયો પણ વાપરી બતાવે,’ હવે એ માત્ર ચલણના અર્થમાં જ નથી. આપણે કોઈને કહીએ ‘આ સાવખોટો સિક્કો છે’ એવી વ્યક્તિને પણ જો કચ્છીમાડુ તરાસે તો હોશિયાર થઈ જાય. ચોવકોમાં અર્થબંધન નથી એ સાર્વત્રિક અર્થ ધરાવે છે.

કચ્છી સમાજમાં અવારનવાર વપરાતી એક કહેવત છે. ‘ખખી ન ખરચે ખીમજી નેં વા વિસનજીવા’ આ ચોવકનો અર્થ જોઈએ તે પહેલાં, શરૂઆતમાં જ મેં એક વાત કરી કે કચ્છી ચોવકોમાં ‘પ્રાસ’નાં દર્શન થાય છે. આ ચોવકમાં ‘ખ’ અને ‘વ’નો પ્રયોગ જોઈલો! એવા લોકો માટે આ ચોવક છે કે તેઓ પોતે એક પૈસાનો ખર્ચ ન કરે, ખર્ચ ન કરવાની વૃત્તિવાળા હોય પણ બીજાની ખુશામત કરી જયાફતનો લાભ લીધે રાખે! ખરેખર કોઈ ‘ખીમજી’ કે ‘વિસનજી’ માટે આ કહેવત નથી પણ નામ પ્રાસ મેળવવા પ્રતીકરૂપે રાખવામાં આવ્યો છે.

ઘણાનો સ્વભાવ હોય, જોક્સ સાંભળીને પણ ન હસે. કચ્છીમાં એને ‘રોઠ’ માણસ કહેવાય છે. જેના માટે ચોવક છે ‘ખિલે જા ૫ પૈસા ગિનણા.’ એ હસવાના પણ પૈસા લે!

શેખીખોર માણસોને પણ કચ્છી ચોવકે આડેધડ લીધા છેઃ ‘ગાલ્યું કરે ગચ, પડ્ઈન ડે હિકડી’ કામ કંઈ કરવું નહીં અને માત્ર ગામગપાટા મારવા તેવો આનો અર્થ થાય છે.

હવે જ્યારે ‘ગજ જો આંકો અચી રેયો આય’ ત્યારે... હા, મારાથી લેખના અંતે કચ્છી ચોવક એ અર્થમાં જ મુકાઈ ગઈ કે હવે આજે આ લેખ અહીં પૂરો થવામાં છે. ચોવકનો અર્થ છે. ‘વાતનો અંત’ પણ તે પહેલાં વાચકો માટે એક ચોવક મુખવાસ તરીકે અહીં રાખું છું, અર્થ જોઈશું ‘જીરા હુંધાસીંત અગલે બુધવાર જો!’ ચોવક આયઃ

*‘છઠી જા લેખ તિતે કેર મારે મેખ.’* ■

મગજ મંથન_
વિઠ્ઠલ વઘાસિયા
feedback@
bombaysamachar.com

# અસંભવનું મૂળ માનવીનાં મનમાં છુપાયેલું છે...

**માનવજીવનમાં** ‘સંભવ’ અને ‘અસંભવ’ બે એવા દ્વંદ્વ છે, જે આપણા વિચાર, શ્રદ્ધા અને પ્રયત્નોની દિશા નક્કી કરે છે. જીવનના દરેક તબક્કે માણસ સામે અનેક પરિસ્થિતિ ઊભી થાય છે - કેટલીક સરળ લાગે છે, તો કેટલીક અશક્ય જેવી, પરંતુ ખરેખર શું કંઈ અસંભવ છે? કે પછી અસંભવ એ માત્ર માનવીય મર્યાદિત વિચારનો પડછાયો છે? આ પ્રશ્નો માનવ ઈતિહાસથી આજ સુધી ચર્ચાના કેન્દ્રમાં રહ્યા છે.

સંભવ એટલે જે કરી શકાય તેવું, જે પ્રાપ્ત કરી શકાય, જે માનવીની ક્ષમતા અને પ્રયત્નની પરિધિમાં આવે તે...જ્યારે અસંભવ એટલે જે શક્ય ન લાગે, જેની કલ્પના પણ કરવી મુશ્કેલ લાગે, પરંતુ સમય, જ્ઞાન અને આત્મવિશ્વાસ સાથે અસંભવ પણ સંભવ બનતું જોવા મળે છે. એક સમયે પૃથ્વી ગોળ છે એવી માન્યતા અસંભવ લાગતી હતી. આજે તે વૈજ્ઞાનિક સત્ય છે. આકાશમાં ઉડાન ભરવી, ચંદ્ર પર માનવ પગ મૂકવો, કે એકબીજા સાથે ક્ષણમાં સંવાદ કરવો - આ બધું ક્યારેક અસંભવ ગણાતું હતું.

અસંભવનું મૂળ માનવીના મનમાં છુપાયેલું હોય છે. માણસ પોતાની ક્ષમતાનું મૂલ્યાંકન ઘણી વખત ભય, નિષ્ફળતાના અનુભવ અને સમાજની મર્યાદાઓના આધારે કરે છે. ‘આ મારી શક્તિ બહાર છે’, ‘આ મારા માટે નથી’, ‘આ તો થઈ જ ન શકે’ - આવી માન્યતા માણસને આગળ વધતો અટકાવે છે. ‘અસંભવ’ શબ્દ ઘણી વખત પ્રયત્ન પહેલાં જ હાર સ્વીકારવાનું સાધન બની જાય છે. જ્યારે સંભવમાં વિશ્વાસથી માણસને ઊભા થવાની, પ્રયાસ કરવાની અને સતત આગળ વધવાની પ્રેરણા આપે છે.

સંભવ બનાવવા માટે પ્રથમ આવશ્યક છે દૃઢ સંકલ્પ. સંકલ્પ એ એવી આંતરિક શક્તિ છે, જે માણસને અનેક અવરોધો સામે પણ અડગ રાખે છે. જે વ્યક્તિ પોતાના લક્ષ્યને સ્પષ્ટ જોઈ શકે



છે, તે માટે માર્ગ ધીમે ધીમે ખુલતો જાય છે. ઈતિહાસ સાક્ષી છે કે મહાન વૈજ્ઞાનિકો, સમાજ સુધારકો, કવિઓ અને નેતાઓએ શરૂઆતમાં અશક્ય લાગતાં સપનાં જોયાં હતાં, પરંતુ તેમના અડગ વિશ્વાસે તેને સંભવ બનાવ્યા.

પ્રયત્ન અને પરિશ્રમ સંભવના મજબૂત પાયા છે. કોઈ પણ સફળતા એક દિવસમાં મળતી નથી. સતત પ્રયાસ, શીખવાની તૈયારી અને ભૂલોમાંથી પાઠ લેવાની ભાવના માણસને આગળ ધપાવે છે.

ઘણી વખત માણસ એકાદ નિષ્ફળ પ્રયાસ પછી અસંભવનો નિર્ણય કરી લે છે, જ્યારે વાસ્તવમાં તે તો સફળતાની નજીક જ હોય છે, પરંતુ તેમનામાં ધીરજ નથી હોતી. અસંભવ દેખાતી પરિસ્થિતિઓ ધીરજ અને શ્રમથી ધીમે ધીમે સરળ બનતી જાય છે.

શિક્ષણ અને જ્ઞાન પણ સંભવને વિસ્તૃત કરે છે. અજ્ઞાન માણસ માટે અનેક બાબતો અસંભવ લાગે છે, જ્યારે જ્ઞાન મળતાં જ તે સંભવ બની જાય છે. વિજ્ઞાન અને ટેકનોલોજીના વિકાસે માનવજીવનમાં અસંભવની સીમાઓ સતત નાની કરી છે. આજે જે અશક્ય લાગે છે, તે આવતીકાલે સામાન્ય બની શકે છે. આથી જ કહેવાય છે કે જ્ઞાન માનવને શક્તિશાળી બનાવે છે.

જોકે અહીં એક મહત્ત્વનો મુદ્દો એ છે કે સંભવ અને અસંભવ વચ્ચે સંતુલન જરૂરી છે. દરેક ઈચ્છા તાત્કાલિક પૂરી થાય એ શક્ય નથી. સમય, સંજોગો અને ક્ષમતાનું યોગ્ય મૂલ્યાંકન જરૂરી છે. અંધ આત્મવિશ્વાસ માણસને ખોટી દિશામાં લઈ જઈ શકે છે. સમજદારી એમાં છે કે માણસ પોતાના સપનાંને વાસ્તવિક આયોજન અને મહેનત સાથે જોડે, ત્યારે જ સપનાં સાકાર થાય છે.

વ્યક્તિગત જીવનમાં સંભવ માણસને આશાવાદી બનાવે છે. આશા એ જીવનની પ્રેરક શક્તિ છે. જે માણસ આશા રાખે છે, તે સંઘર્ષમાં પણ રસ્તો શોધી લે છે. અસંભવની ભાવના નિરાશા, ભય અને નિષ્ક્રિયતાને જન્મ આપે છે. તેથી જીવનમાં આગળ વધવા માટે સંભવનો દૃષ્ટિકોણ અપનાવવો અત્યંત આવશ્યક છે.

અંતમાં કહી શકાય કે સંભવ અને અસંભવ કોઈ સ્થિર પરિભાષા નથી. તે માનવીના વિચાર, પ્રયત્ન અને સમય સાથે બદલાતી રહે છે. જે આજે અસંભવ લાગે છે, તે કાલે સંભવ બની શકે છે - જો તેમાં વિશ્વાસ, જ્ઞાન અને અડગ પ્રયત્ન જોડાય. જીવનનો સાચો સાર એમાં છે કે માણસ ‘અસંભવ’ શબ્દને પડકાર માને, અંત નહીં, કારણ કે માનવની ઈચ્છાશક્તિ અને સંકલ્પશક્તિ પાસે એવી તાકાત છે કે તે અશક્યને પણ શક્ય બનાવી શકે.

બીજા શબ્દોમાં કહીએ તો અસંભવ એ માત્ર ત્યાં સુધી જ રહે છે, જ્યાં સુધી માણસ પ્રયાસ કરવાનું સાહસ નથી કરતો.■

સિક્કાની ત્રીજી બાજુ
_જયવંત પંડ્યા
feedback@bombaysamachar.com

# કર્મચારી ...... બૉસઃ કોને કોનો ત્રાસ?



**તાજેતરમાં સોશ્યલ મીડિયા પર એક વીડિયો વાયરલ થયો છે, જેમાં એક સુંદર યુવતી ફરિયાદ કરે છે કે તે વિયેતનામ જવા ઍરપોર્ટ પર પહોંચી ગઈ ત્યારે જ તેના બૉસનો મેસેજ આવ્યો કે તેની રજા કેન્સલ થઈ છે. આને લોકો ટૉક્સિક વર્કપ્લેસ અને બૉસની સતામણી તરીકે જોઈ રહ્યા છે, પરંતુ આ સિક્કાની ત્રીજી બાજુ શું હોઈ શકે?**

માર્ચની શરૂઆતમાં એક મહિલા કર્મચારી સિમરનનો વીડિયો વાઇરલ થયો છે, જેમાં તે કહે છે કે તેણે તેના બોસને ૨૨ જાન્યુઆરીએ જાણ કરી હતી કે ૧૯ ફેબ્રુઆરીએ તે વિયેતનામ જશે. ત્યારે બૉસે ન હા કહી, ન ના કહી. તેણે કહ્યું, આપણે વાત કરીશું. અને ૧૯ ફેબ્રુઆરીએ આ યુવતી વિયેતનામ જવા માટે ફ્લાઇટ પકડવા વિમાન મથકે પહોંચી ત્યારે તેના બૉસનો તેના પર મેસેજ આવ્યોઃ

'હાય, સિમરન, તમારી રજા આપણે રદ્દ કરવી પડી રહી છે, કારણકે એક અર્જન્સી આવી ગઈ છે.'

સિમરન કહે છે કે જ્યારે હું સામાન અને મિત્રો સાથે વિયેતનામની ફ્લાઇટ પકડવા ઍરપોર્ટ આવી ગઈ છું ત્યારે મને મેસેજ કરે છે. જો સવારે મેસેજ આવી ગયો હોત તો હું લેપટૉપ સાથે ઑફિસ ચાલી ગઈ હોત અને કામ પૂરું કરી દીધું હોત.

સિમરને ઉમેર્યું કે કામ તો જીવનભર ચાલતું જ રહેવાનું છે. પરંતુ હું એટલા માટે કમાઉં છું કે જેથી હું ફરી શકું. એટલા માટે નથી કમાતી કે હું વર્કોહૉલિક છું. પરંતુ પછી સિમરન જે ભાષા બોલે છે તેમાં ભલે ગાળો નથી, પરંતુ વાત 'તું-તારી' પર આવી જાય છે અને કહે છે, 'તું શું કરી લઈશ? તારે જે કરવું હોય તે કરી લે. બહુ-બહુ તો નોકરીમાંથી કાઢી મૂકીશ ને? હું નવી નોકરી શોધી લઈશ.'

આ કિસ્સામાં તમને કોનો વાંક લાગે છે? પહેલી દૃષ્ટિએ તો બૉસનો જ વાંક લાગે કે બૉસ છેલ્લી ઘડીએ તેની રજા રદ્દ કરે છે. વાત સાચી છે. બૉસે ના પાડવી હોય તો પહેલાં જ ના પાડી શક્યો હોત, પરંતુ બની શકે કે બૉસને એમ હોય કે સિમરન વગર કામ ચાલી જશે તો ના નથી પાડવી. એવું પણ બની શકે કે બૉસને એમ હોય કે પહેલેથી ના પાડી દઈશ તો સિમરન ૧૯ ફેબ્રુઆરી સુધી પણ કામ બરાબર નહીં કરે. એવું પણ બની શકે કે બૉસ બીજા કામોમાં એટલો બધો ફસાયેલો હોય કે તે સિમરનને રજા દેવાની કે નહીં દેવાની તે વાત પર વિચાર જ ન કરી શક્યો હોય. આપણને એ નથી ખબર કે બૉસે આપણે પછી વાત કરીશું તેમ કહીને ૨૨ જાન્યુઆરીએ વાત ટાળી દીધી હતી તો ૧૯ ફેબ્રુઆરી આવી ત્યાં સુધીમાં સિમરને તેને સ્મરણ અપાવ્યું હતું કે કેમ? બૉસ, પછી મારી રજાનો શું નિર્ણય કર્યો?

તે કરીને યાદ અપાવી શકાય.

અહીં પ્રશ્ન એ છે કે બૉસે, ચાલો, અવળચંડાઈ કરી જ. તેણે રજાની હા પણ ન પાડી અને ના પણ ન પાડી. આમ છતાં, સિમરને એમ કેમ ધારી લીધું કે તેની રજા નક્કી જ છે? અને તે બોરિયા-બિસ્તર લઈને વિયેતનામ જવા ઉપડી ગઈ? ઈત્યાદિ ઈત્યાદિ ...આ કેસમાં આવી અનેક શક્યતા છે.

કેટલીક વાર એવું પણ બને છે કે ઘણા કર્મચારી કોઈ તહેવાર કે પોતાના જન્મદિવસ પર ઑફિસે આવવું જ પડે તેમ હોય તો છેક સુધી નથી કહેતા હોતા અને પછી તે દિવસે સવારે મેસેજ કરીને કહી દે, 'સૉરી બૉસ, આજે પેટમાં બહુ દુઃખે છે, તો નહીં આવી શકાય'.

અહીં બૉસના દૃષ્ટિકોણથી પણ વિચારવાની આવશ્યકતા છે. કર્મચારીને તો રજા લઈને છટકી જવાનું છે, પણ તેનું કામ ચડશે તે કોણ કરશે? અને આવા દસથી લઈને સેંકડો સુધી કર્મચારીઓને સંભાળવાના બૉસે હોય છે. એકને રજા આપે તો બીજા પણ માગવા પહોંચી જાય. અને એમ ચાલ્યા રાખે તો કામ પ્રભાવિત થાય. બૉસને પણ તેના ઉપરી બૉસને જવાબ આપવાનો હોય અને તહેવારો કે બીજા કોઈ પ્રસંગે કર્મચારીઓ મોટી સંખ્યામાં અનુપસ્થિત રહે તો કામને કેવી રીતે પહોંચી વળાશે તેવો પ્રશ્ન આવે.

સામે પક્ષે કર્મચારીઓની પણ ફરિયાદ હોય છે કે એમના બૉસ પુરુષ- સ્ત્રી કર્મચારી વચ્ચે પક્ષપાત કરે છે. (સુંદર ) મહિલા સ્ટાફરની રજા જલદી પાસ થઈ જાય, જ્યારે પુરુષ?

આ બધા વચ્ચે આજે ઘણા નાના-મોટા ધંધા કે ઑફિસ ચલાવનારાઓની ફરિયાદ છે કે નવી પેઢીને નિષ્ઠાથી કામ કરવામાં રસ નથી. તેમને કંઈ કહીએ એટલે ધડ દઈને નોકરી છોડી દે. વળી, ગમે તેટલા સાચવીએ તો પણ થોડા વધુ પગાર માટે કૂદકો મારી નવી નોકરીમાં જોડાઈ જાય એટલી બધી આવડત નથી હોતી તોય એટિટ્યૂડ તો એવો રાખે ને એવું લાગે કે તેના વગર કંપની ચાલશે જ નહીં. એક તો સમય પર ન આવે, આવે તો ઘણો સમય ફોન પર મિત્રો કે સગાંવ્હાલાં સાથે ગપ્પાં મારવામાં કાઢે, એ ઉપરાંત પાછા વૉટ્સએૅપ મેસેજ જોવાના, સોશ્યલ મીડિયા જોવાનું,

કેન્ટીનમાં ત્રણ વાર ચા પીવાની, દસ વાર પાણી-પેશાબ કરવા ઊભા થવાનું અને અડધો કલાક તો બીજા ડેસ્ક પર જઈને ઑફિસ ગોસિપ કરવાની. ને પાછો પગાર તો હાઇ ફાઇ જોતો હોય.

ઘણા તો રજા લેવાની હોય તેની જાણ છેલ્લી ઘડીએ કરે અથવા જાણ જ ન કરે. મોડા આવવાના હોય તો પણ જાણ ન કરે. મોડા આવવું તે તેમનો સ્વભાવ હોય.

કહેવાનો અર્થ એ નથી કે નવી પેઢીમાં બધા જ કામચોર છે, પરંતુ આ પણ સિક્કાની ત્રીજી બાજુ તો છે ... ■

ઔર યે મૌસમ હંસીં...
દેવલ શાસ્ત્રી
feedback@bombaysamachar.com

# હૃદય પાસે પોતાની એક જ ભાષા છે... સેવા

સેવા એ માનવજીવનનું એક અમર અને પવિત્ર તત્ત્વ છે, જેમાં વ્યક્તિ અન્યના હિત માટે કોઈ પણ અપેક્ષા વિના કાર્ય કરે છે. આ ભાવના માનવમાં કુદરતી રીતે વસેલી છે અને તે વિવિધ કારણોસર માનવના મનમાં જન્મે છે. સેવાનો વિચાર સમગ્ર વિશ્વને ભારતે આપ્યો છે. સેવાનો ઇતિહાસ પ્રાચીન ભારતમાંથી શરૂ થાય છે.

વેદો અને ઉપનિષદોમાં તેના સંકેતો મળે છે, પરંતુ તેનું વ્યાપક સ્વરૂપ ભગવદ્ ગીતામાં મળે છે, જ્યાં કૃષ્ણ અર્જુનને કર્મ યોગ દ્વારા નિઃસ્વાર્થ કાર્ય કરવાની શિક્ષા આપે છે. મધ્ય યુગમાં ભારતીય ઉપખંડમાં ભક્તિ આંદોલન પ્રબળ બન્યું એમાં સેવાનું મહત્ત્વ વધવા લાગ્યું. તુલસીદાસ અને કબીર જેવા સંતોએ સેવાભાવને પોતાના કલ્યાણ સાથે જોડ્યો. શીખ ધર્મમાં ગુરુ નાનકની પ્રેરણાએ લંગર અને કારસેવાને વિશ્વવિખ્યાત કર્યા. મહાત્મા ગાંધીએ સેવાને રાષ્ટ્રીય આંદોલનમાં જોડીને માનવ સેવા એ જ ઈશ્વરની સેવા તરીકે વર્ણવી.

માનવજાતિમાં સેવાની ભાવના માનવીય વિકાસની પ્રક્રિયાનું પરિણામ છે. વૈજ્ઞાનિકો અનુસાર, આ ભાવના માનવના અસ્તિત્વ માટે જરૂરી છે. પ્રાચીન સમયમાં જ્યારે માનવ જૂથમાં રહેતો હતો ત્યારે અન્યને મદદ કરવાથી જૂથનું અસ્તિત્વ મજબૂત થતું હતું. એ સમયે પણ માનવ સમજતો હતો કે આજે તમે કોઈને મદદ કરો છો તો કાલે તે તમને મદદ કરશે.

જો કે વિજ્ઞાનનો એક અભ્યાસ માને છે કે સેવાની ભાવના સમાનુભૂતિના અનુભવ પર આધારિત છે. સામી વ્યક્તિની પીડાને જ્યારે માણસ પોતીકી સમજવા લાગે ત્યારે તેને સેવા કરવાનો વિચાર આવે છે અને તેનું મગજ આપોઆપ પ્રેરણા આપવા લાગે છે. આમ છતાં સમાજમાં એક નાનકડો વર્ગ છે જે સેવાકીય કાર્ય ફક્ત પ્રસિદ્ધિ માટે કરતા હોય છે. જેમને સોશ્યલ મીડિયા પર કે જાહેરજીવનમાં નામના કરવાની પડેલી હોય છે એ વર્ગ સકારણ સેવા કરતો હોય છે. મોટાભાગે સેવા કરવા માટે નામના માટે થવી જોઈએ નહીં એવું માનવાવાળો મોટો વર્ગ છે.

સેવાની ભાવના માનવના મગજમાં રહેલી છે. જ્યારે કોઈ વ્યક્તિ અન્યને મદદ કરે છે ત્યારે મગજમાં કેટલાક અંતઃસ્ત્રાવ ઉત્તેજિત થાય છે અને તે ખુશીઓનો અનુભવ કરે છે. આ કારણે સેવા કરવી એક પ્રકારનું પોતાના માટે પુરસ્કાર બની જાય છે. જ્યારે તમે કોઈ ગરીબને ભોજન આપો છો, ત્યારે તમને જે આનંદ મળે છે તે તમારા મગજમાં ડોપામિન અને ઓક્સિટોસિન જેવા હોર્મોન્સના વધારા પર આધારિત છે. જે તમારી ખુશીઓમાં વધારો કરે છે. ક્યારેક મોડી રાત્રે કે કસમયે મહેમાન આવી ચડે છે અને તેને ભોજન પીરસાતી વેળાએ મહિલાઓ કંઈક આપ્યાની ખુશી અનુભવતી હોય છે, જે પીરસતી વેળાએ તેમના ચહેરા પર જોવા મળે છે.

કોવિડ સમયે આપણે અનેક લોકોને સેવા કરતા જોયા છે. જે ગામમાં મેડિકલ સર્વિસ ન હતી એ ગામોમાં ઓક્સિજન સહિત



સેવાનું બીજું નામઃ મધર ટેરેસા

વિવિધ સેવાઓ ઊભી કરી હતી. અસંખ્ય લોકોને ઘર સુધી ભોજન અને દવાઓ પહોંચાડી હતી. અમદાવાદ નજીક હોવા છતાં ધોળકાના સેવાભાવી કાર્યકર માર્ગેશ મોદીએ લગભગ દસ હજાર લોકો માટે યજ્ઞ કર્યો હતો.


આપણે ત્યાં પર્યાવરણની ગંભીર સમસ્યાઓ છે એમાં અસંખ્ય લોકોએ લાખો વૃક્ષ ઉછેરીને આપણને ચોખ્ખી હવા પૂરી પાડી છે. આ વૃક્ષોનું જતન કરનારા મોટાભાગના લોકો સાથે આપણે કોઈ પરિચય હોતો નથી. રાજકોટની એક સંસ્થા સમગ્ર ગુજરાતમાં કરોડો વૃક્ષ ઉછેરવાનો ટાર્ગેટ લઈને કામ કરી રહી છે. એક અભ્યાસ એવું કહે છે કે જો તમે સેવા કરવા માટે નિશ્ચિત સમય ફાળવતા હોય તો તમને હાઈ બીપી જેવી સમસ્યાઓમાં રાહત થાય છે. સમૂહમાં સેવા કરવા જવાથી અન્ય લોકો સાથે મિત્રતા વધારાનો ફાયદો થાય છે.

સેવાકીય કાર્યમાં જોડાવાથી એક ફાયદો એ થાય છે કે લોકોના દુઃખદર્દ ખબર પડે ત્યારે તમને સમજાય છે કે ઈશ્વરે ઘણું બધું આપ્યું છે. આ કારણે બાળકોને સેવાકીય કાર્યમાં જોડવાથી સંતોષ નામનો ગુણ શીખે છે. ભારતમાં પોલિયો નાબૂદી હોય કે ટીબી સમયે અનેક સામાજિક સંસ્થાઓએ કામ કર્યા છે. પૂરરાહત કે અસરગ્રસ્ત વિસ્તાર માટે અનેક લોકોએ પોતાના દ્વાર ખોલ્યા છે.

એક પોલીસ અધિકારીએ કોલકાતાના બ્રિજ નીચે 'ફ્રી ક્લોથ્સ બેંક' બનાવી અને શિયાળાની ઠંડીમાં બેઘર અને ગરીબ લોકો માટે દરરોજ કપડાં વહેંચે છે. ૨૦૨૪માં ૨૫ વર્ષીય સ્કુબા ડાઈવિંગ ઇન્સ્ટ્રક્ટર ક્યૂડા કોલરે પોતાની કિડની અજાણ્યા બાળકને દાન કરી હતી. કિડની ડોનેશન કરતી વેળાએ તેનું માનવું હતું કે હું આમ નહીં કરું તો મારા મનને શાંતિ નહીં મળે. આ એક જ કાર્યથી તેણે તો એક જીવન બચાવ્યું પણ અનેક લોકોને પ્રેરણા મળી હતી.

'ગાઈડ' ફિલ્મ શા માટે યાદગાર બની?

રાજુ ગાઈડને તેની હીરોઈન રોઝી છોડી જાય છે. રાજુને જેલ




આ 'ગાઈડ' આમ તો સામાન્ય માણસ હતો, પણ ...

થાય છે અને બધું જ ગુમાવે છે. તેનામાં વૈરાગ્ય જાગે છે અને એક જૂના અવાવરુ મંદિરમાં એકલો રહેવા જાય છે. એ ક્ષણથી તેની અનૈચ્છિક સાધના શરૂ થાય છે. ગામના લોકો તેને સ્વામીજી માની લે છે, કારણ કે તેની આંખોમાં એક અજીબ શાંતિ આવી ગઈ છે. રાજુ વારંવાર કહે છે, 'મૈં કોઈ સંત નહીં હૂં મૈં તો ગાઈડ હૂં.' લોકો તેની વાત સાચી માનતા નથી.

'ગાઈડ'ની સૌથી મોટી જીવન ફિલોસોફી એ છે કે સાચો સંત કે સાધુ બનવા માટે ભગવા કપડાં પહેરવાની કે મંદિર જવાની જરૂર નથી. જ્યારે બધું ગુમાવીને પણ બીજાના માટે જીવવા લાગે છે, ત્યારે તે આપોઆપ સંત બની જાય છે. ફિલ્મના અંતે હીરો રાજુ મરે છે અને વરસાદ પડે છે. લોકો તેને ભગવાન માને છે, હકીકતમાં રાજુ તો એક સામાન્ય માણસ હતો, જેની જિંદગીએ તેને ધીમે ધીમે મુક્તિના રસ્તે લઈ જઈને શરીર છોડાવી દીધું.

'ગાઈડ' ફિલ્મ એટલો જ મેસેજ આપે છે કે જિંદગીનો સાચો અર્થ એ નથી કે કેટલી કમાણી કરી છે કે કેટલો પ્રેમ મેળવ્યો છે. જ્યારે પોતાની પાસે કંઈ ન રહે ત્યારે પણ તું બીજાને કંઈક આપી શકવા સમર્થ છે કે નહીં એ દાન છે. ■

**ધ એન્ડઃ**

*પ્રેમ વગર કશું પણ આપવું શક્ય છે, કશું આપ્યા વગર પ્રેમ કરવો શક્ય નથી. (અજ્ઞાત)*

શરદ જોશી સ્પીકિંગ ___સંજય છેલ
feedback@bombaysamachar.com

# આપણી માટી... આપણા માણસો

જ્યારે આપણે નવી- આગામી સદીમાં પ્રવેશ કરીશું ત્યારે આપણી પાસે પથ્થરો અને ઈંટો રહી જશે, ચૂનો પણ ઘણો હશે, પણ જેને માટી કહેવી છે તે રહેશે નહીં. આજે મહાનગરોમાં કુંડામાં નાખવા માટે માટી ખરીદવી પડે છે. ઘણા વેપારીઓ માટીના વ્યવસાય સાથે સંકળાયેલા છે. વર્ષોથી એવું કહેવામાં આવે છે કે માટીની કોઈ કિંમત નથી, પણ હવે આ સાચું નથી રહ્યું. માટીની કિંમત કુંભારની મજૂરી કરતાં વધારે છે.

આમ તો સરકાર ઘણી બાબતો વિચારે છે અને એને પૂરી કરવાની જાહેરાત કરે છે, પણ એ ક્યારેય પૂરી થતી નથી, પણ જો હાઉસિંગ મિનિસ્ટરના નિવેદનને ગંભીરતાથી લેવામાં આવે તો આપણે નવી સદીમાં પ્રવેશ કરીએ ત્યાં સુધીમાં ભારતમાં એટલા બધાં મકાનો બની જશે કે એમાં ભારતનો દરેક નાગરિક રહી શકશે. મતલબ કે બીજી કોઈ પણ પરિસ્થિતિ હોય, તમારા રહેવા માટે ઘર ચોક્કસ હશે. અને જ્યારે સરકારી વિભાગો ઘર કહે છે, ત્યારે એનો અર્થ માટીનું ઘર કે ઘાંસની ઝૂંપડી નથી હોતો. ઘરનો સરકારી અર્થ છે- ઈંટ, સિમેન્ટ, ચૂનો, લોખંડ, લાકડા વગેરેનું બહુમાળી બાંધકામ, જે યોજના મુજબ, મંજૂર થયેલા નકશા મુજબ, કમિશન નક્કી થયા પછી, એન્જિનિયરની દેખરેખ હેઠળ કોન્ટ્રાક્ટરે નફો મેળવીને બનાવ્યું હોય. આ ઘરોમાં લોખંડના પતરાની કે ઘાસની છત નથી હોતી. એમાં ઈંટ, સિમેન્ટની છત હોય છે, જેને લોખંડના ટેકાથી બનાવવામાં આવે છે. આને આધુનિક ઘર કહેવામાં આવે છે.

હવે ભવિષ્યમાં આટલાં ઘરો માટે ઇંટો ક્યાંથી આવશે? સ્વાભાવિક છે કે આપણે આપણા દેશની માટી, જેને આજે ખેતી, જંગલો અને




ઘાસ ઉગાડવા માટે વાપરીએ છીએ, એને ખોદીશું અને એમાંથી ઇંટો બનાવીશું. માંગ અને પુરવઠાના નિયમો હેઠળ કામ કરીશું. માટી ઘટતી જશે અને ઇંટો વધતી જશે.

જ્યારે તમે બે મુઠ્ઠી માટીમાંથી એક ઈંટ બનાવી લો ત્યાર પછી એ ઈંટને ફરીથી માટી બનતા હજારો વર્ષો લાગે છે. ઇસવીસન પૂર્વેના સાત હજાર વર્ષ પહેલાં જે માટીને ઈંટના આકારમાં શેકવામાં આવી હતી એ આજ સુધી પાછી માટીમાં ફેરવાય નથી. વર્ષોથી જે લોકો પથ્થર અને માટીના ઘરોમાં લાકડાની કે ઘાસની છત બનાવીને અથવા તંબુમાં રહ્યા છે, એમણે આ વિશ્વ પર મોટો ઉપકાર કર્યો છે કારણ કે એમણે માટીમાંથી ઈંટ બનતા રોકી છે. આજની સંસ્કૃતિ અને વિદેશ પ્રવાસ કરતી સરકારો આવા ઘરોને ઘર નથી માનતી અને આવા જીવનને જીવન નથી માનતી, જ્યાં લોકો ઇંટો વગર ઘર બનાવીને રહે છે. સરકાર હંમેશાં બધાં માટે પાકાં મકાનો બનાવવાની જાહેરાત કરે છે. એમનો ઈરાદો આ દેશની બધી માટીને ખતમ કરવાનો છે. માટીને પૂરી કરવાનો છે.

જોકે ગભરાવાની જરૂર નથી. આપણી માટી પૂરી નહીં થાય. સલામત રહેશે. આપણે આશા રાખવી જોઈએ કે ગરીબી દૂર કરીશું, સમાજવાદ લાવીશું, બધાને શિક્ષણ મળશે, બધે વૃક્ષો વાવીશું, રોગો નાબૂદ કરીશું, ગરીબોને સામાજિક ન્યાય અપાવીશું જેવા સરકારના કેટલાય અધૂરા વચનોની, જેમ સરકારનું આ વચન પણ સરકારી સાબિત થાય એટલે કે અધૂરું રહે, જેથી આ દેશની માટી, જેણે કેટલાય મહાપુરુષોથી લઈને મોટા મોટા ઉદ્યોગપતિઓ અને દાણચોરો પેદા કર્યા છે, એ બધા અમર રહેશે. ઇંટોના રૂપમાં નહીં, પરંતુ શુદ્ધ માટીના રૂપમાં. આ યુગમાં જ્યાં મનુષ્યની પ્રગતિ ધંધાદારીઓના સ્વાર્થ સાથે જોડાયેલી છે, ત્યાં માટીનું માટી બની રહેવું મુશ્કેલ છે. ■

તસવીરની આરપાર
___ભાટી એન.
feedback@bombaysamachar.com

# સૌરાષ્ટ્રનાં નાના સ્ટેશનની લોકલ-ફાસ્ટ ટ્રેન કેમ બંધ?

ભારત સરકારનું રેલવે બોર્ડ ખરેખર નિત નવીન પ્રગતિનાં સોપાન સર કરે છે. તે વાત ૧૦૦% સાચી છે, એક સમયે ખોટનો ધંધો ગણાતું રેલવે આજે રૂપિયા કમાય છે. આજે ડીઝલ એન્જિનની જગ્યાએ ઇલેક્ટ્રિક એન્જિન, ડબલ લાઈન નાખતા સમય પ્રમાણે ટ્રેન ચાલે. આથી ફાસ્ટ ટ્રેનનો યુગ આવી ગયો. તેમાં લોકલ, ફાસ્ટ ટ્રેન કચડાય ગઈ.! જી હા, ૨૦૨૦માં કોરોના પહેલા બ્રોડગેજ લાઈન હતી અને ડીઝલ એન્જિન હતા પણ ગ્રામ્ય વિસ્તારને પૂરતી સુવિધા આપવા રેલવે કટીબદ્ધ હતી, ગામડાનો ખેડુ ને મધ્યમ, ગરીબની પોસાતી સૌરાષ્ટ્રની મેઈન લાઈન એટલે ઓખા = અમદાવાદ, જેમાં શરૂઆતથી જ સૌરાષ્ટ્ર મેઈલ, જનતા, કીર્તિ, ઇન્ટરસિટી જેવી ટ્રેન સવારે ગ્રામ્ય વિસ્તારનાં નાના રેલવે સ્ટેશનને પૂરતી સુવિધા માટે સુચારું આયોજન હતું.

સવારે ફાસ્ટ જે ઇન્ટરસિટી સાથે તાલ મિલાવી ચાલતી. દાખલા તરીકે સવારે ઇન્ટરસિટી પહેલા ફાસ્ટ ટ્રેન વાંકાનેરથી ઊપડે અને લુણસરીયા, દલડી, લાખામાચી ઊભી રહે અને થાનગઢ ઊભી રહે એટલે તમામ નાના સ્ટેશનને લાભ મળે અને ફક્ત ૧૦ રૂપિયામાં જઈ શકે. તેની પાછળ ઇન્ટરસિટી આવે જે વાંકાનેરથી ઊપડે અને સીધી થાનગઢ ઊભી રહે તે સમયે ૩૦ રૂપિયા ટિકિટનાં થાય પણ ગરીબ, ગામડાનાં લોકોને પાયાની સુવિધા મળી જતી. બપોરે લોકલ ૧૧ વાગ્યે વાંકાનેરથી ઊપડે અને થાનગઢ જતા તમામ નાના સ્ટેશને ઊભી રહે અને બપોરે ૧૨ વાગ્યે ઇન્ટરસિટી ઊપડે. આવી રીતે સાંજે સાડા ચારે લોકલ વાંકાનેર આવે તે અમદાવાદથી જામનગર તરફ જાય અને સાંજે સાત વાગ્યે ફાસ્ટ આવે તે અમદાવાદથી ઓખા સુધી બધા સ્ટેશન લેતી જાય. આથી રેલવેનાં તમામ નાના સ્ટેશન ધમધમતા અને જેને ફાસ્ટમાં સૂતા સૂતા દ્વારકા કાળીયા ઠાકરનાં દર્શન કરવા જવું હોય તે સવાર પડતા દ્વારકા આવે. આથી ખૂબ જ ઉપયોગી ટ્રેન હતી.



૨૦૨૦માં ઓચિંતો કાળ મુખો કોરોના આવ્યો અને લોકડાઉન થતા તમામ ટ્રેનો બંધ કરવાની નોબત આવી. સમયાંતરે અમુક લાંબા અંતરની સુપરફાસ્ટ ટ્રેનો ચાલુ થઈ. તેની સાથે સૌરાષ્ટ્રમાં મેઈન લાઈન વિરમગામથી રાજકોટ તરફ ડબલ લાઈનો નાખી દેવામાં આવી. સજોડે ઇલેક્ટ્રિક લાઈનો નાખતા રેલવેનો વાહન વહેવાર એટલો ઝડપી થઈ ગયો કે અત્યારે નોન સ્ટોપ પેસેન્જર, ગુડઝ ટ્રેનો ચાલુ હોય છે. રેલવેએ અમીર લોકો તરફ દ્રષ્ટિપાત રાખી રૂપિયા કમાવા, વંદે ભારત, વિકલી ટ્રેનો અનાપ સનાપ આપી. સાથે રેલવેએ એક કામ સારું કર્યું કે તમામ નાના સ્ટેશન દાખલા તરીકે બિલેશ્વર, ખોરાણા, કણકોટ, સિંધાવદર, અમરસરથી લઈને વિરમગામ સુધીનાં તમામ સ્ટેશન પર અત્યાધુનિક સુવિધા ઉપલબ્ધ કરી, જેવી કે ડબલ પ્લેટફોર્મ, લોખંડની અફલાતૂન સીડી, છાપરા, બેસવાનાં બાંકડા સ્ટેશન માસ્ટરની ઓફિસ, ટિકિટબારી ને કુદરતી હાજતે જવાની વ્યવસ્થા કરી, ઘડિયાળ નાખી, પ્લેટફોર્મ નંબર બોર્ડ, સીસીટીવી કેમેરા નાખી રોડ સાઈડનાં નાના રેલવે સ્ટેશનને આટલી સુવિધા આપવા પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ તો કર્યો, પણ ૨૦૨૦ પછી કોરોના પૂર્ણ થયો ટ્રેનો તમામ ચાલુ થઈ પણ દુઃખ સાથે કહેવું પડે કે આજની તારીખે લોકલ, ફાસ્ટ ચાલુ નથી કરી. જો નાના સ્ટેશનમાં આટલી સુવિધા આપી તો ટ્રેનનો સ્ટોપ તો આપો. આવો પ્રશ્ન સહેજે તમામ ગ્રામ્ય જનને થાય. અરે લોકલ ટ્રેનની જગ્યાએ કોઈ ડેમુ કે મેમુ ટ્રેન પણ ચલાવતા નથી. શોભાનાં ગાંઠિયા જેવા અમુક સ્ટેશને રાત્રે શટલ ટ્રેન ઊભી રહે છે, તેનો કોઈ મીનિંગ સરતો નથી, રેલવેએ નાના સ્ટેશનને લાભ આપવો જોઈએ. આજે બસ પણ ગામડાનાં રૂટ પર અમુક ચાલે છે. તો સરકારે ખરેખર ગામડાનો વિકાસ કરવો હોય તો લોકલ, ફાસ્ટ જેવી ટ્રેનો ચલાવે તો રેલવેએ ખર્ચ કરેલ રૂપિયાનું વળતર મળે. બાકી નોન સ્ટોપ જતી ટ્રેનો જોઈ ગામડાનાં લોકોનાં દિલમાં થાય કે એકાદ ટ્રેન અમારા ગામડામાં ઊભી રહે તો કેવું સારું. ■

# ક્રૂડ ઓઈલ ઠંડુ પડતાં બજાર ફરી ઊછળ્યું: નિફ્ટી ૨૪,૨૫૦ની ઉપર, સેન્સેક્સમાં ૬૪૦ પોઈન્ટનો સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ અમેરિકાએ ઇરાન સાથેનું યુદ્ધ વહેલું પુરુ થવાનો સંકેત આપ્યા બાદ ક્રૂડ ઓઇલ ઠંડુ પડતાં વૈશ્વિક ઇક્વિટી બજારના સુધારા સાથે સ્થાનિક સ્તરે પણ સેન્ટિમેન્ટમાં સુધારો આવ્યો હતો. નિફ્ટી ૨૪,૨૫૦ની ઉપર પહોંચ્યો હતો, જ્યારે સેન્સેક્સમાં ૬૪૦ પોઈન્ટનો સુધારો નોંધાયો હતો. સેન્સેક્સ ૬૪૦ પોઈન્ટ વધીને ૭૮,૨૦૬ પર બંધ થયો, જ્યારે નિફ્ટી ૫૦ ઇન્ડેક્સ ૨૩૪ પોઈન્ટ વધીને ૨૪,૨૬૨ પર બંધ થયો છે. સત્ર દરમિયાન સેન્સેક્સ લગભગ ૮૧૦ પોઈન્ટ ઉપર ખુલ્યો હતો, જ્યારે નિફ્ટી ૨૪,૨૮૦ની ઉપર ગયો હતો. કુલ બજાર મૂડીમાં રૂ. ૪.૭૧ લાખ કરોડથી વધુનો ઉમેરો થયો છે.

નોંધવું રહ્યું કે, પાછલા સત્રમાં સોમવારે ક્રૂડના ઉછાળા, રૂપિયાના કડાકા અને એફઆઇઆઇની એકધારી વેચવાલીને કારણે સેન્સેક્સ ૨૪૯૪.૩૮૫ પોઇન્ટ અથવા તો ૩.૧૬ ટકાના કડાકા સાથે ૭૬,૪૨૪.૫૫ પોઇન્ટની નીચી સપાટી સુધી પટકાઇને સત્રને અંતે ૧૩૫૨.૭૪ પોઇન્ટ અથવા તો ૧.૭૧ ટકાના કડાકા સાથે ૭૭,૫૬૬.૧૬ પોઇન્ટની સપાટીએ અને નિફ્ટી ૪૨૨.૪૧ પોઇન્ટ અથવા તો ૧.૭૩ ટકાના ઘટાડા સાથે ૨૪,૦૨૮.૦૫ની સપાટીએ સ્થિર થયો હતો.

સેન્સેક્સ પર મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, ઇન્ડિગો, એશિયન પેઇન્ટ્સ, મારુતિ સુઝુકી, આઇસીઆઇસીઆઇ બેંક અને એક્સિસ બેંકના શેર સૌથી વધુ વધ્યા હતા, જ્યારે ઇન્ફોસિસ, ઇટર્નલ, રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ સૌથી વધુ ઘટ્યા હતા. ટ્રમ્પ દ્વારા યુદ્ધના સંભવિત અંતના સંકેત આપ્યા બાદ, ક્રૂડ ઓઇલના ભાવમાં તીવ્ર ઘટાડા પછી વૈશ્વિક સેન્ટિમેન્ટમાં સુધારો દલાલ સ્ટ્રીટ દ્વારા પ્રતિબિંબિત થયો હતો. જોકે, ભારત વીઆઇએક્સના ઊંચા સ્તરોએ બજારમાં અનિશ્ચિતતાનો સંકેત આપવાનું ચાલુ રાખ્યું હોવાનું જિયોજિતના રિસર્ચ હેડ વિનોદ નાયરે જણાવ્યું હતું. વ્યાપક બજારોએ બેન્ચમાર્ક સૂચકાંકો કરતાં વધુ સારું પ્રદર્શન કર્યું, મોટાભાગના ક્ષેત્રો હકારાત્મક ક્ષેત્રમાં ટ્રેડ થઈ રહ્યા હતા.

સરકારે આ ક્ષેત્રને ગેસ ફાળવણીને પ્રાથમિકતા આપ્યા પછી ખાતરના શેરોમાં સુધારો થયો, જ્યારે ગેસ ફાળવણીમાં ઘટાડો થવાને કારણે તેલ અને ગેસના શેરોમાં થોડો સુધારો જોવા મળ્યો. રોકાણકારો ભૂ-રાજકીય તણાવમાં ઘટાડાના સંકેતો પર નજીકથી નજર રાખી રહ્યા છે. નિફ્ટીએ સારી રિકવરી કરી અને અસ્થિર સત્ર પછી દિવસનો અંત વધારા




સાથે થયો. જોકે, ઇન્ડેક્સ પ્રતિકાર ક્ષેત્રની નજીક આવી રહ્યો હોય તેવું લાગે છે અને ૨૪૩૦૦-૨૪૩૫૦ રેન્જ એક એવા ક્ષેત્ર તરીકે કાર્ય કરી શકે છે જ્યાં વેચાણકર્તાઓ બજારમાં ફરીથી પ્રવેશવાનો પ્રયાસ કરી શકે છે, એમ કહેતા એલકેપી સિક્યોરિટિઝના રૂપક ડેએ જણાવ્યું કે, એકંદરે, ઉછાળે વેચવાલી ચાલુ રહેવાની સંભાવના છે.

નકારાત્મક બાજુએ, તાત્કાલિક સપોર્ટ ૨૪૧૫૦ પર મૂકવામાં આવ્યો છે; આ સ્તરથી નીચે વિરામ નવેસરથી વેચાણ દબાણને ઉત્તેજિત કરી શકે છે. જો ઇન્ડેક્સ ૨૪૧૫૦થી નીચે સરકી જાય, તો તે ૨૩૮૦૦ તરફ વધુ ઘટી શકે છે. દરમિયાન એમ્ફીના ડેટા અનુસાર ફેબ્રુઆરીમાં ઇક્વિટી મ્યુચ્યુઅલ ફંડ ઇનફ્લો આઠ ટકા વધીને રૂ. ૨૫,૯૭૭ કરોડ અને એસઆઇપી ઇનફ્લો ચાર ટકા ઘટીને રૂ. ૨૯,૮૪૫ કરોડ થયો છે.

બજારને રિબાઉન્ડમાં મદદ કરનારા પાંચ મુખ્ય ટ્રિગર્સમાં ઈરાન-ઇઝરાયલ યુદ્ધ ટૂંક સમયમાં સમાપ્ત થવાના અમેરિકાના સંકેત, ભારે તેજી પછી ક્રૂડ ઓઇલનું ૯૦ની નીચે સરકી જવું, ડોલર સામે રૂપિયામાં સુધારો, અમેરિકન બોન્ડ યીલ્ડમાં ઘટાડો અને વૈશ્વિક ઇક્વિટી માર્કેટમાં જોવા મળેલો સુધારો સામેલ છે. નિફ્ટીમાં સૌથી વધુ ફાયદો શ્રીરામ ફાઇનાન્સ, ઇન્ટરગ્લોબ એવિએશન, આઇશર મોટર્સ, ટાટા મોટર્સ પેસેન્જર વ્હીકલ, ખખ હતા, જ્યારે નુકસાન કરનારાઓમાં ઇન્ફોસિસ, એટરનલ, ભારતી એરટેલ, ટીસીએસ, રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝનો સમાવેશ થાય છે.

ટ્રેડિંગ સત્ર દરમિયાન વ્યાપક બજારોએ બેન્ચમાર્ક સૂચકાંકો કરતાં વધુ સારું પ્રદર્શન કર્યું. નિફ્ટી મિડકેપ ૧૦૦ ૧.૬૨ ટકા વધ્યો, જ્યારે નિફ્ટી સ્મોલકેપ ૧૦૦ ૨.૧૨ ટકા વધ્યો. ક્ષેત્રીય સૂચકાંકોમાં, નિફ્ટી ઓટો ટોચના લાભકર્તા તરીકે ઉભરી આવ્યો. નિફ્ટી કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ અને નિફ્ટી ફાઇનાન્શિયલ સર્વિસિસ એક્સ-બેંકે પણ સત્ર દરમિયાન નોંધપાત્ર વધારો નોંધાવ્યો.

જોકે, તેજી તમામ ક્ષેત્રોમાં એકસરખી નહોતી. ક્ષેત્રીય સૂચકાંકોમાં નિફ્ટી આઇટી સૌથી ખરાબ પ્રદર્શન કરનાર તરીકે બંધ થયો, જ્યારે નિફ્ટી ઓઇલ અને ગેસ પણ વ્યાપક બજારથી પાછળ રહ્યો હતો.

વૈશ્વિક બજારો અને ઇંધણના ભાવમાં તાજેતરમાં અસ્થિરતા પેદા કરનારી ભૂ-રાજકીય ચિંતાઓને હળવી કરવા માટે રોકાણકારોએ સકારાત્મક પ્રતિક્રિયા આપતાં સ્થાનિક ઇક્વિટીમાં તેજી આવી હતી.

## એક્સેચન્જના માર્કેટ કૅપમાં ₹ ૫.૯૪ લાખ કરોડનો વધારો

મુંબઇઃ શેરબજારમાં જોવા મળેલી રેલીને આધારે રોકામકારોની સંપત્તિમાં મંગળવારે સહેજ વધારો થયો હતો. સત્ર દરમિયાન ઓટો, કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ અને સર્વિસીસ ઈન્ડેક્સ સર્વાધિક વધ્યા હતા, જ્યારે આઈટી, ઓઈલ એન્ડ ગેસ અને એનર્જી શેરો ઘટ્યા હતા અને માર્કેટ કેપમાં રૂ.૫.૯૪ લાખ કરોડની વૃદ્ધિ નોંધાઇ હતી. મંગળવારના સત્રમાં સેન્સેક્સની ૩૦ સ્ક્રિપમાંથી ૨૫ સ્ક્રિપ્સ વધી અને પાંચ સ્ક્રિપ ઘટી હતી. બ્રોડ બેઝ્ડ ઈન્ડાયસીસમાં બીએસઈ ૧૫૦ મિડકેપ ૧.૬૬ ટકા અને બીએસઈ ૨૫૦ સ્મોલકેપ ૨.૦૪ ટકા વધ્યા હતા. સ્ટ્રેટેજી ઈન્ડાયસીસમાં બીએસઈ આઈપીઓ ઈન્ડેક્સ ૨.૬૬ ટકા અને બીએસઈ એસએમઈ આઈપીઓ ૦.૮૧ ટકા વધ્યા હતા. માર્કેટ કેપિટલાઈઝેશન રૂ.૪૪૧.૧૦ લાખ કરોડથી રૂ.૫.૯૪ લાખ કરોડ વધીને રૂ.૪૪૭.૦૪ લાખ કરોડ રહ્યું હતું. મંગળવારે બીએસઈ સેન્સેક્સ સોમવારના ૭૭,૫૬૬.૧૬ના બંધથી ૬૩૯.૮૨ પોઈન્ટ્સ અથવા ૦.૮૨ ટકા વધ્યો હતો. સેન્સેક્સ ૭૮,૩૭૫.૭૩ ખૂલી નીચામાં ૭૭,૭૪૫.૪૭ સુધી અને ઊંચામાં ૭૮,૫૨૬.૨૫ સુધી જઈ ૭૮,૨૦૫.૯૮ બંધ રહ્યો હતો. બધા સેક્ટરલ ઈન્ડેક્સ ઘટ્યા હતા, જેમાં મુખ્યત્વે બીએસઈ ઓટો ૨.૯૩ ટકા, કંઝ્યુમર ડ્યુરેબલ્સ ૨.૬ ટકા, સર્વિસીસ ૨.૩૫ ટકા, મિડસ્મોલ પ્રાઈવેટ બેન્ક્સ ક્વોલિટી ૨.૩૧ ટકા, પીએસયુ બેન્ક ૨.૨૯ ટકા, કંઝ્યુમર ડિસ્ક્રેશનરી ૨.૦૭ ટકા, ફાઈનાન્સિયલ સર્વિસીસ ૨.૦૧ ટકા, કોમોડિટીઝ ૧.૭૪ ટકા અને બેન્કેક્સ ૧.૭૩ ટકા વધ્યા હતા, જ્યારે ઈન્ફોર્મેશન ટેકનોલોજી ૦.૨૫ ટકા, એનર્જી ૦.૧૬ ટકા અને ફોકસ્ડ આઈટી ૦.૦૬ ટકા ઘટ્યા હતા.

## પશ્ચિમ એશિયાનું યુદ્ધ અટકવાની આશા વચ્ચે સોનાચાંદીમાં હળવો ઉછાળો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ અમેરિકાએ ઇરાન સાથેનું યુદ્ધ વહેલુ પુરું થઇ જવાનો વિશ્વાસ જાહેર કર્યો હોવાથી ફુગાવામાં ઉછાળો આવવાનો ભય હળવો થવા સાથે સેન્ટ્રલ બેન્કો દ્વારા વ્યાજદરોમાં વધારો થવાની શક્યતા પણ ઘટી હોવા ઉપરાંત ડોલર નબળો પડ્યો હોવાથી વિશ્વબજારમાં સુધારાના અહેવાલો વચ્ચે સ્થાનિક બુલિયન બજારમાં પણ સોનાચાંદીના ભાવમાં સુધારો જોવા મળ્યો હતો.

ફોરેક્સ માર્કેટમાં મંગળવારે ભારતીય રૂપિયો ૫૩ પૈસા વધીને ૯૧.૮૦ પ્રતિ ડોલર પર બંધ થયો, જે અગાઉ ૯૨.૩૩ના વિક્રમી નીચા સ્તરે બંધ રહ્યો હતો.

જોકે, સત્ર પુરુ થવા સુધીમાં ઇરાનના હુમલા હજુ ચાલુ રહ્યા હોવાના અને ઇરાન સરળતાથી નમતું નહી જોખે એવા અહેવાલો વચ્ચે સોના અને ચાંદી બંને કિમતી ધાતુના ભાવમાં ખૂલતા ભાવ સામે ઘટાડો જોવા મળ્યો હતો. સત્રને અંતે શુદ્ધ સોનાના ભાવ દસ ગ્રામે રૂ. ૧૫૧૪ના સુધારા સાથે રૂ.



૧,૬૦,૧૮૮ની સપાટીએ અને સ્ટાન્ડર્ડ સોનાના ભાવ રૂ. ૧૫૦૮ના સુધારા સાથે રૂ. ૧,૫૯,૫૪૭ની સપાટીએ બંધ રહ્યા હતા. જ્યારે હાજર ચાંદીના ભાવ કિલો રૂ. ૧૦,૮૮૮ના સુધારા સાથે રૂ. ૨,૭૦,૯૪૪ની સપાટીએ સ્થિર થયા હતા.

વિશ્વબજાર પાછળ ખુલતા સત્રમાં ૯૯૯ ટચનું શુદ્ધ સોનું રૂ. ૧,૫૮,૬૭૪ના પાછલા બંધ સામે રૂ. ૧,૭૬૪ પ્રતિ દસગ્રામના સુધારા સાથે રૂ.૧,૬૦,૪૩૬ની સપાટીએ અને ૯૯૫ ટચનું સ્ટાન્ડર્ડ સોનું રૂ. ૧,૫૮,૦૩૯ના પાછલા બંધ સામે રૂ.૧,૭૫૫ના સુધારા સાથે રૂ. ૧,૫૯,૭૯૪ની સપાટીએ ખુલ્યું હતું. જ્યારે .૯૯૯ ટચની હાજર ચાંદી રૂ. ૨,૬૦,૦૫૬ના પાછલા બંધ સામે રૂ. ૧૨,૭૭૪ પ્રતિ કિલોના ઉછાળા સાથે રૂ. ૨,૭૨,૮૩૦ની સપાટીએ ખૂલી હતી.

આંતરરાષ્ટ્રીય બજારમાં સ્પોટ ગોલ્ડ ૦.૮ ટકાના સુધારા સાથે સવારના સત્રમાં ઔંશ દીઠ ૫૧૭૯.૫૨ ડોલર બોલાયું હતું. જ્યારે યુએસ ગોલ્ડ ફ્યુચર્સ એપ્રિલ ડિલિવરી ૧.૭ ટકાના ઉછાળા સાથે ૫,૧૮૮.૭૦ ડોલર પ્રતિ ઔંશ બોલાયું હતું. એ જસાથે સ્પોટ સિલ્વર ત્રણ ટકાના જોરદા ઉછાળા સાથે ૮૯.૬૦ ડોલર પ્રતિ ઔંશ બોલાí હતી. સ્થાનિક વાયદા બજારમાં ઓનલાઇન પ્લેટફોર્મ પર સવારે એપ્રિલ ગોલ્ડ ફ્યુચર્સ રૂ. ૧૪૯૨ અથવા ૧.૧ ટકાના ઉછાળા સાથે રૂ. ૧,૬૧,૭૯૧ પ્રતિ દસ ગ્રામ અને મે ડિલિવરી ચાંદી રૂ. ૧૧,૧૭૯ અથવા ચાર ટકાના ઉછાળા સાથે રૂ. ૨,૭૮,૩૩૯ પ્રતિ કિલો બોલાઇ હતી.

## ક્રૂડમાં જોરદાર કડાકો, શું અમેરિકા-ઈરાન યુદ્ધ થંભી જશે?

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અખાતી દેશમાં ચાલી રહેલું યુદ્ધ જલ્દી સમાપ્ત થઈ જશે એવી અમેરિકાની ઈશારતને પગલે ક્રૂડ ઓઈલના ભાવમાં ઊંચી સપાટી સામે ૧૧ ટકાનો કડાકો બોલાઈ ગયો હોવાના સવારે અહેવાલ હતા અને તેને કારણે વિશ્વભરના અર્થતંત્રોએ રાહતનો શ્વાસ લીધો હતો. હાલ અનેક દેશ એલપીજીની અથતને કારણે મુશ્કેલીમાં મુકાયા છે.

નોંધવું રહ્યું કે, ઈરાની યુદ્ધને કારણે ક્રૂડ ઓઈલનું પરિવહન ખોરવાઈ જતા આખી દુનિયામાં ઇંધણની અછત વર્તાઈ રહી છે અને તેને કારણે ક્રૂડ ઓઈલના ભાવ જોરદાર ઊછાળા સાથે બેરલ દીઠ ૧૨૦ ડોલરની સપાટી વટાવી ગયા હતા. જોકે, ટ્રમ્પે યુદ્ધ વહેલું સમેટી લેવાના આપેલા સંકેતને પગલે રિવર્સ ગિયરમાં ક્રૂડના ભાવ પ્રતિ બેરલ દીઠ ૧૨૦ ડોલરથી ઘટીને લગભગ ૯૦ ડોલરની નીચે આવતા યુએસ શેરબજારો ઊંચી સપાટીએ બંધ થયા છે.

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું છે કે ઈરાન યુદ્ધ ટૂંક સમયમાં સમાપ્ત થઈ શકે છે. મને લાગે છે કે યુદ્ધ ખૂબ જ પૂર્ણ થઈ ગયું છે, એમ જણાવતા ટ્રમ્પે દાવો કર્યો હતો કે ઈરાન પાસે નૌકાદળ નથી, કોઈ સંદેશાવ્યવહાર નથી, તેમની પાસે કોઈ હવાઈ દળ નથી. તેમની મિસાઇલોનું માળખું વેરવિખેર થઈ ગયું છે. તેમના ડ્રોન વ્યવસ્થાને બધેથી ઉડાવી દેવામાં આવી છે, જેમાં તેમના ડ્રોન ઉત્પાદન સવલતો પણ સામેલ છે.

ટ્રમ્પે કહ્યું, જો તમે ખરું જુઓ તો, તેમની પાસે કંઈ બચ્યું નથી. લશ્કરી દ્રષ્ટિએ કંઈ બચ્યું નથી. ટ્રમ્પે દાવો કર્યો હતો કે મધ્ય પૂર્વ કામગીરી માટે અમેરિકા તેના મૂળ સમયપત્રકમાં આગળ છે. અમારી કામગીરી વહેલી સમાપ્ત થઈ શકે છે.

નોંધવું રહ્યું કે, ઈરાન અને ઇઝરાયલ-યુએસ વચ્ચેના યુદ્ધની ભીષણતામાં સતત વધારો થઇ રહ્યો હોવાથી ક્રૂડ ઓઇલના ભાવમાં સોમવારે જબરો ઉછાળો આવ્યો હતો અને તે બેરલ દીઠ ૧૨૦ ડોલર સુધી પહોંચી ગયું હતું. એ જ સાથે ડોલર સામે રૂપિયો નવી ઐતિહાસકિ નીચી સપાટીએ પટકાવાને કારણે મેક્રોઇકોનોમિક્સ પર ચિંતા વધી જવાથી વેચવાલીનું દબાણ તીવ્ર બની રહ્યું છે. જોકે, મંગળવારે રૂપિયો લગભગ ૫૬ પૈસા ઊછળ્યો છે અને ટ્રમ્પના ઉપરોક્ત વિધાન પછી પરિસ્થિતિમાં થોડી રાહત થઇ છે.

કુવૈત, યુએઈ, સાઉદી અરેબિયા, ઈરાક અને કતારે તેમના ઓઇલ ઉત્પાદનમાં આંશિક બંધની પુષ્ટિ કરી છે. રોઇટર્સના જણાવ્યા અનુસાર, યુએસ-ઈરાન યુદ્ધ વચ્ચે કતારે બુધવારે ગેસ નિકાસ પર જાહેર કરેલી બંધીને કારણે ગ્લોબલ માર્કેટમાં ગેસની અછત સર્જાશે કારણ કે કતાર ગ્લોબલ લિક્વિફાઇડ નેચરલ ગેસનો વીસ ટકા હિસ્સો સપ્લાય કરે છે. આ બધા ટ્રિગર્સ જોતા આગામી થોડા સત્રોમાં ક્રૂડ ઓઇલના ભાવ પ્રતિ બેરલ ૧૫૦ ડોલર સુધી પહોંચવાની શક્યતા દર્શાવાઈ રહી હતી.

અમેરિકન રાષ્ટ્રપતિ ડોનલ્ડ ટ્રમ્પ દ્વારા રશિયન ક્રૂડ ઓઇલ ખરીદવા માટે ભારત સરકારને કથિત રીતે આપવામાં આવેલી એક મહિનાની છૂટ બાદ, બજારનો અંદાજ છે કે અમેરિકન વહીવટીતંત્ર પણ માને છે કે અમેરિકા-ઈરાન યુદ્ધ એક મહિનામાં સમાપ્ત નહીં થાય. જોકે ટ્રમ્પના નવા કથન અને દાવાથી આશાવાદ જાગ્યો છે. ઓઇલના ભાવમાં સતત વધારો ભારતની ખાધ તથા ફુગાવો વધારીને આરબીઆઇના નાણાકીય વલણ પર પ્રતિકૂળ અસર કરી શકે છે. આ સ્થિતિમાં ક્રૂડના ભાવનો ઘટાડો એક રાહતના સમાચાર છે.

## ચાઈનીઝ રોકાણકારો માટે સરકારે એફડીઆઇ નિયમો હળવા બનાવ્યાં

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ સરકારે ચીન અને ભારત સાથે જમીન સરહદ ધરાવતા અન્ય દેશો માટે સીધા વિદેશી રોકાણને લગતા નિયમો હળવા બનાવ્યાં છે. વડાપ્રધાન મોદીની અધ્યક્ષતામાં મળેલી કેન્દ્રીય મંત્રીમંડળની બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો હોવાનું સાધનોએ જણાવ્યું હતું.

સૂત્રોએ જણાવ્યું હતું કે સરકારે મંગળવારે ભારત સાથે જમીન સરહદ ધરાવતા ચીન સહિત તમામ પાડોશી દેશોના સીધા વિદેશી રોકાણ માટેના નિયમો (એફડીઆઇ રૂલ્સ) હળવા કર્યા છે. તેમણે જણાવ્યું હતું કે ૨૦૨૦ની પ્રેસ નોટ થ્રીમાં આ સંદર્ભમાં સુધારો કરવામાં આવ્યો છે. આ પ્રેસ નોટ હેઠળ, આ દેશોના શેરધારકો ધરાવતી વિદેશી કંપનીઓને ભારતમાં કોઈપણ ક્ષેત્રમાં રોકાણ માટે ફરજિયાત સરકારી મંજૂરીની જરૂર પડે છે.

ભારત સાથે જમીન સરહદ ધરાવતા દેશો ચીન, બાંગ્લાદેશ, પાકિસ્તાન, ભૂતાન, નેપાળ, મ્યાનમાર અને અફઘાનિસ્તાન છે. એપ્રિલ ૨૦૦૦થી ડિસેમ્બર ૨૦૨૫ દરમિયાન ભારતમાં નોંધાયેલા કુલ એફડીઆઇ ઇક્વિટી પ્રવાહમાં ચીન માત્ર ૦.૩૨ ટકા હિસ્સો (૨.૫૧ અબજ ડોલર) સાથે ૨૩મા સ્થાને છે. જૂન ૨૦૨૦માં ગાલવાન ખીણમાં થયેલી ભીષણ અથડામણ બાદ બંને દેશો વચ્ચેના સંબંધોમાં નોંધપાત્ર ઘટાડો થયો હતો, જે દાયકાઓમાં બંને પક્ષો વચ્ચેનો સૌથી ગંભીર લશ્કરી સંઘર્ષ હતો. આ તણાવ બાદ, ભારતે ૨૦૦થી વધુ ચાઇનીઝ મોબાઇલ એપ્લિકેશનો પર પ્રતિબંધ મૂક્યો હતો.

## પ્રત્યેક ડીઆરએચપી માટે સેબીની લગભગ ૧૦૦ ટિપ્પણી, પચાસ ટકા જોખમ પરિબળો પર કેન્દ્રિત

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ આઇપીઓ સંદર્ભની નિયમનકારી પ્રક્રિયા સંદર્ભે હાથ ધરાયેલા એક અભ્યાસમાં જાણવા મળ્યું છે કે, સેબી દરેક ડીઆરએચપી સમીક્ષા દીઠ લગભગ ૧૦૦ ટિપ્પણીઓ જારી કરે છે, જેમાં લગભગ અડધા જોખમ પરિબળો પર ધ્યાન કેન્દ્રિત કરે છે. મુખ્ય ક્ષેત્રોમાં જોખમ સ્થાનાંતરણ, ટેરિફ અસર, એકાગ્રતા, નાણાકીય જોખમો અને નિયમનકારી પાલનનો સમાવેશ થાય છે.

મૂડી બજાર નિયમનકાર સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી) નિયમનકારી સમીક્ષા દરમિયાન તેમના ડ્રાફ્ટ ઓફર દસ્તાવેજ (ડીઆરએચપી) ફાઇલ કરનાર કંપનીઓને સરેરાશ ૧૦૦ ટિપ્પણીઓ જારી કરે છે. આ ટિપ્પણીઓમાંથી, લગભગ અડધી ટિપ્પણીઓ ડીઆરએચપીમાં જોખમ પરિબળ ભાગ સંબંધિત હોવાનું એક રિસર્ચ અહેવાલમાં જણાવાયું છે.

આ પ્રક્રિયા દરમિયાન બજાર નિયામક દ્વારા માગવામાં આવેલી ટિપ્પણીઓ અને સ્પષ્ટતાઓ ઘણીવાર ફક્ત કંપની-વિશિષ્ટ ચિંતાઓ જ નહીં પરંતુ મૂડી બજારોમાં વ્યાપક નિયમનકારી અપેક્ષાઓ અને ઉભરતા ફોકસ ક્ષેત્રોને પણ પ્રકાશિત કરે છે, અભ્યાસમાં જણાવાયું છે.

લગભગ ૪૬ ટકા અવલોકનો જોખમ પરિબળો વિભાગ સાથે સંબંધિત છે, કારણ કે કંપનીઓને ઈશ્યુ માં સબ્સ્ક્રાઇબ કરતી વખતે રોકાણકારો જે સંભવિત જોખમોનો સામનો કરી શકે છે તેના સ્પષ્ટ, ચોક્કસ અને વ્યાપક ખુલાસો પ્રદાન કરવાની જરૂર છે.

આ ભાર સેબીના વ્યાપક ઉદ્દેશ્ય સાથે સુસંગત છે કે રોકાણકારો કંપનીના ભાવિ પ્રદર્શનને અસર કરી શકે તેવા તમામ ભૌતિક પડકારો અને અનિશ્ચિતતાઓથી સંપૂર્ણપણે માહિતગાર હોય, એમ અહેવાલમાં જણાવાયું છે.

જોખમ પરિબળ ટિપ્પણીમાં, સેબી સામાન્ય રીતે આ બાબતો પર ધ્યાન કેન્દ્રિત કરે છે :-

જોખમનું સ્થાનઃ સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી) એ બાબત પર ભાર મૂકે છે કે જોખમ પરિબળોને મહત્વ અને ભૌતિકતા દ્વારા સૂચિબદ્ધ કરવામાં આવે જેથી રોકાણકારો સૌથી મહત્વપૂર્ણ જોખમો, ખાસ કરીને ટોચના ૫, ૧૦ અને ૨૫ સરળતાથી ઓળખી શકે.

ટેરિફ અસરઃ યુએસ દ્વારા લાદવામાં આવેલા સંભવિત પારસ્પરિક ટેરિફથી ઉદ્ભવતા જોખમોનું ખુલાસો

એકેન્દ્રીકરણ જોખમઃ સપ્લાયર/ગ્રાહક એકાગ્રતા અને ગ્રાહકોની ભૌગોલિક એકાગ્રતા પર વિગતો.

ક્વોન્ટિટેટિવ હેડિંગ્સઃ જોખમ શીર્ષકોમાં સામાન્ય હોવાને બદલે મુખ્ય માત્રાત્મક અને ગુણાત્મક વિગતો શામેલ હોવી જોઈએ.

લાંબા ગાળાના કરારોનો અભાવઃ જો કંપની પાસે લાંબા ગાળાના વિક્રેતા કરારોનો અભાવ હોય, તો આને જોખમ પરિબળ તરીકે જાહેર કરવું આવશ્યક છે.

નિર્દેશકોનો અનુભવઃ બિનઅનુભવી ડિરેક્ટરોથી સંબંધિત જોખમોનો ખુલાસો.

પ્રમોટર્સ સાથેના વ્યવહારોઃ પ્રમોટર્સ, પ્રમોટર જૂથ સંસ્થાઓ અથવા સંબંધિત પક્ષો સાથેના ભૌતિક વ્યવહારો માટે સ્પષ્ટ સમજૂતી અને વ્યાપારી તર્ક.

નાણાકીય જોખમોઃ નકારાત્મક ઓપરેટિંગ રોકડ પ્રવાહ, વધતી કાર્યકારી મૂડીની જરૂરિયાતો અથવા નફાકારકતાનો અભાવ જેવા મુદ્દાઓનો ખુલાસો.

ઉત્પાદન સુવિધાઃ ઉત્પાદન સુવિધાઓ અપ્રચલિત થવાનું જોખમ.

ઓએફએસ અસરઃ જ્યાં આઇપીઓ સંપૂર્ણપણે વેચાણ માટે ઓફર (ઓએફએસ) હોય, ત્યાં જારીકર્તાઓએ જણાવવું આવશ્યક છે કે કંપનીને કોઈ આવક પ્રાપ્ત થશે નહીં.

## મધ્યપૂર્વના દેશોમાં ચાલી રહેલા યુદ્ધને કારણે ચીનને અબજો ડોલરનું નુકસાન

મુંબઇઃ વિશ્વમાં એક તરફ છેલ્લા ચાર વર્ષથી રશિયા-યુક્રેનનું યુદ્ધ ચાલી રહ્યું છે, તો બીજી તરફ અમેરિકા-ઈઝરાયલ ઈરાન પર ભાયનક હુમલા કરી રહ્યું છે. હુમલામાં સુપ્રીમ લીડર આયતુલ્લા અલી ખામેનેઈનું મોત થયા બાદ ઈરાન વધુ અક્રમક બની ગયું છે અને તે અમેરિકા-ઈઝરાયલ સાથે લડવાની સાથે પડોશી દેશો કુવૈત, સંયુક્ત આરબ અમીરાત, બહેરીન સહિતના દેશો પર મિસાઇલો ઝિંકી રહ્યું છે. મધ્ય-પૂર્વની આ ભયાનક પરિસ્થિતિની અસર સમગ્ર વિશ્વ પર પડી રહી છે.

ઈરાને વેપાર માટેનો સૌથી વ્યસ્ત જળમાર્ગ હોર્મુઝ પર કોઈપણ કન્ટેનરની અવર-જવર પર પ્રતિબંધ મૂકી દીધો છે, જેના કારણે ત્યાં ક્રૂડ ઓઇલના જથ્થા સહિતના ઉત્પાદનો અટકી પડ્યા છે. આ કારણે ક્રૂડ ઓઇલના ભાવો આસમાને પહોંચી ગયા છે, શેર માર્કેટ ક્રેશ થવા લાગ્યું છે, વૈશ્વિક સપ્લાયનો માર્ગ તૂટી જવાથી ખાતરથી ખોરાક સુધી અનેક મુશ્કેલી ઊભી થઈ છે.

યુદ્ધની વર્તમાન સ્થિતિ મુજબ, જો યુદ્ધ બંધ નહીં થાય તો વિશ્વના અનેક દેશો ભૂખમરાનો શિકાર બની જશે. યુદ્ધમાં અબજો રૂપિયા વેડફી નંખાયા છે, પરંતુ તેનો સૌથી મોટો લાભ રશિયાનો થયો છે. યુદ્ધના કારણે રશિયાનો ખજાનો ભરાઈ રહ્યો છે, જ્યારે ચીનને અબજો ડોલરનું નુકસાન થઈ રહ્યું છે. મધ્ય-પૂર્વનું યુદ્ધ અને સ્ટ્રેટ ઑફ હોર્મુઝ બંધ થવાના કારણે વૈશ્વિક માર્કેટમાં તેલ અને ગેસની કિંમતો આસમાને પહોંચી ગઈ છે. પ્રતિ બેરલ ક્રૂડ તેલની કિંમત ૧૧૦ ડોલર પાર કરી ગઇ હતી. ઈરાનમાં યુદ્ધના કારણે ચીનને ડબલ ફટકો પડ્યો છે. ચીન ઈરાની તેલનો સૌથી મોટો ખરીદદાર હતો અને ભારે ડિસ્કાઉન્ટ પર ક્રૂડ તેલ ખરીદી રહ્યો હતો. ઈરાનનું ૯૦ ટકા તેલ ચીન પહોંચતું હતું, જોકે યુદ્ધના કારણે આ સ્રોત બંધ થઈ ગયો છે. એટલું જ નહીં ચીનના ૪૦૦ અબજ ડોલર પણ ફસાઈ ગયા છે. કેટલાક દાયકાઓથી ચીન ઈરાન સાથે મિત્રતા વધારી રહ્યું છે. આ જ કારણે તેણે ઈરાનમાં ભારે રોકાણ કર્યું છે.

માર્ચ-૨૦૨૧માં ચીન-ઈરાને ભાગીદારી પર હસ્તાક્ષર કર્યા હતા. ચીને ઈરાનમાં બેલ્ટ એન્ડ રોડ અનિશિએટિવ હેઠળ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને એનર્જી ઇન્વેસ્ટમેન્ટમાં ૪૦૦ અબજ ડોલરનું રોકાણ કરવાનું વચન આપ્યું છે, જોકે અમેરિકાના હુમલાના કારણે ચીનની યોજના પર પાણી ફરી ગયું છે. ક્રૂડ અને રોકાણ, બંને ચીનના હાથમાંથી સરકી ગયા છે.

જોકે, ઈરાને હોર્મુઝનો માર્ગ બંધ કરી દેતાં રશિયન તેલની માગમાં ધરખમ વધારો થયો છે. થોડા મહિનાઓ પહેલા જ અમેરિકન રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ભારત સહિત વિશ્વના દેશોને રશિયા પાસેથી ક્રૂડ ઓઇલ ન ખરીદવાનો આદેશ આપ્યો હતો અને આ માટે તેમણે દબાણ પણ કર્યું હતું. ત્યારે હવે સ્થિતિ બદલાઈ ગઈ છે અને અમેરિકા ભારતને રશિયા પાસેથી તેલ ખરીદવાની વાત કહી રહ્યું છે.

ઉલ્લેખનીય છે કે, અમેરિકા વારંવાર કહેતું હતું કે, જે દેશો રશિયા પાસેથી તેલ ખરીદે છે, રશિયા તેઓના નાણા યુદ્ધ પાછળ વાપરી રહ્યું છે. આ કારણે અમેરિકા સહિત પશ્ચિમ દેશોએ રશિયન તેલ આયાત પર પ્રતિબંધ ઝિંકી દીધો હતો. ત્યારબાદ રશિયન રાષ્ટ્રપ્રમુખ વ્લાદિમીર પુતિને તેલ પર ભારે ડિસ્કાઉન્ટની ઓફર કરી હતી, જેનો ભારત અને ચીન પૂરો ફાયદો ઉઠાવીને રશિયા પાસેથી સસ્તું તેલ ખરીદી રહ્યા હતા.

### રશિયા યુદ્ધનો ભરપૂર ફાયદો ઉઠાવી રહ્યું છે

રશિયાએ પોતાના તેલ પરનું ડિસ્કાઉન્ટ ઘટાડી દીધું છે. ૨૮ ફેબ્રુઆરી પહેલા પ્રતિ બેરલ રશિયન તેલ પર ૧૦થી ૧૩ ડોલરના ડિસ્કાઉન્ટ હતું, જોકે હવે તે ઘટીને ચારથી પાંચ ડોલર કરી દેવાયું છે. ભારતીય ઓઇલ કંપની ઇંડીઓએ ફેબ્રુઆરીમાં ૧૩ ડોલરના ડિસ્કાઉન્ટ પર રશિયા પાસેથી તેલના બે કાર્ગો મંગાવ્યા હતા, જોકે હવે તમામ દેશો માટે આ ડિસ્કાઉન્ટ બંધ કરી દેવાયું છે. એટલે કે, આ યુદ્ધથી રશિયન સરકારી ખજાનો ભરાશે. હાલ રશિયન ક્રૂડ ઓઇલની માંગ વધી રહી છે. માત્ર ભારત જ નહીં યુરોપના દેશો પણ રશિયા પાસેથી ખરીદી કરવાનું વિચારી રહ્યા છે.

# ભુજમાં સસ્તા સોનાની લાલચ આપી રૂ.૨૮ લાખની છેતરપિંડી કરનાર ફરાર આરોપી ઝડપાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: આંતરરાષ્ટ્રીય બજાર ભાવ કરતાં સસ્તા ભાવે ઈમ્પોર્ટેડ સોનાની જાળ બિછાવી રાજસ્થાનના એક શખ્સ સાથે રૂ.૨૮ લાખની છેતરપિંડી આચરવાના ગુનામાં છેલ્લા બે મહિનાથી પોલીસને થાપ આપી રહેલા ભુજની ઉમેદનગર સોસાયટીમાં રહેતા અંકુર પ્રદીપ જોશીને સ્થાનિક ગુન્હાશોધક શાખાએ પૂર્વ બાતમીના આધારે ભુજના કોટ અંદરના પાટવાડી નાકા પાસેની પકડી પાડ્યો હતો.

પ્રાપ્ત વિગતો મુજબ, અંદાજે બે વર્ષ પૂર્વે ઠગબાજોએ રાજસ્થાનના એક યુવકને સસ્તું ઈમ્પોર્ટેડ સોનું અપાવવાની લાલચ આપી વિશ્વાસમાં લીધો હતો. લાલચમાં આવી ગયેલા ફરિયાદી પાસેથી આરોપીઓએ કુલ રૂ.૨૮ લાખ પડાવી લીધા હતા, પરંતુ સોનું આપવાને બદલે છેતરપિંડી આચરી હતી. આ અંગે ભુજ 'એ' ડિવિઝન પોલીસ મથકે ગત ૨૪ ડિસેમ્બરના રોજ વિધિવત્ ફરિયાદ નોંધાવવામાં આવી હતી.

આ ગુનામાં સંડોવાયેલા ત્રણ મુખ્ય આરોપીઓ પૈકી અંકુર જોશી ધરપકડથી બચવા નાસતો-ફરતો હતો. આ દરમ્યાન પશ્ચિમ કચ્છ એલસીબીની ટુકડીને અંકુર જોશી ભુજના પાટવાડી નાકા આસપાસ હોવા અંગે પૂર્વ બાતમી પ્રાપ્ત થતાં એલસીબીએ તેને કોર્ડન કરીને ઝડપી લીધો હતો.

દરમ્યાન, આ છેતરપિંડીમાં સામેલ અન્ય આરોપીઓ અને નાણાંની રિકવરી અંગે પોલીસ હાલે વધુ તપાસ ચલાવી રહી છે. ■

# નખત્રાણામાં ઓનલાઇન છેતરપિંડીના 'મ્યૂલ એકાઉન્ટ' કૌભાંડમાં કથિત પત્રકાર સહિત બે આરોપી જેલહવાલે

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: દેશભરમાં સતત વધી રહેલા કરોડોના ઓનલાઇન ફ્રોડના કિસ્સાઓ વચ્ચે કચ્છમાં 'મ્યૂલ બેંક એકાઉન્ટ' (ભાડે આપેલા ખાતા) દ્વારા થતી છેતરપિંડીનો વધુ એકવાર મોટો ખુલાસો થયો હતો. નખત્રાણામાં નોંધાયેલી એક ફરિયાદની તપાસમાં કથિત પત્રકાર સહિત બે શખ્સોની સંડોવણી બહાર આવતા પોલીસે તેમની ધરપકડ કરી લીધી હતી.

પ્રાપ્ત વિગતો મુજબ, સાયબર ક્રાઈમ અને સ્થાનિક ગુન્હાશોધક શાખાની તપાસમાં 'સમન્વય પોર્ટલ' પરથી કેટલીક ચોંકાવનારી વિગતો મળી હતી. દેશના અલગ-અલગ રાજ્યોમાં સાયબર ક્રિમિનલો દ્વારા આચરવામાં આવેલી ઓનલાઇન છેતરપિંડીના નાણાં કચ્છના નખત્રાણા ખાતે આવેલી એક્સિસ બેંકના એક ખાતામાં જમા થતા હોવાનું સામે આવ્યું હતું. આ ખાતું 'શ્રી આશાપુરા એસોસિયેટ'ના વિક્રમસિંહ સોઢાના નામે હોવાનું જાણવા મળ્યું હતું.

તપાસ દરમિયાન જાણવા મળ્યું કે તારીખ ૦૯-૧૦-૨૦૨૪ થી ૦૪-૦૧-૨૬ સુધીના સમયગાળામાં એક્સિસ બેંકના આ એક જ ખાતામાં કુલ રૂ. ૩૫,૯૪,૭૩૨ ના શંકાસ્પદ વ્યવહારો થયા હતા અને આ બેંક ખાતું દેશના વિવિધ રાજ્યોમાં નોંધાયેલી ઓનલાઇન છેતરપિંડીની કુલ ૧૮ ફરિયાદો સાથે જોડાયેલું હોવાનું ડિજિટલ ફૂટપ્રિન્ટ દ્વારા સાબિત થયું હતું. આ બેંક ખાતામાં વારસદાર તરીકે વિક્રમસિંહનું નામ હતું, પરંતુ ખાતાના તમામ ઓપરેશન અને દસ્તાવેજો નવલસિંહ સોઢા (નવુભા) પાસે હતા. આ ગુનામાં તેમના સંબંધી નરશી સોઢાની પણ ભૂમિકા બહાર આવી હતી.

નખત્રાણા પોલીસે ગત ૧૬-૧૨-૨૦૨૫ના રોજ આ મામલે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. ટેકનિકલ પુરાવાઓના આધારે નવલસિંહ અને નરશી સોઢાની ધરપકડ કરીને કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા, જ્યાંથી નામદાર કોર્ટે બંનેને જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલી આપવાનો આદેશ કર્યો હોવાનું જાણવા મળ્યું હતું. ■

# માંડવી બીચ પાસેથી બે પરપ્રાંતીય શખ્સો મેફેડ્રોન ડ્રગ્સ સાથે ઝડપાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છના માંડવી બીચ નજીકથી મધ્યરાત્રિએ પોલીસે ગુપ્ત ઓપરેશન હાથ ધરીને મહારાષ્ટ્ર પાસિંગની એસયુવી કારને આંતરીને મેફેડ્રોન ડ્રગ્સ સાથે બે યુવાનોની ધરપકડ કરી હતી. ગોવા બીચ જેમ માંડવી બીચ પાસે નશાનો કારોબાર કરી રહેલા આ પરપ્રાંતીય શખ્સો પાસેથી પોલીસે કુલ રૂ. ૭,૪૬,૫૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

માંડવી પોલીસ મથકના પીએસઆઈ એમ. કે. પરમારે આ અંગે માહિતી આપતાં જણાવ્યું હતું કે, પેટ્રોલિંગ દરમ્યાન એક સફેદ રંગની કારમાં બે યુવાઓ માદક પદાર્થ લઈને બીચ આસપાસ ફરી રહ્યા હોવા અંગે પૂર્વ બાતમી મળી હતી જેના આધારે પોલીસે માંડવી બીચ રોડ પર આવેલા ટોલનાકા પાસે પંચોની હાજરીમાં નાકાબંધી કરી હતી.

આ વેળાએ અહીંથી પસાર થયેલી શંકાસ્પદ કારને અટકાવી તપાસ કરતા તેમાં સવાર મોહમદ મોહિબૂર રહેમાન અબ્દુલહનાન (રહે. કોડાય પુલ, મૂળ ઝારખંડ), મોહમદ મનસૂર આલમ મોહમદ અબુશેખ (રહે. કુકમા, મૂળ પૂણે-મહારાષ્ટ્ર)ની પોલીસે અંગઝડતી લેતાં ૧૦.૫૦ ગ્રામ મેફેડ્રોન (એમ.ડી) ડ્રગ્સ કિંમત રૂ. ૩૧,૫૦૦ મળી આવ્યું હતું.

પોલીસે માદક પદાર્થ ઉપરાંત મહિન્દ્રા એસયુવી કાર અંદાજિત કિંમત રૂ. ૭,૦૦,૦૦૦ બે મોબાઈલ ફોન કિંમત રૂ. ૧૪,૦૦૦.રોકડ રકમ: રૂ. ૧,૦૦૦ સહિત રૂ. ૭,૪૬,૫૦૦નો મુદામાલ અંકે કરીને માંડવી પોલીસે બંને આરોપીઓ વિરુદ્ધ એનડીપીએસ એક્ટ હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

આ ડ્રગ્સ ક્યાંથી લાવવામાં આવ્યું હતું અને કચ્છમાં કોને સપ્લાય કરવાનું હતું તે દિશામાં પોલીસે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે. ■

# ભાવનગરમાં કૉંગ્રેસે મનપા કચેરીનું ગંગાજળ અને ગૌમૂત્રથી 'શુદ્ધિકરણ' કર્યું: ભ્રષ્ટાચારના ગંભીર આક્ષેપ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: મહાનગરપાલિકાના શાસકોની મુદત પૂર્ણ થવાના છેલ્લા દિવસે શહેર કૉંગ્રેસ દ્વારા અનોખો અને ચર્ચાસ્પદ વિરોધ કાર્યક્રમ યોજાયો હતો. શહેર કૉંગ્રેસ પ્રમુખ લાલભા ગોહિલના નેતૃત્વમાં કૉંગ્રેસના આગેવાનો અને કાર્યકરોએ ભૂદેવોની ઉપસ્થિતિમાં ગંગાજળ અને ગૌમૂત્ર છાંટીને મહાનગરપાલિકાનું પ્રતીકાત્મક શુદ્ધિકરણ કર્યું હતું.

આ પ્રસંગે ભાવનગર શહેર કૉંગ્રેસ પ્રમુખ લાલભા ગોહિલ અને વિરોધ પક્ષના નેતા જીતુભાઈ સોલંકીએ ભાજપના શાસન પર આકરા આક્ષેપ કરતા જણાવ્યું હતું કે છેલ્લા કેટલાંક વર્ષોમાં મહાનગરપાલિકામાં થયેલા અનેક કાર્યોમાં ભ્રષ્ટાચારની ગંધ આવી રહી છે. રોડના કોન્ટ્રાક્ટથી લઈને લીઝ પટ્ટા સહિતના અનેક કામોમાં ગેરરીતિઓ થઈ હોવાનો તેમણે આક્ષેપ કર્યો હતો.



(તસવીર-વિપુલ હિરાણી, ભાવનગર)

કૉંગ્રેસના જણાવ્યા મુજબ, વર્તમાન કોર્પોરેટરોનો કાર્યકાળ પૂર્ણ થવાના દિવસે આ કાર્યક્રમ પ્રતીકાત્મક રીતે કરવામાં આવ્યો હતો. કૉંગ્રેસ આગેવાનોના મત મુજબ શહેરના વિકાસના નામે મોટા દાવા કરવામાં આવ્યા, પરંતુ વાસ્તવમાં શહેરના સામાન્ય નાગરિકોના પ્રશ્નો અને સુખાકારીને પ્રાથમિકતા આપવામાં આવી નથી.

કાર્યક્રમ દરમિયાન કૉંગ્રેસના કાર્યકરોએ જણાવ્યું હતું કે મહાનગરપાલિકા ભ્રષ્ટાચારના કથિત દાગથી દૂષિત બની ગઈ છે અને તેને પવિત્ર બનાવવા માટે ગંગાજળ અને ગૌમૂત્રથી શુદ્ધિકરણ કરવાનો આ પ્રતીકાત્મક પ્રયાસ કરવામાં આવ્યો છે. ■

## કચ્છમાં બે અલગ-અલગ દુર્ઘટના

# અંજારમાં હિટ એન્ડ રનમાં યુવાનનું મોત, નિરોણામાં વૃદ્ધની આત્મહત્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છ જિલ્લામાં માર્ગ અકસ્માત અને આપઘાતની બે કરુણ ઘટનાઓ સામે આવી છે. અંજારના ભીમાસર-ગોપાલનગર માર્ગ પર અજાણી કારની ટક્કરે એક ૨૦ વર્ષીય આશાસ્પદ યુવાનનું મોત નીપજ્યું હતું, જ્યારે નખત્રાણાના નિરોણા ગામે એક વૃદ્ધે અગમ્ય કારણોથી ઝેરી દવા પીને જીવન ટૂંકાવ્યું હતું.

પ્રાપ્ત વિગતો મુજબ, અંજારના લાખાપર કોલીવાસમાં રહેતા સુનીલ ધનજી કોળી (ઉ.વ. ૨૦) નામનો યુવાન ગત ૪ માર્ચના રોજ પોતાની મોટરસાઇકલ લઈને ભીમાસરથી ટપ્પર તરફ જઈ રહ્યો હતો. આ દરમિયાન ચકાસર તળાવડી પાસે એક પૂરપાટ ઝડપે આવતી અજાણી સ્વિફ્ટ ડિઝાયર કારના ચાલકે મોટરસાઈકલને ટક્કર મારી દેતાં સુનીલને ગંભીર ઈજાઓ પહોંચી હતી.

ઘાયલને તાત્કાલિક આદિપુરની હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો, પરંતુ ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કર્યો હતો. આ મામલે મૃતકના પિતા ધનજી જુમા કોળીએ અજાણ્યા કારચાલક વિરુદ્ધ અંજાર પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. બીજી તરફ, નખત્રાણા તાલુકાના નિરોણા ગામે રહેતા ખેતાભાઈ જેઠાભાઈ આહીર (ઉ.વ. ૬૨) નામના વૃદ્ધે ગઈકાલે પોતાની વાડીએ કોઈ અગમ્ય કારણોસર ઝેરી દવા ગટગટાવી લીધી હતી. ઘટનાની જાણ થતાં તેમના ભાણેજ રમેશ આહીર તેમને તુરંત ભુજની જી.કે. જનરલ હોસ્પિટલ ખાતે સારવાર માટે લઈ આવ્યા હતા. જોકે, ટૂંકી સારવાર બાદ બપોરે તેમનું મોત નીપજ્યું હતું. હોસ્પિટલ પોલીસ ચોકી દ્વારા આ અંગે નિરોણા પોલીસને જાણ કરવામાં આવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે. ■

# રાજકોટમાં સ્પેશ્યલ બોર્ડ ૧૮ મિનિટમાં પૂર્ણ, ધડાધડ ૧૪ દરખાસ્તો મંજૂર, વિપક્ષનો હોબાળો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજકોટ મહાનગરપાલિકાની ૨૦૨૧-૨૦૨૬ની વર્તમાન ટર્મ પૂર્ણ થવાના એક દિવસ પહેલા મંગળવારે મેયર નયનાબેન પેઢડિયાના અધ્યક્ષ સ્થાને સ્પેશ્યલ બોર્ડ મીટિંગ મળી હતી. જે ફક્ત ૧૮ મિનિટમાં પૂર્ણ થઇ હતી. અધ્યક્ષ સ્થાનેથી બે અર્જન્ટ બિઝનેસ દરખાસ્ત તેમજ એજન્ડામાં રહેલી ૧૨ સહિત કુલ ૧૪ દરખાસ્તો સર્વાનુમતે મંજૂર કરાઇ હતી. ખાસ કરીને અમીનમાર્ગ ૧૫૦ ફૂટ રિંગ રોડ કોર્નરના પ્લોટની પ્રતિ ચો.મી.દીઠ રૂ.૨.૨૭ લાખમાં અને કુલ રૂ.૧૦૬ કરોડમાં થયેલો વેચાણ સોદો સર્વાનુમતે મંજૂર કરાયો હતો. બોર્ડ મિટિંગમાં ઇ-ઓકશન કાર્યવાહીને બહાલી અપાતા હવે ખરીદ કરનાર બિલ્ડર પ્રાઈડ કન્સ્ટ્રક્શનને વેંચાણ દસ્તાવેજ કરી આપવા કાર્યવાહી થશે.

જો કે રાજકોટ મનપાનું અંતિમ અને ખાસ જનરલ બોર્ડ ધારણા મુજબ જ અત્યંત તોફાની રહ્યું હતું. ૧૧ માર્ચના રોજ વર્તમાન પદાધિકારીઓની મુદત પૂરી થઈ રહી હોવાથી ઉતાવળે બોલાવવામાં આવેલા આ ખાસ બોર્ડમાં વિરોધપક્ષે ભ્રષ્ટાચાર, પક્ષપાત અને નિયમ વિરુદ્ધ કામગીરીના ગંભીર આક્ષેપો સાથે જોરદાર વિરોધ નોંધાવ્યો હતો. ખાસ કરીને બહુમાળી ઈમારતોમાં ફલાવર બેડના નામે થયેલા ગેરકાયદે બાંધકામોને રેગ્યુલરાઈઝ કરવા માટેના દંડની કરોડો રૂપિયાની રકમમાં હપ્તા કરી આપવાની દરખાસ્ત અને સત્તાધારી પક્ષના પદાધિકારીઓ દ્વારા કરવામાં આવેલા કથિત ગેરકાયદે બાંધકામોના મુદ્દે રાજકારણ ચરમસીમાએ પહોંચ્યું હતું. વિરોધ પક્ષના નેતા વશરામ સાગઠીયાએ 'મેયર બાદ સ્ટેન્ડિંગ ચેરમેનનું ગેરકાયદે બાંધકામ' લખેલા બેનરો દર્શાવી આક્રમક દેખાવો કર્યા હતા.



(તસવીર-પ્રવીણ સેદાણી, રાજકોટ)

વિપક્ષી નેતા વશરામ સાગઠીયાએ આક્ષેપ કર્યો હતો કે શાસકો બિલ્ડરોના હિતમાં નિયમો તોડી રહ્યા છે. બીજી તરફ, મેયર અને સ્ટેન્ડિંગ ચેરમેને આ તમામ નિર્ણયોને શહેરના વિકાસ અને લોકહિતના ગણાવ્યા હતા. ■

# કચ્છમાં કિશોરીઓને ગર્ભાશયના કેન્સર સામે સુરક્ષા કવચ: ૨૨,૫૫૮ લાભાર્થીઓને રસી આપવાનું લક્ષ્ય

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છમાં મહિલા સ્વાસ્થ્યને પ્રાધાન્ય આપવાના ઉમદા હેતુ સાથે સરકાર દ્વારા સર્વાઈકલ કેન્સર (ગર્ભાશયના મુખનું કેન્સર) વિરોધી એચપીવી રસીકરણ અભિયાનનો વેગવંતો પ્રારંભ કરવામાં આવ્યો છે. આગામી ૩૧ મે સુધી ચાલનારા આ વિશેષ અભિયાન અંતર્ગત જિલ્લાની અંદાજે ૨૨,૫૫૮ કિશોરીઓને જીવલેણ બીમારી સામે રક્ષણ આપતી રસીથી સુરક્ષિત કરવામાં આવશે.

જિલ્લા આરોગ્ય વિભાગના સત્તાવાર આંકડાઓ અનુસાર, ૨૮ ફેબ્રુઆરીથી શરૂ થયેલા આ અભિયાનમાં અત્યાર સુધીમાં ૪૯૪ દીકરીઓને રસીનો પ્રથમ ડોઝ આપી દેવામાં આવ્યો છે. આ રસીકરણની પ્રક્રિયા સંપૂર્ણપણે ડિજિટલ છે, જેમાં રસી આપ્યા બાદ 'ટેકો' સોફ્ટવેરમાં તેની એન્ટ્રી કરવામાં આવે છે અને ૧૪ વર્ષ પૂર્ણ કરી ચૂકેલી અને ૧૫માં વર્ષમાં પ્રવેશતી કિશોરીઓને ત્વરિત ઓનલાઈન સર્ટિફિકેટ પણ એનાયત કરવામાં આવે છે.

જિલ્લાના તમામ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, અર્બન હેલ્થ સેન્ટરો અને જિલ્લા હોસ્પિટલ ખાતે આ રસીકરણની નિઃશુલ્ક સુવિધા ઉપલબ્ધ છે.રસીની ગુણવત્તા અને અસરકારકતા જાળવી રાખવા માટે સમગ્ર જિલ્લામાં ૯૬ કોલ્ડ ચેઈન પોઈન્ટ્સ કાર્યરત કરવામાં આવ્યા છે.

દરમ્યાન, અંજારના જાણીતા સ્ત્રીરોગ નિષ્ણાત ડો. અભિધા ઋત્વિજ અંજારિયાએ આ રસીના મહત્ત્વ પર પ્રકાશ પાડતા જણાવ્યું હતું કે, ભારતમાં મહિલાઓમાં જોવા મળતા કેન્સરમાં સર્વાઈકલ કેન્સર બીજા ક્રમે છે. એચપીવી રસી આ જીવલેણ બીમારી સામે ૯૦ ટકાથી વધુ સુરક્ષા પ્રદાન કરે છે.

વધુમાં તેમણે ઉમેર્યું હતું કે, આ રસી તબીબી રીતે સંપૂર્ણ સુરક્ષિત છે. અન્ય સામાન્ય રસીઓની જેમ જ તે સ્નાયુમાં આપવામાં આવે છે. રસી લીધા બાદ ભાગ્યે જ કોઈ કિસ્સામાં સામાન્ય તાવ કે રસીના સ્થાને સોજો આવી શકે છે, જે ટૂંક સમયમાં આપોઆપ મટી જાય છે, તેથી વાલીઓએ જરાય ગભરાવાની જરૂર નથી. આરોગ્ય વિભાગ દ્વારા આ રસીકરણનો વ્યાપ વધારવા માટે શાળાઓ અને આશાવર્કર બહેનો દ્વારા પાયાના સ્તરે જાગૃતિ કાર્યક્રમો ચલાવવામાં આવી રહ્યા છે. જિલ્લા આરોગ્ય તંત્રએ કચ્છના તમામ જાગૃત વાલીઓને અપીલ કરી છે કે, આગામી ૩૧ મે સુધીમાં પોતાની દીકરીઓને નજીકના આરોગ્ય કેન્દ્ર પર લઈ જઈ, શંકા કે ડર વિના રસી અપાવે અને કેન્સર મુક્ત ભારતના ઉજ્જવળ ભવિષ્યના નિર્માણમાં સહભાગી બને. ■

# કચ્છના ગાંધીધામમાં ભાજપ નેતાની આત્મહત્યા કેસમાં ૧૮માંથી એક આરોપીની ધરપકડ, ૧૭ ફરાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: ગુજરાતના કચ્છના ગાંધીધામમાં ૫ માર્ચના રોજ ભાજપના યુવા મંત્રી દિપેશ ત્રિપાઠીએ વ્યાજખોરોના ત્રાસથી કરેલી આત્મહત્યાના કેસમાં આદિપુર પોલીસે તપાસ તેજ કરી છે. જેમાં ૧૮ આરોપીઓ સામે નોંધાયેલી ફરિયાદના આધારે પોલીસે મૃતકને લોન અપાવી કમિશન માટે ઉત્પીડન કરનારા મુખ્ય સૂત્રધારો પૈકીના એક પ્રકાશ મોદીની ધરપકડ કરી લીધી હતી.

આ સમગ્ર કેસની વિગત મુજબ ૫ મી માર્ચના રોજ ગાંધીધામ ભાજપના અગ્રણી યુવા નેતા દિપેશ ભટ્ટ (ત્રિપાઠી) રહસ્યમય સંજોગોમાં ગળાફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું હતું. આ ઘટનાએ સમગ્ર રાજ્યના રાજકીય આલમમાં ભારે ચકચાર જગાવી હતી. મૃત્યુ પૂર્વે દિપેશે એક સ્યુસાઇડ નોટ અને વીડિયો બનાવી પોતાની વ્યથા ઠાલવી હતી. જેમાં ૧૪ વ્યાજખોરો સહિત કુલ ૧૮ લોકોના નામનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો.

જેની બાદ મૃતકની પત્ની દીપાબેન ત્રિપાઠીએ આદિપુર પોલીસ મથકે નોંધાવેલી ફરિયાદ મુજબ આરોપીઓએ દિપેશને વ્યાજના વિષચક્રમાં ફસાવી માનસિક રીતે તોડી નાખ્યો હતો. આ ફરિયાદ અને ટેકનિકલ પુરાવાઓને આધારે પોલીસે તપાસ શરૂ કરી હતી.

આ અંગે ડીવાયએસપી મુકેશ ચૌધરીએ વિગતો આપતા જણાવ્યું હતું કે, મૃતકને લોન અપાવી તેમાંથી અડધી રકમ પોતે રાખી લઈ આર્થિક સંકડામણ ઊભી કરનાર અને કમિશનની માંગણી કરી સતત ત્રાસ આપનાર પ્રકાશ મોદીની અટકાયત કરવામાં આવી છે. આ કેસમાં હજુ ૧૭ આરોપીઓ ફરાર છે. આ તમામ આરોપીઓને ઝડપી પાડવા માટે પોલીસે ચક્રો ગતિમાન કર્યા છે અને ટૂંક સમયમાં જ વ્યાજખોરીના આ રેકેટમાં સંડોવાયેલા અન્ય આરોપીઓ પણ કારાગૃહમાં હશે તેવી મુકેશ ચૌધરીએ ખાતરી આપી હતી. ■

# ભુજ તાલુકાના મેઘપર ગામમાં હિંસક પશુએ એકસાથે ૫૫ પશુઓનું મારણ કરતા હાહાકાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છના ભુજ તાલુકાના નારાણપર નજીક આવેલા મેઘપર ગામના મુક્તનગર જીવન રબારી વાસ વિસ્તારમાં શનિવારની રાત્રિ માલધારીઓ માટે કાળમુખી સાબિત થઈ હતી. નજીકની ચાડવા રખાલમાંથી ઘૂસી આવેલા કોઈ હિંસક જંગલી પશુએ માલધારીના વાડા પર હુમલો કરી ૫૧ ઘેટાં અને ૪ બકરીઓ સહિત કુલ ૫૫ મૂંગા પશુઓને મોતને ઘાટ ઉતારી દેતા સમગ્ર પંથકમાં ભારે હાહાકાર મચી ગયો હતો.



મેઘપરના મુક્તનગર વિસ્તારમાં મોટાભાગે માલધારી પરિવારો વસવાટ કરે છે, જેઓ પશુપાલન દ્વારા જ પોતાનું ગુજરાન ચલાવે છે. શનિવારે રાત્રે સ્થાનિક માલધારી રાજાભાઇ સોમાભાઇ રબારીએ પોતાના ૧૨૫ જેટલા ઘેટાં-બકરાંને સુરક્ષિત રીતે વાડામાં પૂર્યા હતા અને રક્ષણ માટે પુત્ર વાડા બહાર સૂતો હતો. જોકે, મોડી રાત્રે નજીકની ચાડવા રખાલમાંથી ધસી આવેલા હિંસક જાનવરે વાડામાં ઘૂસી લોહીની હોળી રમી હતી. હિંસક જાનવરે પશુઓના ગળાના ભાગે હુમલો કરી ૫૧ સગર્ભા માદા ઘેટાં અને ૪ સગર્ભા બકરીઓને ફાડી ખાધા હતા. રવિવારે વહેલી સવારે જ્યારે રાજાભાઇએ વાડાનો ઝાંપો ખોલ્યો ત્યારે લોહીલુહાણ હાલતમાં તેમના પશુઓના મૃતદેહના ઢગલા જોવા મળ્યા હતા.

આ ઘટનાની જાણ થતા જ મેઘપરના સરપંચ નાગશી મહેશ્વરીએ તાત્કાલિક તંત્રને જાણ કરી હતી. વન વિભાગના રેખાબેન રબારી અને ટુકડી બનાવ સ્થળે પહોંચ્યા હતા જ્યાં કેરા પશુ સારવાર કેન્દ્રના ડો. આરતીબેન કાપડીએ મૃત પશુઓનું પંચનામું અને ઘાયલ પશુઓની સારવાર કરી હતી. કેરા આઉટ પોસ્ટના જમાદાર જેન્તી મહેશ્વરી અને બાબુ પરમારના જણાવ્યા પ્રમાણે, મૃત પશુઓના શરીર પરના નખના નિશાન તેમજ ગળા પરના ઘા જોતા, આ હુમલો જરખ (ચરાખ) દ્વારા કરવામાં આવ્યો હોવાનું પ્રાથમિક અનુમાન છે.

ચાડવા રખાલ દીપડા અને જરખ જેવા જાનવરોનું નિવાસસ્થાન ગણાય છે. જોકે, અગાઉ પાવરપટ્ટી વિસ્તારમાં કૂતરાઓનાં ટોળાં દ્વારા પણ આવા હુમલા થયા હોવાના દાખલા છે, પરંતુ અહીં હિંસક જાનવરની સંભાવના વધુ જોવામાં આવી રહી હોવાનું તેઓએ ઉમેર્યું હતું.

માલધારી પરિવાર ગરીબ છે અને પશુઓ જ તેમની મિલકત છે. એકસાથે ૫૫ પશુઓના મોતથી તેમને મોટી આર્થિક નુકશાની થઈ છે. વન વિભાગ અને સરકાર વહેલી તકે વળતર ચુકવે તેવી માગ મેઘપર ગામના સરપંચ નાગશી મહેશ્વરીએ કરી હતી. આ ઘટના બાદ સીમ વિસ્તારમાં રહેતા માલધારીઓમાં ભયનો માહોલ ફેલાયો છે અને વન વિભાગ આ હિંસક જાનવરને પાંજરે પૂરે તેવી પ્રબળ માગ ઊઠી છે. ■

# અલંગ શિપ રિસાઈક્લિંગ યાર્ડ ખાતે ગુજરાત મેરિટાઇમ બોર્ડ દ્વારા નેશનલ સેફ્ટી વીક ૨૦૨૬ નિમિત્તે ઓફ-સાઇટ મોકડ્રિલ યોજાઇ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: નેશનલ સેફ્ટી વીક ૨૦૨૬ ના અવસર પર અલંગ શિપ રિસાઇક્લિંગ યાર્ડના પ્લોટ નં. ૨૫ ખાતે ગુજરાત મેરિટાઇમ બોર્ડ દ્વારા આકસ્મિક પરિસ્થિતિઓમાં પ્રતિસાદ ક્ષમતા વધારવા માટે વિશેષ ઓફ-સાઇટ મોક ડ્રિલનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ ડ્રિલમાં જહાજના ડબલ બોટમ વિસ્તારમાં ગેસ કટિંગ દરમિયાન વિસ્ફોટ અને આગ લાગવાની કલ્પિત પરિસ્થિતિ ઊભી કરીને રેસ્ક્યૂ, ફાયર ફાઈટિંગ અને ઇમરજન્સી મેનેજમેન્ટ સંબંધિત કામગીરીઓનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું.

ડ્રિલ દરમિયાન ઇજાગ્રસ્તોને સુરક્ષિત રીતે બહાર કાઢવાની પ્રક્રિયા, કોન્ફાઇન્ડ સ્પેસ રેસ્ક્યૂ, આગ બુઝાવવાની કામગીરી તેમજ તાત્કાલિક તબીબી સારવાર જેવી મહત્વપૂર્ણ કામગીરીઓનો અભ્યાસ કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ કર્મચારીઓમાં સલામતી પ્રત્યે જાગૃતિ વધારવી તથા આકસ્મિક પરિસ્થિતિમાં ઝડપી અને અસરકારક પ્રતિસાદ આપવા માટેની તૈયારી મજબૂત બનાવવી હતો.



(તસવીર-વિપુલ હિરાણી, ભાવનગર)

આ મોકડ્રિલ દરમિયાન પોર્ટ ઓફિસર, અલંગની હાજરીમાં તળાજા પ્રાંત અધિકારી તથા ડિસ્ટ્રિક પ્રોજેક્ટ ઓફિસર (ડીપીઓ) સહિત સંબંધિત અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. ■